પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક®

સાંધ્ય દૈનિક

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

શહેર આવૃત્તિ પાના: ૧૪
તા. ૧૩-૧૨-૨૦૨૫, શનિવાર
વર્ષ: ૧૪, અંક : ૨૩૬

Price Rs.:4 ABATAK-RAJKOT 0281- 2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia


**સુવિચાર**

જ્યારે ક્યાંય પણ કશું સમજમાં ન આવે ત્યારે શાંતીથી બેસીને પોતાને સમજી લેવું.

**સુરતમાં બન્યું રાજયનું પ્રથમ એલિવેટેડ માર્કેટીંગ યાર્ડ**

(વાંચો છેલ્લા પાને)

# ટ્રમ્પના ૧ લાખ ડોલર વિઝા ફીના ગાંડપણ સામે અમેરિકાના ૨૦ રાજ્યોએ વિરોધ નોંધાવ્યો

## શૈક્ષણિક અને આરોગ્ય સંસ્થાઓ મોટાભાગે એચ૧બી વિઝા મારફત જ કર્મચારીઓ મેળવતા હોય છે, તેવામાં આ નવા નિયમથી શિક્ષણ અને આરોગ્ય સેવાઓ ખોરવાઈ જવાનો ભય

**અબતક, નવી દિલ્હી**

એચ૧બી વિઝા માટે અધધધ રૂ.૧ લાખ ડોલરની ફી ઝીકવાના ટ્રમ્પના ગાંડપણ સામે અમેરિકાના ૨૦ રાજ્યોએ મોરચો માંડ્યો છે. જેમાં કેલિફોર્નિયા આગેવાની કરી રહ્યું છે, તેઓએ ટ્રમ્પ સરકાર સામે કોર્ટમાં મુકદ્દમો કર્યો છે. આ રાજ્યો કહે છે કે આ નિયમ કાયદાની વિરુદ્ધ છે અને તે આરોગ્ય, શિક્ષણ જેવી મહત્વની સેવાઓને નુકસાન પહોંચાડશે. કેલિફોર્નિયાના



અટોર્ની જનરલ રોબ બોન્ટાએ આ કેસની જાહેરાત કરી. તેમણે કહ્યું કે આ ફી એચ-૧બી વિઝાના મૂળ

(અનુ. આઠમા પાને)

### શાળાઓ અને હોસ્પિટલો એક કર્મચારી મેળવવા આટલો મોટો ખર્ચ કરી શકે તેમ નથી

આ રાજ્યો કહે છે કે આ ફી સરકારી અને બિનનફાયદાની સંસ્થાઓને વધુ નુકસાન કરશે. ખાસ કરીને શાળાઓ, કોલેજ અને હોસ્પિટલોને ફટકો પડશે. આ સંસ્થાઓ એક કર્મચારી પર ૧ લાખ ડોલરનું વધારાનું બોજ નથી ઉપાડી શકતી. તેથી તેઓ સેવાઓ ઘટાડશે અથવા અન્ય કાર્યક્રમોમાંથી પૈસા કાઢશે. ઉદાહરણ તરીકે, ૨૦૨૪-૨૫ વર્ષમાં અમેરિકાની ૭૫ ટકા શાળાઓને શિક્ષકો મેળવવામાં મુશ્કેલી આવી, ખાસ કરીને વિશેષ શિક્ષણ, વિજ્ઞાન

(અનુ. આઠમા પાને)

### ભારત પરના ટેરિફ સામે ત્રણ અમેરિકન સાંસદોએ નોંધાવ્યો વિરોધ

અમેરિકાના સંસદમાં ત્રણ સાંસદોએ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા જાહેર કરાયેલ રાષ્ટ્રીય કટોકટીનો અંત લાવવા માટે એક ઠરાવ રજૂ કર્યો છે, જેમાં ભારતમાંથી આયાત થતી ચીજવસ્તુઓ પર ૫૦% સુધીના ટેરિફ લાદવામાં આવ્યા હતા. સાંસદોએ આ ટેરિફને ગેરકાયદેસર ગણાવ્યા હતા અને ચેતવણી આપી હતી કે તેનાથી અમેરિકન કામદારો, ગ્રાહકો અને ભારત-અમેરિકન સંબંધોને નુકસાન થશે. આ ઠરાવ યુએસ સાંસદો ડેબોરાહ રોસ, માર્ક વેસી અને રાજા કૃષ્ણમૂર્તિ દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો. અગાઉ, બ્રાઝિલ પર લાદવામાં આવેલા સમાન કટોકટી-આધારિત ટેરિફને રદ કરવા અને કટોકટીની શક્તિઓનો ઉપયોગ કરીને ટેરિફ લાદવાની રાષ્ટ્રપતિની શક્તિને મર્યાદિત કરવાની માંગ કરવામાં આવી હતી. ત્રણ સાંસદો દ્વારા રજૂ કરાયેલા ઠરાવમાં ૨૭ ઓગસ્ટ, ૨૦૨૫ ના રોજ ભારત પર લાદવામાં આવેલા વધારાના ૨૫% ટેરિફને રદ કરવાની માંગ કરવામાં આવી હતી. ઉત્તર કેરોલિનાના કોંગ્રેસવુમન ડેબોરાહ રોસ કહે છે કે ઉત્તર કેરોલિનાની અર્થવ્યવસ્થા વેપાર, રોકાણ અને જીવંત ભારતીય-અમેરિકન સમુદાય દ્વારા ભારત સાથે ઊંડે સુધી જોડાયેલી છે. તેણી કહે છે કે ભારતીય કંપનીઓએ રાજ્યમાં ૧ બિલિયન ડોલરથી વધુનું રોકાણ કર્યું છે, જેનાથી હજારો નોકરીઓનું સર્જન થયું છે, અને ઉત્તર કેરોલિના દર વર્ષે અબજો ડોલરના માલસામાન ભારતમાં નિકાસ પણ કરે છે.

**સ્ટાર્ટઅપ રંગ લાવ્યા**

# ૨ લાખ સ્ટાર્ટઅપે ૨૧ લાખ રોજગારી ઉભી કરી: પિયુષ ગોયલ

## આ વર્ષે અધધધ ૪૪,૦૦૦થી વધુ સ્ટાર્ટ અપ કંપનીઓને સરકારે માન્યતા આપી: સ્ટાર્ટઅપમાં મહિલાઓની ભાગીદારી પણ નોંધનીય

**અબતક, નવી દિલ્હી**

દેશમાં હવે ૨ લાખથી વધુ સરકારી માન્યતા પ્રાપ્ત સ્ટાર્ટઅપ્સ છે. આ વર્ષે એકલી ૪૪,૦૦૦થી વધુ કંપનીઓને માન્યતા મળી છે, જે સ્ટાર્ટઅપ ઈન્ડિયા યોજનાની શરૂઆતથી અત્યાર સુધીનો સૌથી મોટો આંકડો છે. આ સફળતા માત્ર આંકડાઓ સુધી મર્યાદિત નથી, પરંતુ તેમાં મહિલાઓની મજબૂત ભાગીદારી અને લાખો રોજગારીની ઉત્પાદનાત્મકતા પણ સામેલ છે. તેમ વ્યવસાય અને ઉદ્યોગ મંત્રી પિયુષ ગોયલે એક્સ પર જાહેરાત કરી હતી.

સ્ટાર્ટઅપ ઈન્ડિયા યોજના ૨૦૧૬માં શરૂ થઈ હતી, જેના હેઠળ માન્યતા પ્રાપ્ત કંપનીઓને આવકવેરા (ઈન્કમ ટેક્સ) જેવા લાભો મળે છે. આ યોજના નાના વ્યવસાયો અને નવીન વિચારોને પ્રોત્સાહન આપવા માટે બનાવવામાં આવી હતી, જેથી યુવા પેઢીને રોજગારી માટે નવી તકો મળે. મંત્રી પિયુષ ગોયલે કહ્યું, "આ સફળતાને વધુ મીઠી બનાવે છે તે એ છે કે અ ા સ્ટાર્ટઅપ્સમાંથી લગભગ ૪૮ ટકા કંપનીઓમાં ઓછામાં ઓછી એક મહિલા ડિરેક્ટર અથવા પાર્ટનર છે." આ આંકડો દર્શાવે છે કે



ભારતીય મહિલાઓ વ્યવસાયના ક્ષેત્રમાં કેટલી સક્રિય બની રહી છે અને તેમની ભાગીદારીથી સ્ટાર્ટઅપ્સ વધુ મજબૂત બની રહ્યા છે.

આ સ્ટાર્ટઅપ્સે ભારતની અર્થતંત્રને મજબૂત બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. મંત્રીએ જણાવ્યું કે, આ કંપનીઓએ ૨૧ લાખથી વધુ સીધા રોજગારોનું સર્જન કર્યું છે. આનો અર્થ એ છે કે હજારો યુવાનોને નવી તકો મળી છે અને તેઓ પોતાના વિચારોને વાસ્તવિકતામાં બદલી શક્યા છે. ઉદાહરણ તરીકે, ટેક્નોલોજી, આરોગ્ય, ખેતી અને શિક્ષણ જેવા ક્ષેત્રોમાં આ સ્ટાર્ટઅપ્સ નવીન ઉત્પાદનો અને સેવાઓ લાવી રહ્યા છે, જે દેશના વિકાસને વેગ આપે છે.

આ સિદ્ધિ મેળવવામાં સરકારી યોજનાઓનું મહત્વપૂર્ણ યોગદાન છે. ફંડ ઓફ ફંડ્સ ફોર સ્ટાર્ટઅપ્સ સ્કીમ હેઠળ ઓલ્ટરનેટિવ ઈન્વેસ્ટમેન્ટ ફંડ્સ

(અનુ. આઠમા પાને)

### ૪૮ ટકા સ્ટાર્ટઅપમાં મહિલા પાર્ટનર અથવા ડિરેકટર

હવે મહિલાઓને પણ યોગ્ય પ્લેટફોર્મ મળી રહ્યા છે. પિયુષ ગોયલના જણાવ્યા પ્રમાણે દેશમાં સ્ટાર્ટઅપ્સમાં લગભગ ૪૮ ટકા કંપનીઓમાં ઓછામાં ઓછી એક મહિલા ડિરેક્ટર અથવા પાર્ટનર છે. આ આંકડો દર્શાવે છે કે ભારતીય મહિલાઓ વ્યવસાયના ક્ષેત્રમાં કેટલી સક્રિય બની રહી છે અને તેમની ભાગીદારીથી સ્ટાર્ટઅપ્સ વધુ મજબૂત બની રહ્યા છે.

# "પરમાણુ ઉર્જા" ક્ષેત્રે ખાનગી કંપનીઓ માટે "દ્વાર" ખોલતી મોદી સરકાર

## ૨૦૪૭ સુધીમાં ૧૦૦ ગીગાવોટ પરમાણુ ઉર્જા ક્ષમતા પ્રાપ્ત કરવાનું ભારતનું લક્ષ્યાંક: 'મનરેગા'નું નામ પૂજ્ય બાપુ ગ્રામીણ રોજગાર ગેરેન્ટી કરાયું: વસતી ગણતરી માટે પણ માતબર ભંડોળની ફાળવણી

**અબતક, રાજકોટ**

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વડપણ હેઠળ ગઈકાલે મળેલી કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં કેટલાક મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા હતા. વિશ્વમાં સૌપ્રથમવાર ભારતે પરમાણુ ઉર્જા ક્ષેત્ર માટે ખાનગી કંપનીઓ અને સંસ્થાઓ માટે દ્વાર ખોલ્યા છે. ૨૦૪૭ સુધીમાં ભારતે ૧૦૦ ગીગાવોટ પરમાણુ ઉર્જા ક્ષમતા પ્રાપ્ત કરવાનો લક્ષ્યાંક રાખ્યો છે.



આ પ્રતિબંધિત પરમાણુ ઊર્જા ક્ષેત્રને ખાનગી કંપનીઓ માટે ખોલવાનો પ્રયાસ કરે છે અને ૨૦૪૭ સુધીમાં ૧૦૦ ગીગાવોટ પરમાણુ ઊર્જા ક્ષમતા પ્રાપ્ત કરવાના દેશના લક્ષ્ય માટે પણ મહત્વપૂર્ણ છે.

ટ્રાન્સફોર્મિંગ ઈન્ડિયા માટે પરમાણુ ઊર્જાનો ટકાઉ ઉપયોગ અને પ્રગતિ (શાંતિ) બિલ પ્લાન્ટ ઓપરેટરો અને સાધનો સપ્લાયર્સની જવાબદારીને મર્યાદિત કરવા માટે નાગરિક જવાબદારી કાયદામાં સુધારો કરવાનો પ્રસ્તાવ કર્યો છે.

આ બિલમાં ૪૯% સુધી વિદેશી સીધા રોકાણને મંજૂરી આપવા અને વિશિષ્ટ પરમાણુ ટ્રિબ્યુનલ સહિત પરમાણુ ઊર્જા માટે એકીકૃત કાનૂની માળખું બનાવવાનો પ્રસ્તાવ છે. ખાનગી ક્ષેત્રનો પ્રવેશ સરકારની દેખરેખ હેઠળ સ્પષ્ટ નિયમો દ્વારા સંચાલિત થશે. જ્યારે પરમાણુ ઊર્જા વિભાગ પરમાણુ સામગ્રી ઉત્પાદન, ભારે પાણી અને કચરા વ્યવસ્થાપન જેવા મુખ્ય કાર્યો પર નિયંત્રણ જાળવી રાખશે.

શાંતિ બિલનો ઉદ્દેશ્ય પરમાણુ ઊર્જા શૃંખલામાં લાંબા સમયથી ચાલી આવતી ચિંતાઓને દૂર કરવાનો છે. તેમણે વધતી જતી સ્થાનિક ઉર્જા માંગ, ડેટા સેન્ટરોની વૃદ્ધિ અને ભારતનો ૨૦૭૦ સુધીનો ચોખ્ખો શૂન્ય લક્ષ્યાંક પરમાણુ ઉર્જામાં નવી વૈશ્વિક રૂચિને આગળ ધપાવતા પરિબળો તરીકે દર્શાવ્યો છે.

કેન્દ્ર સરકારે મનરેગાને પૂજ્ય બાપુ ગ્રામીણ રોજગાર ગેરંટી બિલથી બદલવા માટેના બિલને મંજૂરી આપી છે, જેમાં ઘર દીઠ ૧૨૫ કાર્યદિવસનું વચન આપવામાં આવ્યું છે.

કેન્દ્રીય મંત્રીમંડળે રોજગાર ગેરંટી યોજના હેઠળ કામ માટે ઉપલબ્ધ દિવસોની સંખ્યા વધારીને, ખાનગી ક્ષેત્ર માટે નાગરિક પરમાણુ ઊર્જા જગ્યા ખોલીને અને વીમામાં ૧૦૦% સુધી વિદેશી રોકાણને મંજૂરી આપીને બજારો અને નાણાકીય ક્ષેત્રને મજબૂત બનાવીને સામાજિક સલામતીમાં સુધારો કરવાના હેતુથી અનેક કાયદાઓને મંજૂરી આપી હતી.

સરકાર મનરેગાને બદલવા માટે પૂજ્ય બાપુ ગ્રામીણ રોજગાર ગેરંટી બિલ રજૂ કરવાનો ઈરાદો ધરાવે છે, જે ગ્રામીણ ગરીબોને હાલમાં ૧૦૦ દિવસની સામે ૧૨૫ દિવસ માટે ખાતરીપૂર્વક રોજગાર પૂરો પાડશે.

શિયાળુ સત્ર પૂર્ણ થવામાં ફક્ત એક અઠવાડિયા બાકી છે, ત્યારે સરકાર ટ્રાન્સફોર્મિંગ ઈન્ડિયા બિલને આગળ ધપાવશે - જે ખાનગી ક્ષેત્રની ભાગીદારીને મંજૂરી આપશે, જેમાં સંભવતઃ વિદેશી રોકાણકારોનો પણ સમાવેશ કરાશે.

કેન્દ્ર સરકાર વીમા ક્ષેત્રમાં

(અનુ. આઠમા પાને)

# વડાપ્રધાનની ઓમાન સહિતના ત્રણ દેશોની મુલાકાત વેપાર-સંરક્ષણ ક્ષેત્રે મહત્વપૂર્ણ બની રહેશે

## ઓમાન, ઈથોપિયા અને જોર્ડનની મુલાકાત દરમિયાન અનેક કરારો પર હસ્તાક્ષર થવાની ધારણાં

**અબતક, નવી દિલ્હી**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સોમવારથી જોર્ડન, ઈથોપિયા અને ઓમાનની મુલાકાતે જશે. વિદેશ મંત્રાલયના દક્ષિણ બાબતોના સચિવ નીના મલ્હોત્રાએ નવી દિલ્હીમાં જણાવ્યું હતું કે મોદી અબ્દુલ્લા દ્વિતીય બિન અલ હુસૈનના આમંત્રણ પર ૧૫ અને ૧૬ ડિસેમ્બરે જોર્ડનની મુલાકાત લેશે.તેમણે જણાવ્યું હતું કે આ પ્રધાનમંત્રી મોદીની જોર્ડનની પ્રથમ મુલાકાત છે. આ મુલાકાત બંને દેશો વચ્ચે રાજદ્વારી સંબંધોની સ્થાપનાની ૭૫મી વર્ષગાંઠ સાથે સુસંગત છે. ડો. મલ્હોત્રાએ નોંધ્યું હતું કે ભારત અને જોર્ડન વચ્ચે મજબૂત આર્થિક સંબંધો છે. તેમણે ઉમેર્યું હતું કે ભારત જોર્ડનનો ત્રીજો સૌથી મોટો વેપારી ભાગીદાર પણ છે.ડો.

(અનુ. આઠમા પાને)







# ફળકથન — સાપ્તાહિક રાશિ ભવિષ્ય

પં.ડો. હિતેષ એ. મોઢા
મો.૯૮૭૯૪૯૯૩૦૭

## મેષ — અ,લ,ઈ

આ સપ્તાહ દરમિયાન ધંધા વ્યવસાયમાં કેટલાક અણધાર્યા લાભ થવાની પૂર્ણ સંભાવના. ફેશન તથા કોસ્મેટિક્સ રીલેટેડ ઔદ્યોગિક વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ હળવુ લાભદાયક નીવડશે. જણાશે. અન્ય, ઔદ્યોગિક એકમના જાતક માટે આ સપ્તાહ સાનુકૂળ અથવા મધ્યમ રહેશે. આ સપ્તાહ વ્યાપાર-વાણિજ્ય, સર્વિસ બિઝનેસ ધરાવતા જાતક માટે હળવું સાનુકૂળ એવમ વ્યસ્ત પણ રહેશે. રિયાલ્ટી ક્ષેત્રના જાતક માટે આ સપ્તાહ હળવુ પ્રતિકૂળ અથવા મધ્યમ નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તેમજ ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ હળવું લાભકર્તા નીવડશે. સગા સ્નેહીમાં હળવા મનદુઃખ જણાશે. ગૃહિણી, નિવૃત્ત તથા ઉચ્ચાભ્યાસ કરતા વિદ્યાર્થી માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. ૧૯ તથા ૨૦ ડિસેમ્બર મધ્યમ નીવડશે. (પન્નોતિનો ઉપાય, ન્યાયિક માર્ગ).

## વૃષભ — બ,વ,ઉ

પ્રવાહી પદાર્થના ઉદ્યોગ ધંધાના જાતક માટે, આ સપ્તાહ ફાયદાકારક નીવડશે. શેર બજાર, સટ્ટા બજારના જાતક માટે આ સપ્તાહ અતિ પ્રતિકૂળ નીવડશે. આ સિવાયના, અન્ય, ઔદ્યોગિક એકમના જાતક તથા જથ્થાબંધ વ્યાપાર-વણિજના જાતક માટે આ સપ્તાહ વ્યસ્ત તથા હળવુ લાભદાયક જણાશે. નવા વાહનની ખરીદી થવાના સંયોગ. સરકારી કર્મચારી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ સાનુકૂળ જણાશે સાથોસાથ બઢતીના સંયોગ. ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ અર્ધ લાભકર્તા અથવા મિશ્ર રહેશે. આ સપ્તાહે લાંબા સમયથી વણસી ગયેલા સંબંધમાં સુમેળ થવાની પૂર્ણ સંભાવના. મિત્ર, સ્નેહી તરફથી હળવો સહકાર યથાવત રહેશે. વિદ્યાર્થી, મહિલા કર્મી, ગૃહિણી તથા નિવૃત્ત માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. ૧૬ ડિસેમ્બર સરેરાશ રહેશે.

## મિથુન — ક,છ,ઘ

ફુડ બેવરેજીસ, હોટેલ રેસ્ટોરાં, તથા હાઈવે પરના ઢાબાના વ્યાપાર કે ઉત્પાદન સાથે જોડાયેલ તમામ જાતક માટે આ સપ્તાહ હળવું લાભદાયક તેમજ વ્યસ્ત નીવડશે. કુટિર તથા નાના ઔદ્યોગિક એકમ ધરાવતા જાતક માટે આ સપ્તાહ અત્યાધિક લાભકારક નીવડે તેવી સંભાવના. અન્ય, ઔદ્યોગિક, જથ્થાબંધ, દેશ-વિદેશ વ્યાપાર વાણિજ્ય તથા વ્યવસાય જોડે સંકળાયેલ જાતક માટે આ સપ્તાહ અતિ વ્યસ્ત એવમ લાભકર્તા રહે તેવી પૂર્ણ સંભાવના. સખત પરિશ્રમ વાળા ધંધા વ્યાપાર માટે આ સપ્તાહ પણ સાનુકૂળ જણાશે. સરકારી ક્ષેત્રના કર્મચારી એવમ ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ અતિ વ્યસ્ત તથા મધ્યમ રહેશે. ગૃહિણી તથા મહિલા કર્મી, નિવૃત્ત, છાત્ર માટે આ સપ્તાહ લાભકારી રહેશે. ૧૮ તથા ૧૯ ડિસેમ્બર મધ્યમ જણાશે.

## કર્ક — ડ,હ

ઉચ્ચસ્થ ગુરુ વાળા જાતક તેમજ નીચસ્થ મંગળ વાળા જાતક માટે આ સપ્તાહ અત્યાધિક લાભકારી રહેશે. આ સપ્તાહ દરમિયાન અનેક પ્રકારના લાભની સાથોસાથ જાવકના પણ સંયોગ પણ એટલા જ બનશે, તેવી પૂર્ણ સંભાવના, આથી, યથામતિ નિર્ણય લઈ વહીવટ વ્યવહાર કરવા. તેમજ નવા કામકાજ શરૂ કરવા. ઔદ્યોગિક એકમના જાતક તથા વ્યાપાર-વાણિજ્ય એકમના જાતક માટે આ સપ્તાહ સાનુકૂળ રહેશે. કલા-વ્યવસાયના જાતક માટે આ સપ્તાહ લાભદાયક નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ લાભદાયક જણાશે. કુટુંબ-પરિવાર જન તેમજ મિત્ર સાથે સુમેળ વધે તેવા સંયોગ. મહિલા કર્મી, ગૃહિણી, નિવૃત્ત માટે આ સપ્તાહ સાનુકૂળ રહેશે. પ્રવાસની સંભાવના. ૧૭ ડિસેમ્બર સામાન્ય જણાશે.

## સિંહ — મ,ટ

આ સપ્તાહ, ગુરુ-પ્રધાન સંત એવમ મહંત, માટે હળવું પ્રતિકૂળ નીવડશે, સંભાળ લેવી, નહીંતર વાયરલ થવાના પૂર્ણ સંભાવના. રાજકીય ક્ષેત્રની પ્રસિદ્ધ વ્યક્તિ તેમજ જાહેર ક્ષેત્ર સાથે સંકળાયેલ પ્રસિદ્ધ વ્યક્તિ માટે આ સપ્તાહ હળવું ફાયદાકારક નીવડશે. તમામ કદના ઔદ્યોગિક એકમના જાતક તથા વ્યાપાર વાણિજ્યના તમામ એકમના જાતક માટે આ સપ્તાહ સાનુકૂળ એવમ વ્યસ્ત નીવડશે. પરિશ્રમી કે ઉદ્યમી એકમના જાતક માટે બહુ લાભકારી જણાશે. સરકારી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ બહુ લાભદાયક નીવડશે. ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ અર્ધ લાભદાયી અથવા મધ્યમ જણાશે. સગા તથા સ્નેહી દ્વારા સહકારના સંયોગ. વિદ્યાર્થી, નિવૃત્ત, ગૃહિણી તથા મહિલા કર્મી માટે આ સપ્તાહ આરામદાયક નીવડશે. કેવળ, ૧૯ ડિસેમ્બર સરેરાશ રહેશે.

## કન્યા — પ,ઠ,ણ

આ સપ્તાહ, કોમોડીટી, વાયદાબજારના જાતક માટે હળવું હળવુ લાભકારક નીવડશે. નાના મોટા તમામ ઉદ્યોગ- વ્યાપાર- વણિજ એકમના જાતક માટે આ સપ્તાહ લાભકર્તા તેમજ પ્રગતિકારક રહેશે. શૈક્ષણિક સંસ્થા તથા સેવાકીય સંસ્થા સાથે જોડાયેલ જાતક માટે આ સપ્તાહ બહુ લાભકારક નીવડશે. આ સપ્તાહ દરમિયાન સરકારી કર્મચારી વર્ગ માટે બઢતી એવમ બદલીની પૂર્ણ સંભાવના. તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ વ્યસ્ત એવમ સાનુકૂળ નીવડશે. કુટુંબીજન સાથે થયેલ વિખવાદનો સુખદ અંત આવે તેવા સંયોગ શક્યતા પણ. ધંધા વ્યવસાય હેતુ લાંબા પ્રવાસ થવાની પૂર્ણ રૂપે શક્યતા. વિદ્યાર્થી, નિવૃત્ત, મહિલા કર્મી તથા ગૃહિણી વર્ગ માટે આ સપ્તાહ શ્રેષ્ઠ રહેશે. કન્યા રાશિના જાતક માટે આ સપ્તાહ સંપૂર્ણ સાનુકૂળ નીવડશે.

## તુલા — ર,ત

આ સપ્તાહ દરમિયાન ભાગદોડ સાથે હળવા હળવા લાભ મળે તેવી પૂર્ણ સંભાવના એવમ સંયોગ. શેર બજાર તથા કોમોડીટી એકમના જાતક માટે આ સપ્તાહ વિશેષ રૂપે સાનુકૂળ રહેશે. ગ્રેઈન મર્ચન્ટ, તથા જથ્થા બંધ વ્યાપારી જાતક માટે આ સપ્તાહ વિશેષ લાભકર્તા નીવડશે. મોટા ઉદ્યોગ-વ્યાપાર અને વણિજ ક્ષેત્રના જાતક માટે પણ આ સપ્તાહ આર્થિક રીતે લાભકારી જણાશે. અધૂરા કે ટલ્લે ચડેલાં સરકારી કામકાજ પૂરા થવાના સંયોગ. આ સપ્તાહે, સરકારી કર્મચારી માટે બઢતી તથા બદલીની સંભાવના. ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે લાભદાયી સપ્તાહ. પરિવાર સાથે ધાર્મિક યાત્રા થાય તેવી સંભાવના. વિદ્યાર્થી, મહિલા કર્મી, તથા ગૃહિણી આ સપ્તાહ પણ સાનુકૂળ નીવડશે. ૧૬ તથા ૧૭ ડિસેમ્બર સરેરાશ રહેશે.

## વૃશ્ચિક — ન,ય

શેર, સટ્ટો, કોમોડીટી એકમના જાતક માટે આ સપ્તાહ હળવું હળવું પ્રતિકૂળ અથવા મધ્યમ નીવડે તેવી સંભાવના. હ્યુજ મેગા પ્રોજેક્ટ મોટા ઔદ્યોગિક એકમના જાતક, તેવડા કદના વર્કશોપ પ્રકારના એકમના જાતક માટે આ સપ્તાહ વ્યસ્ત તેમજ અત્યાધિક લાભદાયક નીવડશે. આ સિવાય અન્ય, ઔદ્યોગિક એકમના જાતક તેમજ તમામ વ્યાપાર-વ્યવસાય એકમના જાતક માટે આ સપ્તાહ અતિ વ્યસ્ત, તેમજ સાનુકૂળ નીવડશે. છૂટક વ્યાપારી તથા મધ્યમ વર્ગના જાતક માટે આ સપ્તાહ લાભકારી જણાશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. વિદ્યાર્થી, નિવૃત્ત તથા ગૃહિણી, મહિલા કર્મી માટે આ સપ્તાહ અર્ધ લાભદાયક નીવડશે. ૧૯ તથા ૨૦ ડિસેમ્બર મધ્યમ રહેશે.

## ધન — ભ,ફ,ધ,ઢ

લેખન સાથે જોડાયેલ જાતક એવમ સાહિત્યના જાતક, પ્રકાશન એકમના જાતક તથા અખબાર કે અન્ય પ્રસાર માધ્યમ સાથે જોડાયેલ જાતક માટે આ સપ્તાહ હળવું પ્રતિકૂળ અથવા મધ્યમ નીવડશે. શૈક્ષણિક સંસ્થા સાથે જોડાયેલ જાતક-શિક્ષક માટે આ સપ્તાહ લાભદાયક પરંતુ હળવું ભાગદોડ વાળુ જણાશે. નાના મોટા ઔદ્યોગિક એકમના જાતક માટે આ સપ્તાહ આંશિક લાભદાયક નીવડશે. તમામ વ્યાપારી માટે આ સપ્તાહ પણ લાભદાયક નીવડશે. જથ્થાબંધ વ્યાપાર સાથે જોડાયેલ જાતક માટે અતિ વ્યસ્ત સપ્તાહ. સરકારી કર્મચારી તેમજ ખાનગી કર્મચારી માટે આ સપ્તાહ મધ્યમ નીવડે તેવી સંભાવના. ગૃહિણી, મહિલા કર્મી, તથા નિવૃત્ત માટે આ સપ્તાહ લાભકારી જણાશે. ૧૭ ડિસેમ્બર મધ્યમ રહેશે.

## મકર — ખ,જ

આ સપ્તાહ દરમિયાન વિશેષ તો મોટી ફાર્માસી તેમજ કેમિકલ્સ એકમના જાતક માટે બહુ લાભદાયક નીવડે તેવી પૂર્ણ સંભાવના. કોઈ પણ પ્રકાર કે ચિકિત્સા પદ્ધતિ ના ઔષધ નિર્માણ એકમના જાતક માટે સપ્તાહ સાનુકૂળ અને હળવું લાભદાયી નીવડશે. એંજીનીયરીંગ એકમના જાતક/ એન્જીનીયર્સ માટે આ સપ્તાહ લાભકારી તેમજ અતિ વ્યસ્ત જણાશે. ટ્રાવેલ, હોટેલ બુકિંગ સાથે જોડાયેલા જાતક માટે આ સપ્તાહ હળવું લાભકારી જણાશે. અન્ય, ઔદ્યોગિક તેમજ વ્યાપાર વણિજ એકમના જાતક માટે આ સપ્તાહ સાનુકૂળ રહેશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. વિદ્યાર્થી, નિવૃત્ત, ગૃહિણી, મહિલા કર્મી માટે આ સપ્તાહ પણ લાભદાયક રહેશે. ૧૬ ડિસેમ્બર સાધારણ જણાશે.

## કુંભ — ગ,શ,ષ

સર્વિસ બિઝનેશના જાતક માટે આ સપ્તાહ ફાયદાકારક નીવડશે. રોશની, રંગ, એવમ રસાયણના જથ્થાબંધ વ્યાપાર-વાણિજ્યક એકમના જાતક માટે આ સપ્તાહ વ્યસ્ત તથા ચડાવઉતાર વાળુ નીવડશે. જ્વલનશીલ પદાર્થના વ્યાપાર વાણિજ્ય સંબંધિત એકમના જાતક માટે આ સપ્તાહ હળવું પ્રતિકૂળ અથવા મધ્યમ નીવડશે. આ સપ્તાહ દરમિયાન નાના ઔદ્યોગિક એકમ તેમજ પેકીંગ મટીરીયલ્સના ઉત્પાદકોને નાના અણધાર્યા લાભ મળવાની પૂર્ણ સંભાવના. આ સિવાયના, અન્ય, ઔદ્યોગિક એકમના જાતક એવમ વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ મધ્યમ નીવડશે. સરકારી કર્મચારી માટે બદલી બઢતીની સંભાવના. ખાનગી કર્મચારી માટે લાભદાયી સપ્તાહ. મેડિકલ ક્ષેત્રના વિદ્યાર્થી, નિવૃત્ત તથા ગૃહિણી માટે પણ સાનુકૂળ સપ્તાહ. ૧૭ ડિસેમ્બર મધ્યમ રહેશે. (પન્નોતિનો ઉપાય પરિશ્રમિકોને પૂરતું વળતર આપવું).

## મીન — દ,ચ,ઝ,થ

ફાસ્ટ ફૂડ, પેકીંગ- પ્રોસેસ્ડ ફૂડના ઔદ્યોગિક એવમ વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ સામાન્ય નીવડશે. રાજકીય ક્ષેત્રના જાતક માટે આ સપ્તાહ હળવુ પ્રતિકૂળ અથવા મધ્યમ નીવડે તેવી પૂર્ણ સંભાવના. નાના મોટા ઔદ્યોગિક એકમના જાતક માટે આ સપ્તાહે અણધાર્યા લાભ મળવાના પૂર્ણ સંભાવના. મધ્યમ કદના વ્યાપાર વાણિજ્ય ધરાવતા જાતક માટે આ સપ્તાહ લાભકારક નીવડશે. સર્વિસ બિઝનેસ ના જાતક માટે આ સપ્તાહ સરેરાશ જણાશે. સરકારી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ સરેરાશ રહેશે. ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ અર્ધ પ્રતિકૂળ અથવા મિશ્ર જણાશે. પરિવાર તરફથી સાથ સહકારની સંભાવના. મહિલા કર્મી, ગૃહિણી, નિવૃત્ત તથા વિદ્યાર્થી માટે આ સપ્તાહ સાનુકૂળ રહેશે. ૧૯ ડિસેમ્બર સાવ સાધારણ અથવા પ્રતિકૂળ જણાશે. (પન્નોતિનો ઉપાય દાન+અભ્યંગ સ્નાન).

### તબડક....તબડક આજે રાષ્ટ્રીય ઘોડા દિવસ

# ઘોડો સાંસ્કૃતિક, ઐતિહાસિક અને આર્થિક યોગદાનનું પ્રતિક

## સદીઓ જૂની દોસ્તીની ઉજવણી: ઘોડાઓ માનવજાતના વિશ્વસનીય સાથી: પ્રાચીન કાળથી, ઘોડાઓ રાજા-મહારાજાઓની સવારી અને યુદ્ધોમાં અભિન્ન અંગ રહ્યા છે: ભારતમાં ગુજરાતના કાઠીયાવાડી ઘોડા અને મારવાડી ઘોડા તેમની વિશેષતાઓ માટે ખૂબ પ્રખ્યાત છે

આદિકાળથી માનવ જીવન સાથે પશુ-પક્ષીઓ, વૃક્ષો અને પ્રાણીઓ જોડાયેલા છે. પર્યાવરણના રક્ષક સમા આ પ્રાણીઓ થકી જ માનવ જીવનનો શ્રેષ્ઠ વિકાસ થયો



**ઘોડાઓ અદભૂત પ્રાણીઓ છે, અને વિશ્વમાં તેની ૪૦૦થી વધુ પ્રજાતિઓ જોવા મળે છે: એક ઘોડાનું વજન ૯૯૮ કિલોગ્રામ જેટલું હોઈ શકે છે: ઘોડાની સૌથી નાની જાતિનું વજન ૫૪ કિલોગ્રામ જેટલું અને ૭૬ સેમી જેટલું નાનું હોઈ શકે છે**

છે. આજે નેશનલ હોર્સ ડે છે, ત્યારે તેના સાંસ્કૃતિક, ઐતિહાસિક અને આર્થિક યોગદાનને યાદ કરવાનો દિવસ છે. પાલતુ પ્રાણીઓમાં સૌથી શક્તિશાળી અને ઝડપી પ્રાણી ઘોડો પ્રાચીનકાળથી માણસનો વફાદાર મિત્ર બન્યો છે. ઘોડે સવારી એ એક કૌશલ્ય અને શોખ તરીકે આપણી સંસ્કૃતિમાં વિકસ્યો છે. વિશ્વભરમાં ઘોડાની ૪૦૦ જાત જોવા મળે છે. આ જાણીતા પ્રાણીની કેટલીક વિશેષતાઓ પણ જાણવા જેવી છે. ૨૦૦૪થી રાષ્ટ્રિય કક્ષાએ આ દિવસની ઉજવણી થાય છે. ઘોડા પાંચ કરોડ વર્ષોથી આ પૃથ્વી પર જીવન જીવી રહ્યા છે. દસ હજાર વર્ષ પહેલા લુપ્ત થયેલા ઘોડા એશિયામાં ત્રણથી ચાર હજાર બી સી વચ્ચે જોવા મળેલ હતા.ઘોડાની સૌથી નાની પ્રજાતિનું વજન ૫૪ કિલો અને ઉંચાઈ ૭૬ સેમી. જેટલી હોય છે. આજે વિશ્વના દરેક દેશમાં ઘોડાનું અસ્તિત્વ જોવા મળે છે. જુથોમાં રહેવા ટેવાયેલા આ સામાજીક પ્રાણી ત્રણથી વીસના ટોળામાં રહેતા જોવા મળે છે. વૈજ્ઞાનિકોના તારણ મુજબ છેલ્લા ૫૦ વર્ષોમાં ઘોડા નાના જીવોમાં વિકસિત થયા છે. વિશ્વભરમાં અંદાજે છ કરોડ ઘોડાઓ છે. તેની દોડવાની ઝડપ એવરેજ ૮૮ કી.મી. પ્રતિ કલાક જોવા મળે છે. ઘોડાઓ એક સમયે લગભગ ૩૬૦ ડિગ્રી જોવાની ક્ષમતા ધરાવે છે, કારણ કે તેમની આંખો તેમના માથાની બાજુમાં આવેલી છે. જમીન પર રહેલા અન્ય કોઈપણ સસ્તન પ્રાણી કરતા ઘોડાની આંખો મોટી હોય છે.

૧૯મી સદી સુધી તેનું આયુષ્ય ૬૨ વર્ષ ગણાતું પણ આજના યુગમાં તે એવરેજ ૨૫ વર્ષ જીવે છે., તે ઉભા ઉભા સૂઈ શકવાની ક્ષમતા ધરાવે છે. રાજાશાહી યુગમાં હાથી સાથે ઘોડા યુધ્ધમાં મહત્વની કામગીરી કરતા હતા. તેઓ પૌરાણિક કાળમાં સંદેશા વ્યવહારમાં પણ મહત્વની કામગીરી કરતા હતા. આજે ઘોડાઓની રેસ સાથે યુવા વર્ગમાં તેને પાળવાનો જબ્બર ક્રેઝ જોવા મળે છે. ઘણી બોલીવુડ, હોલીવુડ ફિલ્મોમાં પણ તેનો મહત્વનો રોલ જોવા મળે છે. ગધેડાની જેમ તે બળદની સાથે વગર પગારે કામ કરતું પ્રાણી છે. તે એક અદભૂત જીવ છે, અને આજે વિશ્વમાં તેની ૪૦૦ થી વધુ પ્રજાતિઓ છે. ઘોડાનું એવરેજ વજન અંદાજે એક હજાર કિલો જોવા મળે છે, તો તેના પગની તાકાત ખુબ જ વધારે હોવાથી તે તેના રક્ષણ માટે કામ આવે છે. આપણાં સમાજમાં તેની વિવિધ પ્રકારે નોંધપાત્ર ભૂમિકા છે.ઘોડા આપણી પૃથ્વી પર પાંચ કરોડ વર્ષોથી જીવન જીવે છે. સૌ પ્રથમ ઘોડાઓ ઉત્તર અમેરિકામાં ઉદભવ્યા હતા. જે અમેરિકાના ઉત્તર વિભાગ છોડીને લગભગ દશ હજાર વર્ષ પહેલા લુપ્ત થઈ ગયા હતા. ૧૭મી સદીથી ઘોડાનો સૈન્ય અને પોલીસદળમાં ઉપયોગ થતો આવ્યો છે.

માણસ પ્રાચીન કાળથી ઘોડાની સવારી કરવા તેનો ઉપયોગ કરે છે. વાહનો નહોતા ત્યારે ઘોડા ખૂબ જ ઉપયોગી થતાં.ઘોડાની ઉંચાઈનું માપ હાથમાં મપાય છે. એક હાથ એટલે ચાર ઈંચ. ઘોડો કેટલા હાથ ઉંચો છે તેમ બોલાય છે. ઘોડાનું બચ્ચું જન્મ્યા પછી બે ત્રણ કલાકમાં જ ઉભું થઈ ચાલવા લાગે છે. ઘોડાના શરીરમાં ૨૦૫ હાડકાં હોય છે. ઘોડા સામાન્ય રીતે ૪૦ થી ૪૫ કિલોમીટરની ઝડપે દોડી શકે છે. કેટલાક પાલતુ ઘોડા ૭૦ થી ૭૫ કિલોમીટરની ઝડપે દોડતા હોવાનું પણ નોંધાયુ છે. સસ્તન પ્રાણીઓમાં ઘોડાની આંખ સૌથી મોટી હોય છે. ઘોડાના દાંત ઘણાં મોટા હોય છે. તેના મગજ કરતાં દાંત અને જડબું મોટાં હોય છે. વિશ્વનો સૌથી ઊંચો ઘોડો ૨૧ હાથ લગભગ ૮૫ ઈંચ ઉંચો હતો.



તેનું માનવ જીવનમાં રહેલા આર્થિક, ઐતિહાસિક અને સાંસ્કૃતિક યોગદાન મહત્વનું છે. ઘોડાઓ માનવ સમુદાયનો એક ભાગ રહ્યા છે, અને વિવિધ સંસ્કૃતિઓમાં તેમનું આગવું સ્થાન છે. જેમ કે, ભારતીય સંસ્કૃતિમાં દશેરાના તહેવારમાં અશ્વ પૂજાનું પણ મહત્વ છે. ખેતી, પરિવહન અને અન્ય કાર્યોમાં ઘોડાઓનું યોગદાન અગત્યનું રહ્યું છે. ઘોડાઓની સુંદરતા, તાકાત અને માનવજાત પ્રત્યેની તેમની નિષ્ઠાની કદર કરવાનો આજે અવસર છે.

**નોલેજ કોર્નર**



**ડો.અરૂણ દવે**
**મો.૯૮૨૫૦૭૮૦૦૦**

ઘોડો પાંચ વર્ષનો થાય ત્યારે બધા જ દાંત ઊગે છે, અને ઉંમર વધવાની સાથે દાંતની લંબાઈ પણ વધે છે. તેના કપાળ પર સફેદ નિશાની હોય છે. ઘોડો કાન, નસકોરાં અને આંખો વડે ગુસ્સો કે ખુશી વ્યક્ત કરી શકે છે.ઘોડાના પગની ખરી આપણા નખની જેમ વધ્યા કરે છે. એને ગ્રીક ભાષામાં 'ઈક્વિસ' કહેવાય છે, ઘોડાના બચ્ચાં મોટાભાગે રાત્રે જ જન્મે છે, તેના બચ્ચાને વછેરૂં કહે છે. તે જન્મ્યા પછી એકાદ કલાકમાં ઉભું થઈ શકે છે.ઘોડા પોતાના માલિકના મૂડ ઓળખે છે. માલિક નિરાશ હોય તો તે પણ નિરાશ થઈ જાય છે. ઘોડાને લાંબા પગ, મોટા ફેફસાં અને મોટું હૃદય હોવાથી તે ઝડપથી દોડી શકે છે, અને વધુ વજન ખેંચી શકે છે. તે લાંબી છલાંગ મારી શકે છે. ઘોડા મોં દ્વારા શ્વાસ લઈ શકતાં નથી એટલે કદી હાંફતાં નથી.

## અબતક પંચાગ

**તા.૧૪-૧૨-૨૦૨૫ રવિવાર**

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિ:** ૧૯૪૭
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૫
**તિથી** માગશર વદ દશમ
**નક્ષત્ર** હસ્ત
**યોગ** સૌભાગ્ય **કરણ:** બવ
**સુર્યોદય** ૭.૧૮ **સુર્યાસ્ત:** ૬.૦૫
**ચંદ્ર રાશી** કન્યા રાત્રે ૯.૪૪થી તુલા
**રાશિ અક્ષર** પ.ઠ.ણ/ર.ત
**દિશાશૂળ** પશ્ચિમ દિશા તરફ
**રાહુકાળ** સાંજે ૪.૩૦ થી ૬
**દિવસનાચોઘડીયા** ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ
**રાત્રીનાચોઘડીયા** શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ,શુભ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૧૮ થી ૧.૦૧

**શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭**

## સૂડોકુ -૧૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | ૯ | ૫ | | |
| | | ૬ | | | | | ૭ | ૯ |
| ૭ | | | | | | | ૩ | |
| | | | ૧ | ૮ | | | ૯ | |
| | ૭ | | ૬ | | | | ૨ | ૩ |
| | ૧ | | | | | | | |
| ૮ | ૩ | | | | ૪ | | ૬ | |
| | ૬ | | | | | | | |
| ૯ | | | | | ૩ | | | ૪ |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોક્સમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૧૧ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૫ | ૩ | ૮ | ૪ | ૨ | ૬ | ૧ | ૭ |
| ૪ | ૧ | ૬ | ૫ | ૯ | ૭ | ૩ | ૨ | ૮ |
| ૮ | ૨ | ૭ | ૧ | ૩ | ૬ | ૫ | ૯ | ૪ |
| ૫ | ૬ | ૧ | ૭ | ૨ | ૩ | ૪ | ૮ | ૯ |
| ૩ | ૭ | ૮ | ૪ | ૫ | ૯ | ૨ | ૬ | ૧ |
| ૨ | ૯ | ૪ | ૬ | ૧ | ૮ | ૭ | ૩ | ૫ |
| ૧ | ૩ | ૫ | ૯ | ૬ | ૪ | ૮ | ૭ | ૨ |
| ૬ | ૮ | ૯ | ૨ | ૭ | ૫ | ૧ | ૪ | ૩ |
| ૭ | ૪ | ૨ | ૩ | ૮ | ૧ | ૯ | ૫ | ૬ |

## કાર્યક્રમોની યાદી — અબ તક CHANNEL

**તારીખ ૧૩-૧૨-૨૦૨૫ શનિવાર**
૧૨:૦૦ થી ૦૨:૧૦ ગુજરાતી મુવી (ઉંબરો)
૦૨:૧૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (જય વસાવડા)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (તવા પુલાવ)+(વેજ. કડાઈ)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદ: આજે નહીં તો ક્યારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (સંજોગ થેરાપીનું મહત્વ)
૦૪:૩૦ થી ૦૪:૫૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૪:૫૦ થી ૦૫:૦૦ સ્પે.સ્ટોરી (ચીકી સ્ટોરી)
૦૫:૦૦ થી ૦૭:૩૦ ગુજરાતી નાટક (ગુજ્જુભાઈ બન્યા દબંગ)
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૧૪-૧૨-૨૦૨૫ રવિવાર**
૦૬:૦૦ થી ૦૯:૩૦ રામકથા(પૂ.મોરારિબાપુ)
૦૯:૩૦ થી ૧૦:૦૦ સાપ્તાહિક રાશિ ભવિષ્ય (શાસ્ત્રી, રાકેશ મહારાજજી વ્યાસ)
૧૦:૦૦ થી ૧૨:૦૦ ગુરુ ગુણ સ્મૃતિ ધર્મ મહોત્સવ (લાઈવ)
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (હાહાકાર)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (સંજય રાવલ)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (ટેન્ગી પોટેટો રોટી)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદ: આજે નહીં તો ક્યારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.જય જોશી)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (ધર્મ યુધ્ધ)
૦૭:૦૦ થી ૧૨:૦૦ ગીર ગંગા પરિવાર કિર્તીદાન ગઢવી લોક ડાયરો (લાઈવ)

**તારીખ ૧૫-૧૨-૨૦૨૫ સોમવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ રામકથા (પૂ.મોરારિબાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## આવતીકાલનું રાશિફળ

**તા.૧૪.૧૨.૨૦૨૫, રવિવાર, સંવંત ૨૦૮૨, માગશર વદ દશમ, હસ્ત નક્ષત્ર, સૌભાગ્ય યોગ, વિષ્ટિ કરણ આજે રાત્રે ૯.૪૦ સુધી જન્મેલાંની ચંદ્રરાશિ કન્યા (પ,ઠ,ણ) ત્યારબાદ તુલા (ર,ત) રહેશે**



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ (અ,લ,ઈ) :** તબિયતની કાળજી લેવી,ખાવા પીવા માં ખ્યાલ રાખવો, વધુ પડતી દોડધામ ટાળવા સલાહ છે.
**વૃષભ (બ,વ,ઉ) :** સંતાન અંગે સારું રહે,પરિવાર સાથે આનંદ માણી શકો, ગમતી વ્યકિતથી મુલાકાત થાય.
**મિથુન (ક,છ,ઘ) :** તમામ ભૌતિક સુખ સગવડ આપતો દિવસ, પ્રગતિ થાય,આજ દિવસે યોગ્ય નિર્ણય કરી શકો.
**કર્ક (ડ,હ) :** સાહસથી સિદ્ધિ પ્રાપ્ત થાય,આગળ વધવાની તક પ્રાપ્ત થાય, મિત્રોની મદદ મળી રહે.
**સિંહ (મ,ટ) :** તમારા યોગ્ય વાણી-વર્તનથી અટકલેલાં કાર્ય પૂર્ણ કરી શકો, સામી વ્યક્તિ પાસેથી કામ લઈ શકો, શુભ દિન.
**કન્યા (પ,ઠ,ણ) :** તમારા ક્ષેત્ર માં તમે આગળ વધી શકો, રચનાત્મક કામગીરી કરી શકો, તમારા કાર્યની સરાહના થાય.
**તુલા (ર,ત) :** ધીમે ધીમે પરિસ્થિતિ તરફેણમાં આવે, કામ કાર્યનો સંતોષ પ્રાપ્ત થાય, યોગ્ય જગ્યા એ નાણાં રોકી શકો.
**વૃશ્ચિક (ન,ય) :** વેપારીવર્ગને મધ્યમ રહે, સ્ત્રીવર્ગ માટે ઉત્સાહજનક, તમારા હક માટે અવાજ ઉઠાવી શકો.
**ધન (ધ,ભ,ફ,ઢ) :** નોકરિયાતવર્ગને ઈચ્છીત કામગીરી મળે, વેપારીવર્ગને લાભ થાય,ધંધા રોજગારમાં સારું રહે,પ્રગતિ થાય.
**મકર (ખ,જ) :** ઘણા સમયથી રાહ જોઈ રહ્યા હોય તેવું વાતાવરણ બને, ભાગ્યની દેવી રીઝતી જણાય, નવીન તક હાથમાં આવે.
**કુંભ (ગ,સ,શ) :** ભ્રમની સ્થિતિઓમાંથી હવે બહાર આવવાની જરૂર છે, તમે સત્ય સ્વીકારી બુદ્ધિપુર્વક આગળ વધશો તો લાભ થશે.
**મીન (દ,ચ,ઝ,થ) :** આંતરિક જીવનમાં મધ્યમ રહે પણ જાહેરજીવનમાં સારું રહે, યશ-પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય.

# ખોડલધામ ટ્રસ્ટના ૮૫ તાલીમાર્થીઓ 'શિસ્ત, સ્વયં અને સ્વચ્છતા'ના આદર્શ બની હવે ''ખાખીમાં''

## ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ અને સરદાર પટેલ કલ્ચરલ ફાઉન્ડેશન-રાજકોટની યુવા પાંખ ખોડલધામ વિદ્યાર્થી સમિતિમાં તાલીમ મેળવીને પોલીસ વિભાગમાં ૮૫ યુવાનોએ પરીક્ષા પાસ કરી પોલીસ વિભાગમાં નિમણૂંક મેળવી

**અબતક, રાજકોટ**

શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ અને શ્રી સરદાર પટેલ કલ્ચરલ ફાઉન્ડેશન-રાજકોટની યુવા પાંખ શ્રી ખોડલધામ વિદ્યાર્થી સમિતિ-રાજકોટમાંથી તાલીમ મેળવીને પોલીસ વિભાગમાં તાજેતરમાં તાલીમાર્થીઓ પસંદગી પામ્યા છે. ગુજરાત સરકારના પોલીસ વિભાગ દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫માં લેવાયેલી લોકરક્ષક દળની પરીક્ષામાં શ્રી ખોડલધામ વિદ્યાર્થી સમિતિ- રાજકોટના વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને ગુજરાતભરમાં ડંકો વગાડયો છે.

''અબતક''ના મેનેજિંગ મંત્રી સતીશકુમાર મહેતા સાથેની શુભેચ્છા મુલાકાતમાં ખોડલધામ ટ્રસ્ટના મંત્રી જીતુભાઈ વસોયા, કલ્ચરલ ફાઉન્ડેશનના પ્રમુખ હરેશભાઈ પરસાણા, કલ્ચર ફાઉન્ડેશનના મંત્રી જી.એલ રામાણી, મીડિયા કો-ઓર્ડીનેટર ચિંતન પેઢડીયા, વિદ્યાર્થી મિહિર પટેલ અને અંશ સખીયાએ સમગ્ર માહિતી આપી

પોલીસ ભરતી બોર્ડ દ્વારા લેવાયેલી લોકરક્ષક દળ ની આ પરીક્ષામાં યુવક-યુવતીઓ ઉતિર્ણ થયા છે. આમ આ વર્ષે ગુજરાત સરકારના પોલીસ વિભાગમાં કુલ ૮૫ યુવક-યુવતીઓએ નિમણૂક મેળવીને સંસ્થાનું અને પરિવારનું નામ રોશન કર્યું છે. આ તમામ તાલીમાર્થીઓએ રાજકોટ સ્થિતસરદાર પટેલ ભવનમાં ચાલતાં ખોડલધામ વિદ્યાર્થી સમિતિ-રાજકોટ સંચાલિત સ્પર્ધાત્મક પરીક્ષાના વર્ગોમાં તાલીમ મેળવી હતી. નિષ્ણાતો દ્વારા વિદ્યાર્થીઓને લેખિત પરીક્ષાની સઘન તૈયારી કરાવવામાં આવી હતી. આ ઉપરાંત શારીરિક કસોટી માટે દોડ સહિતની તાલીમ પણ અહીંયાથી આપવામાં આવી હતી. સરકારી નોકરી મેળવનારા તમામ તાલીમાર્થીઓને શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ચેરમેનન રેશભાઈ પટેલે અભિનંદન પાઠવ્યા છે અને જણાવ્યું છે કે, આ યુવાનો હંમેશા સમાજ અને દેશ ઉપયોગી કાર્યો કરતાં રહે. પોલીસ વિભાગમાં પસંદગી પામેલા તમામ તાલીમાર્થીઓને ટ્રસ્ટીઓ, કન્વીનરઓએ અને સમાજ શ્રેષ્ઠીઓએ અભિનંદન પાઠવ્યા છે,મહત્વનું છે કે, વર્ષ ૨૦૧૨થી ખોડલધામ વિદ્યાર્થી સમિતિ-રાજકોટ દ્વારા સમાજના વિદ્યાર્થીઓ માટે સ્પર્ધાત્મક પરીક્ષાના કોચિંગ કલાસ શરૂ કરવામાં આવ્યા છે. જેમાંથી અત્યાર સુધીમાં ઘણા વિદ્યાર્થીઓ વિવિધ સરકારી ખાતામાં નિમણૂક પામી ચૂક્યા છે''ખોડલધાનોકરી મેળવવાના સ્વપન લઈને અહીં કોચિંગ કલાસ માટે આવે છે અને ઝળહળતી સફળતા મેળવી સમાજ, પરિવાર અને સંસ્થાનું નામ રોશન કરી ચુક્યા છે. હાલ રાજ્ય સરકાર દ્વારા પોલીસ વિભાગમાં ૧૩ હજારથી વધુ જગ્યાની ભરતી જાહેર કરવામાં આવી છે. ત્યારે હાલ શ્રી ખોડલધામ વિદ્યાર્થી સમિતિ-રાજકોટ દ્વારા રાજકોટ ખાતે પોલીસ ભરતીની નવી બેચ શરૂ કરવામાં આવી છે. આ બેચમાં જોડાવવા માટે ખોડલધામ પરિવારના વિદ્યાર્થીઓએ ખોડલધામ વિદ્યાર્થી સમિતિ-રાજકોટની ઓફિસે મો.નં. ૭૪૦૫૪ ૬૯૨૩૯ સંપર્ક કરવા જણાવાયું છે.




તસવીરઃ હર્ષ ઝીંઝુવાળીયા



### ''અબતક'' સાથેની શુભેચ્છા મુલાકાતમાં ખોડલધામ ટ્રસ્ટના આગેવાનોએ સમગ્ર માહિતી આપી

### ખોડલધામ ટ્રસ્ટ માત્ર શૈક્ષણિક સંસ્થા નથી, પરંતુ મારી માતૃસંસ્થા છેઃ મિહિર પટેલ



ખોડલધામ ટ્રસ્ટના તાલીમ કેન્દ્રમાં શિક્ષણ મેળવીને સફળતા પ્રાપ્ત કરનાર વિદ્યાર્થી મિહિર પટેલે જણાવ્યું કે, ''હું મહેસાણા જિલ્લાના વડનગર તાલુકામાંથી અહીં ખોડલધામ ટ્રસ્ટના વડપણ હેઠળ તાલીમ માટે આવ્યો હતો. મારા માટે, ખોડલધામ ટ્રસ્ટ ફકત એક શૈક્ષણિક સંસ્થા નથી, પરંતુ તે મારી માતૃ સંસ્થા તરીકે છે.'' તેમની સફળતા પાછળ સંસ્થાનો મોટો હાથ (અનુ. આઠમા પાને)

### સરદાર પટેલ ભવન ખાતે સોમવારે પોલીસ ભરતી માટે નિઃશુલ્ક માર્ગદર્શન સેમિનાર

આગામી પોલીસ ભરતી અન્વયે તારીખ ૧૫ ડિસેમ્બર ને સોમવારના રોજ સવારે ૧૦ કલાકે સરદાર પટેલ ભવન ખાતે નિઃશુલ્ક માર્ગદર્શન સેમિનારનું પણ આયોજન કરાયું છે. જેમાં નિષ્ણાતો દ્વારા પોલીસ ભરતીને લઈને જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે. તો સેમિનારમાં પણ સહભાગી થવા માટે ''શ્રી સરદાર પટેલ ભવન', ચોથો માળ, ચન્દ્રેશનગર પાણીના ટાંકાની સામે. ન્યુ માયાણીનગર, માલવિયાનગર પોલીસ સ્ટેશન વાળી શેરી, મવડી પ્લોટ, રાજકોટ ફોનનંબર ૮૫૧૧૧૨૧૨૪૮ પર સંપર્ક કરવા જણાવેલ છે.

### સૌરાષ્ટ્રને ઘરઆંગણે જ કેન્સરની અત્યાધુનિક સારવાર ભવિષ્યમાં મળી રહેશે

સૌરાષ્ટ્રના લાખો લોકોને આરોગ્ય ક્ષેત્રે મોટી રાહત આપતા એક મહત્વપૂર્ણ પગલામાં, ખોડલધામ ટ્રસ્ટ દ્વારા ટાટા ગ્રુપના સહકારથી અમરેલી જિલ્લાના ખીરસરા ખાતે અત્યાધુનિક કેન્સર હોસ્પિટલ બનાવવામાં આવશે. આ હોસ્પિટલ સૌરાષ્ટ્ર અને આસપાસના વિસ્તારોના કેન્સરના દર્દીઓ માટે આશાનું એક નવું કિરણ સાબિત થશે. દર્દીઓને સારવાર માટે અમદાવાદ કે મુંબઈ જેવા દૂરના શહેરોમાં જવું પડે છે. ખીરસરા ખાતે બનનારી આ હોસ્પિટલ માત્ર અમરેલી જ નહીં, પણ સમગ્ર સૌરાષ્ટ્રના દર્દીઓ અને તેમના પરિવારો માટે મોટી રાહત લાવશે. સારવારની સુવિધાઓ સરળ બનવાથી દર્દીઓનો સમય, શક્તિ અને આર્થિક બોજ ઘટશે. જે લાખો લોકોને નવું જીવન આપવાનું સામર્થ્ય ધરાવે છે.

### ખોડલધામ ટ્રસ્ટ ગરીબ અને ગ્રામીણ યુવાનો માટે બન્યું આશાનું કિરણઃ અંશ સખીયા



ખોડલધામ ટ્રસ્ટ દ્વારા સંચાલિત તાલીમ કેન્દ્રમાં સરકારી ભરતીઓની તૈયારી કરતા યુવાનો માટે એક આશાનું કિરણ બની રહ્યું છે. તાલીમ કેન્દ્રના સંચાલકોએ 'અબતક' સાથેની વાતચીતમાં અંશ સખીયાએ જણાવ્યું હતું કે ટ્રસ્ટ અહીં આવતા દરેક વિદ્યાર્થીને ન્યૂનતમ દરે શ્રેષ્ઠ માર્ગદર્શન અને સંપૂર્ણ સહકાર પૂરો પાડી રહ્યું છે, નિયમિતપણે વિકલી ટેસ્ટ અને મોક ટેસ્ટનું આયોજન કરવામાં આવે છે લેખિત પરીક્ષાની સાથે સાથે, પોલીસ કે અન્ય શારીરિક કસોટીની તૈયારી કરતા ઉમેદવારો માટે નિઃશુલ્ક ગ્રાઉન્ડ તાલીમ પણ (અનુ. આઠમા પાને)

# વર્ષની અંતિમ મેગા લોક અદાલતમાં ૬૦%થી વધુ કેસોનો સમાધાન થકી નિકાલ

## મુખ્ય જજ જે. આર. શાહના હસ્તે દિપ પ્રાગટય, ન્યાયાધીશો, વિમા કંપનીના ઓફીસરો, વકીલઓ, પી.જી.વી.સી.એલ. અને બેંકના અધિકારીઓ અને પક્ષકારો રહ્યા ઉપસ્થિત

## અદાલતમાં દાખલ થાય તે પહેલાં (પ્રિલિટીગેશન) કેસો મળી સમાધાન લાયક જુદી જુદી કેટેગરીના ૩૭૦૦૦ પેન્ડિગ કેસો હાથ પર લેવામાં આવ્યા




તસવીરઃ શૈલેષ વાડોલિયા




**અબતક, રાજકોટ**

રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળ, ન્યુ દિલ્હીના આદેશથી સમગ્ર રાષ્ટ્ર લેવલે તારીખ ૧૩ ને શનિવારના રોજ રાષ્ટ્રીય મેગા લોક-અદાલતનું આયોજન કરવામાં આવેલુ તેના ભાગરુપે ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદના ઉપક્રમે જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, જીલ્લા ન્યાયાલય રાજકોટ ધ્વારા જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળના ચેરમેન જે. આર શાહના માર્ગદર્શન અને સબળ નેતૃત્વ હેઠળ રાજકોટ જીલ્લાની તમામ અદાલતોમાં આજરોજ મેગા લોક અદાલતનુ આયોજન કરવામાં આવેલુ છે.સદરહું લોક અદાલતને મુખ્ય જીલ્લા ન્યાયાધીશ અને જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળના ચેરમેન જે. આર. શાહ ના હસ્તે દિપ પ્રાગટય કરી ખુલ્લી મૂકવામાં આવી હતી.સદરહું ઉદ્ઘાટન પ્રસંગે રાજકોટ હેડકવાર્ટરના તમામ ન્યાયાધીશ , બાર એસોસીએશનના પ્રતિનિધિઓ, જુદી જુદી વિમા કંપનીના ઓફીસરો, વિદ્વાન વકીલઓ, પી.જી.વી.સી.એલ.ના અને વિવિધ બેંકના અધિકારીઓ તેમજ પક્ષકારો ઉપસ્થિત રહેલ હતા. આ પ્રસંગે રાજકોટ જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, રાજકોટના પુર્ણકાલીન સચિવ એચ. વી. જોટાણીયાએ લોક અદાલતથી પક્ષકારોને થતા લાભ તથા કોર્ટનું ભારણ ઘટાડવામાં લોક અદાલત કઈ રીતે મદદરૂપ થાય છે તે અંગે તથા લોક અદાલતમાં આ લોક-અદાલતમાં દાખલ થયેલ તથા અદાલતમાં કેસ દાખલ થાય તે પહેલાં (પ્રીલીટીગેશન) કેસો હાથ પર લેવામાં આવનાર છે. લોક-અદાલતમાં ફોજદારી સમાધાન લાયક, ચેક રીટર્ન, બેન્ક લેણા, મોટર અકસ્માત વળતરના, લગ્નવિષયક, મજુર અદાલતના, જમીન સંપાદન, ઈલેક્ટ્રીસીટી તથા પાણીના બીલોના, રેવન્યુ, દિવાની પ્રકારના અન્ય સમાધાન લાયક આજના દિવસે જુદી જુદી કેટેગરીના ૩૭૦૦૦ પેન્ડીંગ કેસો હાથ પર લેવામાં આવનાર છે. જેમાંથી ૬૦% થી પણ વધુની સંખ્યામાં સમાધાનથી કેસોનો નિકાલ થાય તેવી આશા છે. વધુમાં મુખ્ય જીલ્લા ન્યાયાધીશ શાહએ લોક અદાલતની સફળતા માટે શુભેચ્છા પાઠવેલી અને જણાવેલ કે સમાધાનથી કેસ ફેંસલ થાય તો પક્ષકારો વચ્ચે સુમેળભર્યા સંબંધો જળવાઈ રહે છે તેને ધ્યાનમાં રાખી વધુમાં વધુ કેસો સમાધાનથી ફેંસલ થાય તેવી અપેક્ષા છે.સદરહું લોક અદાલત અગાઉ લગભગ છેલ્લા બે મહીનાથી જુદી જુદી વિમા કંપની, ફાયનાન્સ કંપની, પોલીસ અધિકારીઓ વિગેરે સાથે જુદી જુદી મીટીંગો યોજી લોક અદાલત પહેલા પ્રિ-સીટીંગનું આયોજન કરી આજના દિવસે વધુમાં વધુ કેસો સમાધાન રાહે નિકાલ થાય તેવા પ્રયત્નો હાથ ધરવામાં આવેલ છે.

### બેંક અને વીમા કંપનીઓ સાથે બેઠક યોજી કેસનું સમાધાનથી નિકાલ કર્યોઃ એચ.વી. જોટાણીયા



રાજકોટ જિલ્લાના કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા આજે ૨૦૨૫ની ચોથી મિશન લોક અદાલતનું સફળ આયોજન કરવામાં આવ્યું. સેક્રેટરી એચ.વી. જોટાણીયાએ જણાવ્યું કે જિલ્લા અને તાલુકા મથકની અદાલતોમાં લોક અદાલતનું આયોજન થયું હતું. આ અવસર પર કુલ ૩૭,૦૦૦ કેસો સમાધાન માટે મૂકવામાં આવ્યા, જેમાં આશરે ૬૦% કેસોના નિકાલની શક્યતા હોવાનું જણાવાયું. છેલ્લા ત્રણ મહિનાથી ફાઈનાન્સ, વીમા, બેંક અને પક્ષકારો સાથે સમાધાન બેઠક યોજી, જેથી અનેક કેસોનો ન્યાયિક ઉકેલ શક્ય બન્યો. વિશેષ રીતે, આજે મોટર અકસ્માતના ત્રણ મોટા કેસોનું સમાધાન થયું. ધોરાજી મુકામે બે વર્ષ પહેલા થયેલા કેસમાં ઈન્શ્યોરન્સ કંપની સાથે ૧.૧૫ કરોડ, જ્યારે રાજકોટ મુકામે બે અન્ય કેસોમાં ૬૩ લાખ અને ૫૩ લાખનું સમાધાન થયું.

### લોક અદાલતથી અરજદારોને ઝડપથી ન્યાય મળે છેઃ વકીલ રાજેશ આર. મહેતા



૨૦૨૫ની અંતિમ લોક અદાલત અંગે વકીલ રાજેશ આર. મહેતાએ જણાવ્યું કે લોક અદાલત સમયાંતરે યોજાતી હોય છે અને તેના માધ્યમથી અરજદારોને ખૂબ જ ઝડપથી ન્યાય મળે છે. કોર્ટમાં કેસના ભારણને કારણે નિકાલમાં ૬થી ૮ વર્ષનો સમય લાગતો હોય છે, જ્યારે લોક અદાલત દ્વારા વિક્ટિમને ઝડપી અને યોગ્ય વળતર અપાવી શકાય છે. લોક અદાલતના કારણે પેન્ડિંગ કેસોની સંખ્યા નોંધપાત્ર રીતે ઘટે છે. આજની લોક અદાલતમાં તેમના અરજદારના પતિનું રાજસ્થાનમાં અકસ્માત થયું હતું, જેમાં માત્ર ૧.૫ વર્ષના ગાળામાં ૬૩ લાખ રૂપિયાનું વળતર અપાવી શકાયું છે. ફેમેલી કેસો વધતા જાય છે તે અંગે રાજેશભાઈએ જણાવ્યું કે આવા કેસોનો નિકાલ લોક અદાલત તથા રાજકોટમાં કાર્યરત મીડિયેટર સેન્ટર મારફતે શક્ય બને છે. કેસોના ઝડપી અને સુલભ નિરાકરણ માટે લોક અદાલત સૌથી ઉત્તમ માધ્યમ છે.

''સ્વાસ્થ્યના સુપરહીરો''

# વિટામિન્સથી ભરપૂર સંતુલિત આહાર જ સ્વસ્થ જીવનની ચાવી



## ૧૫ થી ૪૯ વર્ષની અંદાજે ૬૫ ટકા મહિલાઓ એનિમિયાનો શિકાર

**અબતક ,રાજકોટ**

વિટામિન્સ એવા નાના પરંતુ અતિઆવશ્યક પોષક તત્વો છે, જે આપણું શરીર પોતે ઉત્પન્ન કરી શકતું નથી. તેથી તેને દૈનિક આહાર દ્વારા મેળવવા જરૂરી બને છે. વિટામિન્સ શરીરને તાકાત આપે છે, રોગપ્રતિકારક શક્તિ મજબૂત કરે છે અને શરીરના આંતરિક કાર્યોને સુચારુ રીતે ચાલું રાખવામાં મહત્વની ભૂમિકા ભજવે છે.

સંતુલિત આહાર વિના તંદુરસ્ત જીવન શક્ય નથી. યોગ્ય માત્રામાં અનાજ, શાકભાજી, ફળફળાદી, દાળ, દૂધ અને સૂકા મેવા લેવાથી શરીરને જરૂરી તમામ વિટામિન્સ અને ખનિજ તત્વો મળી રહે છે. વિટામિન્સ શરીરના વિકાસ, જાળવણી, યોગ્ય પાચન અને રોગોથી બચાવ માટે અત્યંત જરૂરી છે.દરેક વિટામિનનું શરીરમાં પોતાનું (અનુ. આઠમા પાને)

રિપોર્ટરઃ અંજલી સોરઠીયા
કેમેરામેનઃ હર્ષ ઝિંઝુવાડીયા
તસવીરઃ જીતુભાઈ ડોડીયા



### વિટામીનની ઉણપથી અંધાપો કે નાની ઉંમરમાં ચશ્મા આવેઃ ડો. નેહા શાહ

અબતક સાથેની ખાસ વાતચીતમાં ડોક્ટર નેહાએ જણાવ્યું કે વિટામિન એ આંખ માટે હોય, વિટામિન એ ની ઊણપથી દૃષ્ટિ ઓછી થાય છે અંધાપો આવી જવો નાના બાળકોમાં અત્યારે ચશ્માની સમસ્યા હોય છે. તે ગાજર, બીટ, દૂધની બનાવટ માંથી મળે છે. વિટામીન બી૧૨ની ઉણપને લીધે એનીમિયા વધારે જોવા મળે છે. ગુજરાતીઓમાં ખાસ કરીને વેજિટેરિયન લોકોમાં વધારે જોવા મળે છે. તે કઠોળ ,લીલા શાકભાજી ,અનાજ માંથી મળે છે. વિટામિન ડી સૂર્યપ્રકાશ માંથી મળે છે. તેની ઉણપથી (અનુ. આઠમા પાને)



### એનર્જી વધારવા માટે વિટામીન ખૂબ જ મહત્વપૂર્ણઃ ડો. પુજા કગથરા



ડો. પૂજા કગથરા જે છેલ્લા દસ વર્ષથી ક્લિનિકલ ડાઈટેશિયન તરીકે કામ કરે છે. તેમને અબતક સાથેની ખાસ વાતચીતમાં જણાવ્યું કે એનર્જી વધારવા માટે વિટામિન્સ વધારે જરૂરી છે. વિટામિન એ લાલ ફળો જેવા કે ગાજર બીટ માંથી મળે છે. વિટામીન બી૬ અને બી૯ પ્રેગનેન્સી માટે ખૂબ જરૂરી છે. વિટામીન બી૧૨ આખા શરીર માટે જરૂરી છે. વિટામિન ડી સાંધા, હાડકા માટે જરૂરી છે. વિટામીન ઈ નોટ ડ્રાય ફૂડ અખરોટ માંથી મળે છે. એનીમિયા વધારે સ્ત્રીઓમાં શા માટે થાય છે (અનુ. આઠમા પાને)

### વાઈટલ અને અમાઈનથી બનેલો શબ્દ એટલે વિટામીનઃ ડો. રીમા દેસાઈ રાવ



ડો. રીમા દેસાઈ રાવ છેલ્લા ૩૦ વર્ષથી રાજકોટમાં ડાઈટેશિયન તરીકે પ્રેક્ટિસ કરી રહ્યા છે. તેમણે અબતક સાથેની ખાસ વાતચીતમાં જણાવ્યું કે વિટામિન બે શબ્દોથી બનેલો છે, વાઈટલ અને અમાઈન . વાઈટલ એટલે ખૂબ જ જરૂરી અને અમાઈન એટલે એ એક કેમિકલ ગ્રુપ છે. શરીરમાં બનતા નથી તેથી આપણે તેને બહારથી લેવા પડે છે. વિટામિન્સને બે પ્રકારમાં વહેંચી શકીએ , જળદ્રાવ્ય,ચરબીદ્રાવ્ય. જળદ્રાવ્ય વિટામિન્સ (અનુ. આઠમા પાને)

## ગીરગંગા પરિવાર ટ્રસ્ટ ઈતિહાસ રચવા તૈયાર

# સૌરાષ્ટ્રભરમાં પૂજાયેલા ૨૧૦૦ જલકળશનું રાજકોટમાં થશે આગમનઃ કાલે ''મહા જલપૂજન''

### બેન્ડની સુરાવલીઓ સાથે દિવ્ય વાતાવરણમાં જલકળશ યાત્રા જલકથા સ્થળ રેસકોર્સ મેદાન ખાતે પહોંચશે

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્રમાં પાણીની અછત દૂર કરવા અને જળસ્રોતોને પુનર્જીવિત કરવાના સંકલ્પ સાથે ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા ૧,૧૧,૧૧૧ જળ સ્ટ્રકચર તૈયાર કરવાના અભિયાનના ભાગરૂપે એક દિવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. ૧૪ ડિસેમ્બર, રવિવારના રોજ રાજકોટમાં મહા જલકળશ યાત્રા અને મહા જલપૂજન યોજાશે. આ માટે દેશની ૩૧ પવિત્ર નદીઓના જળ એકત્ર કરીને કળશમાં ભરીને સૌરાષ્ટ્રના ગામે-ગામ જનજાગૃતિ માટે મોકલાયા હતા. હવે તે ૨૧૦૦ જેટલા પૂજાયેલા જળકળશ રવિવારે સવારે રાજકોટ પરત આવી પહોંચશે.

આ ભવ્ય પ્રસંગે જેમના ઘરે પૂજન માટે જળકળશ હતા તે તમામ મહિલાઓ, જ્ઞાતિ મંડળોના મહિલા આગેવાનો અને મોટી સંખ્યામાં રાજકોટ-

(અનુ. આઠમા પાને)





## જલકથા પૂર્વે મધ્યસ્થ કાર્યાલયની મુલાકાત લેતા રાજકીય-સામાજિક અગ્રણીઓ

સૌરાષ્ટ્રને હરિયાળું બનાવવાના લક્ષ્ય સાથે ૧,૧૧,૧૧૧ જળ સ્ટ્રક્ચરો તૈયાર કરવાના અભિયાન અંતર્ગત ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા આયોજિત ડો. કુમાર વિશ્વાસની 'જલકથા' પૂર્વે રાજકીય અને સામાજિક અગ્રણીઓએ મધ્યસ્થ કાર્યાલયની મુલાકાત લીધી હતી. બ્રહ્મ સમાજ, ક્ષત્રિય સમાજ, શહેર ભાજપના નેતાઓ અને બોલબાલા ટ્રસ્ટના ૪૦૦થી વધુ કાર્યકરોએ ટ્રસ્ટની જળસંચયની પરિણામલક્ષી પ્રવૃત્તિને બિરદાવી હતી. બોલબાલા ટ્રસ્ટના જયેશભાઈ ઉપાધ્યાય અને અન્ય અગ્રણીઓએ ગીરગંગાના વોટર ગ્રાસરૂટ પ્લાનને 'સીમાચિહ્નરૂપ' ગણાવી, સૌરાષ્ટ્રનું જળસંકટ દૂર કરવાના આ મહા-આયોજનમાં તન, મન અને ધનથી સહયોગ આપવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. ટ્રસ્ટના પ્રમુખ દિલીપભાઈ સખીયાએ જણાવ્યું હતું કે, આ સ્ટ્રક્ચરો ભૂગર્ભ જળસ્તર ઊંચા લાવવામાં અને ખેતીને સમૃદ્ધ બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવશે.

ગીરગંગા પરિવાર ટ્રસ્ટ આયોજિત 'જલકથા' અબતક પર લાઈવ નિહાળો
ઈન કેબલ ૫૬૧ | ડેન નેટવર્ક ૫૭૩ | રિયલ જીટીપીએલ-સુરત ૩૫૦ | સહયોગ નેટવર્ક ૧૦૫
YouTube Live
LIVE
@abtakmedia
ડો. કુમાર વિશ્વાસની જલકથા અબતક પર લાઈવ નિહાળો તા.૧૫, ૧૬ અને ૧૭ રાત્રે ૮:૦૦ કલાકે

# મારવાડી યુનિવર્સિટીમાં ૧૩મી રક્તદાન શિબિરમાં ૪૦૯૧ બોટલ રક્ત એકત્રિત

### માનવતાભર્યા કાર્યક્રમો છાત્રોમાં સેવા-કરૂણના મૂલ્યોને મજબૂત બનાવે છેઃ વાઈસ ચેરમેન જીતુભાઈ ચંદારાણા



**અબતક, રાજકોટ**

મારવાડી યુનિવર્સિટી ખાતે એનએસએસ દ્વારા આયોજન કરાયેલ અને એનએસએસ તથા લાઈફ બ્લડ બેન્કના સહયોગથી સંપન્ન થયેલી ૧૩મી રક્તદાન શિબિરમાં ૧૨૯ વિદ્યાર્થી સ્વયંસેવકોએ રક્તદાન કરીને માનવસેવાનું અનન્ય ઉદાહરણ પૂરું પાડ્યું. ખાસ વાત એ છે કે અનેક આંતરરાષ્ટ્રીય તેમજ વિવિધ રાજ્યોના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈને આ શિબિરને વિશેષ સફળતા અપાવી.

યુનિવર્સિટીની અગાઉ યોજાયેલી ૧૨ રક્તદાન શિબિરો દ્વારા કુલ ૩૯૬૨ બોટલ રક્તનું દાન થયું હતું. આજની ૧૩મી શિબિર સાથે, છેલ્લા નવ વર્ષનો કુલ આંકડો વધીને ૪૦૯૧ બોટલ સુધી પહોંચ્યો છે-જે યુનિવર્સિટીના સમાજપ્રત્યેના સતત અને પ્રભાવશાળી યોગદાનની નોંધ લે છે.

કાર્યક્રમની શરૂઆત દીપ પ્રજ્વલન દ્વારા કરવામાં આવી હતી. દીપ પ્રજ્વલન એક્ઝિક્યુટિવ રજીસ્ટ્રાર શ્રી નરેશ જાડેજા, રજીસ્ટ્રાર પિન્ટો મામ્મેન, ડીન - સ્ટુડન્ટ વેલફેર પ્રોફ. ડો. રાજેશ પટેલ, નર્સિંગ કોલેજના પ્રિન્સિપાલ ડો. મુકેશ ટાંક અને એનએસએસ કાર્યક્રમ સંયોજક પ્રોફ. નવનીત પટેલ દ્વારા કરવામાં આવ્યું.

શિબિરને સફળ બનાવવામાં એનએસએસ સંચાલક પ્રો. કૃતિ રાઠોડના માર્ગદર્શન હેઠળ એનએસએસ અને એનએસએસના વિદ્યાર્થીઓએ ક્લાસ-ટુ-ક્લાસ જાગૃતિ અભિયાન ચલાવ્યું, જેમાં વિદ્યાર્થીઓને રક્તદાન માટે પ્રેરિત કરવામાં આવ્યા.

શિબિરમાં પ્રથમ રક્તની બોટલ સિરિયન વિદ્યાર્થી મોહમ્મદ ખૈર અલી અબ્બાસ દ્વારા આપવામાં આવી. છેલ્લા ત્રણ વર્ષથી તેઓ મારવાડી યુનિવર્સિટીમાં યોજાતી દરેક રક્તદાન શિબિરમાં નિયમિતપણે જોડાઈ રહ્યા છે અને અત્યાર સુધીમાં ૧૦ થી વધુ વખત રક્તદાન કરી ચૂક્યા છે.

શિબિરમાં ભારતના વિવિધ રાજ્યો તથા ભૂટાન, ઈન્ડોનેશિયા, મ્યાનમાર અને આફ્રિકા ખંડના વિવિધ દેશોના આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં જોડાઈ માનવસેવામાં યોગદાન આપ્યું.

ટ્રસ્ટી ધ્રુવ મારવાડીએ જણાવ્યું હતું કે,મારવાડી યુનિવર્સિટી તમામ રક્તદાતાઓ અને આયોજકોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરે છે.

કાર્યક્રમના સફળ આયોજન અંગે યુનિવર્સિટીના વાઈસ ચેરમેન અને કો-ફાઉન્ડર જીતુભાઈ ચંદારાણાએ જણાવ્યું હતું કે, આવા માનવતાભર્યા કાર્યક્રમો માત્ર

(અનુ. આઠમા પાને)

## કહેવાય છે કે,આજે લોક અદાલત છે...




તસવીરઃ શૈલેષ વાડોલિયા

શ્વાન બાબતે છેલ્લા ઘણા સમય થી ચર્ચાનો વિષય બન્યો છે શ્વાન બાબતે સુપ્રીમ કોર્ટ દ્વારા દરેક રાજ્યો ને નોટીસ મોકલી હતી જેમાં શેલ્ટર હોમ લઈ ગયેલા શ્વાનને છોડી મૂકવામાં આવશે આ સિવાય હિંસક અને બીમાર શ્વાનને છોડવામાં નહીં આવે અને જાહેર રસ્તા પર શ્વાનને ભોજન આપવા બાબતે પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો. શહેરની કોર્ટમાં લોક અદાલતનુ આયોજન કરવામાં આવ્યું હતું.

રાજકોટ શહેર કોર્ટ કમ્પાઉન્ટમાં આજે લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં નાનામાં નાના કેસો નું સુખદ અંત લાવવા આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં એક શ્વાન પોતે પોતાની વેદના સાથે કોર્ટ પરિસર માં દાખલ થઈને વેદના સાથે હું એટલો બધો મનુષ્ય માટે નડતર છું મનુષ્યનો વફાદાર પ્રાણી છું. હવે મારે જાવું તો ક્યાં જવું તો દ્વારા અમારી નાતમાં ચર્ચા થઈ આજે લોક અદાલત છે

(અનુ. આઠમા પાને)

# પૂર્વ મુખ્યમંત્રી દિવંગત વિજયભાઈ રૂપાણીની છઠ્ઠી માસિક પૂણ્યતિથિએ ભાવસભર ભક્તિ સંધ્યા

### અંજલિબેન રૂપાણી, ઋક્ષભભાઈ રૂપાણી, અદિતિબેન રૂપાણી, અમીનેશભાઈ રૂપાણી, મેહુલભાઈ રૂપાણી સહિત સમગ્ર રૂપાણી પરિવાર, ડર્ટી ડઝન ગ્રુપના સભ્યો આપી શ્રદ્ધાંજલિ



**અબતક, રાજકોટ**

ગુજરાત રાજ્યના લાગણીશીલ અને સંવેદનશીલ પૂર્વ મુખ્યમંત્રી સ્વ. વિજયભાઈ રૂપાણી સાહેબની છઠ્ઠી માસિક પુણ્યતિથિ નિમિતે તેમની સ્મૃતિમાં રાજકોટ સ્થિત પ્રકાશ સોસાયટી ખાતે તેમના નિવાસસ્થાને ભક્તિ સંધ્યાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ ભક્તિ સંધ્યામાં 'ડર્ટી ડઝન ગ્રુપ'ના સભ્ય શૈલેષભાઈ વ્યાસે સ્વ. વિજયભાઈ રૂપાણીની

(અનુ. આઠમા પાને)



# ક્ષત્રિય રાજપૂત સમાજ દ્વારા મંગળવારે વિજય દિવસની ઉજવણી અને વીર જવાનોનું સન્માન

### અબતક મીડિયા હાઉસની શુભેચ્છા મુલાકાતે આવેલા આયોજકોએ આપી માહિતી

**અબતક, રાજકોટ**



તસવીરઃ શૈલેષ વાડોલિયા

ક્ષત્રિય (ગિરાસદાર) રાજપૂત સમાજ દ્વારા આગામી ૧૬ ડિસેમ્બર, ૨૦૨૫ ને મંગળવારના રોજ ''વિજય દિવસ''ની ભવ્ય ઉજવણી અને વીર જવાનોના સન્માન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ રાજકોટના હેમુ ગઢવી હોલમાં બપોરે ૨:૩૦ કલાકે યોજાશે. આ મહત્વપૂર્ણ પ્રસંગની માહિતી આપવા માટે ક્રિપાલસિંહ રાણા, જયેન્દ્રસિંહ જાડેજા, પૃથ્વીરાજસિંહ જેઠવા, જયદીપસિંહ રાણા, મનુભા રાઠોડ, યોગેન્દ્ર સિંહ જેઠવા સહિતના સમાજના અગ્રણીઓએ અબતક મીડિયા હાઉસની શુભેચ્છા મુલાકાત લીધી હતી.

આ સન્માન કાર્યક્રમમાં ક્ષત્રિય (ગિરાસદાર) રાજપૂત સમાજના નિવૃત્ત જવાનો તેમજ હાલમાં ફરજ બજાવતા વીર જવાનોનું ગૌરવભેર સન્માન કરવામાં આવશે. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાની વિશેષ ઉપસ્થિતિ રહેશે. તેમની સાથે પૂર્વમંત્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (હકુભા), નિવૃત્ત આઈ.જી. (બી.એફ.એસ.) રાજસિંહજી રાઠોડ, આર્મીના નિવૃત્ત બ્રિગેડિયર નિર્મળસિંહજી રાયજાદા, ડો. કલ્યાણસિંહજી ચંપાવત (એમબીએ, પીએચડી, એચઆરડી) અને જિલ્લા યુવા વિકાસ અધિકારી ધર્મરાજસિંહજી જે. વાઘેલા સહિતના અગ્રણીઓ હાજર રહી જવાનોને સન્માનિત કરશે.

ક્ષત્રિય (ગિરાસદાર) રાજપૂત સમાજ તેમના સમાજ પ્રેમી વડીલો અને યુવાનોને આ રાષ્ટ્રીય પર્વ અને જવાન સન્માનના પાવન

(અનુ. આઠમા પાને)



# ઘણી ખમ્મા: વહાલુડીના વિવાહમાં પ્રભુતામાં પગલા પાડનારી દીકરીઓનાં ઓવારણા લેતા માવતર

### વહાલુડીના વિવાહમાં પ્રભુતામાં પગલા પાડનારી દીકરીઓએ દીકરાનું ઘર વૃધ્ધાશ્રમની મુલાકાત લીધીઃ ૨૫ કોડભરી દીકરીઓનું કન્યાદાન વડીલોના હસ્તે કરવામાં આવશે

**અબતક, રાજકોટ**

દેશ વિદેશમાં પોતાની સેવા પ્રવૃતિથી જાણીતા દીકરાનું ઘર વૃદ્ધાશ્રમ ઢોલરા દ્વારા આગામી ૨૧ ડિસેમ્બરના રોજ રાજકોટના આંગણે માતા પિતા વિહોણી કે પિતા વિહોણી ૨૫ દીકરીઓના જાજરમાન લગ્નોત્સવ યોજાનાર છે જે અંતર્ગત વહાલુડીના વિવાહમાં પ્રભુતામાં પગલા પાડનારી તમામ ૨૫ શુકનવંતી દીકરીઓ વ્હાલુડીઓ અને જમાઈરાજાઓ દીકરાનું ઘર વૃદ્ધાશ્રમની મુલાકાતે પધારતા સંસ્થાના પરિસરમાં લાગણીભીના દ્રશ્યો જોવા મળેલ અને પરિસર વહાલુડીઓથી છલકાઈ ગયેલ.

દીકરી જમાઈ સંસ્થાની મુલાકાતે આવતા હોય આવકારવા માટે વડીલોમાં ભારે ઉત્સાહ જોવા મળેલ. દીકરીઓના સ્વાગત માટે આસોપાલવના તોરણ બાંધવામાં આવેલ, રંગોળી બનાવવામાં આવેલ. ભાવતા ભોજનીયા તૈયાર કરેલ તેમજ દીકરીઓના સ્વાગતમાં કોઈ કચાશ ન રહી જે તેની ચિંતા કરેલ

દીકરી જમાઈના સ્વાગત માટે સવારથી વડીલો ઉત્સુક હતા બધાજ વહાલો સંસ્થાના દરવાજા પાસે બને બાજુ કતારમાં ઉભા રહી ગયેલ તમામ દીકરી જમાઈની આરતી ઉતારવામાં આવી, પુષ્પવૃષ્ટિ કરવામાં આવી, કુમકુમ તિલક કરી તેમજ શ્રીજી બાવાનો ખેસ પહેરાવી તેમજ ભગવાનનો પ્રસાદ ખવડાવી ભાવભીનું લાગણીસભર સ્વાગત કરેલ તેમજ દીકરીઓના ઓવારણા લઈ દાંપત્ય જીવન સદા સર્વદા સુખમય નિરામય



ધર્મપરાયણ પ્રસન્ન બની રહે તેવા અંતરના આશીર્વાદ આપેલ.

તમામ ૨૫ દીકરી જમાઈએ સંસ્થાના માવતરોના ચરણસ્પર્શ કરીને આશીર્વાદ લીધેલ તેમજ વડીલોને પોતાના હાથે પીરસીને પ્રેમથી ભોજન કરાવેલ દીકરીઓ અને જમાઈરાજાઓએ સંસ્થાના વિવિધ વિભાગો ફોટો ગેલેરી શિવ મંદિર ભારતમાતા મંદિર ઓડિટોરિયમ રિક્રિએશન રૂમ ધ્યાન કુટિર ગાર્ડન ડાઈનિંગ હોલ વડીલોના રૂમોની મુલાકાત લીધી હતી અને પોતાનો રૂડો રાજીપો વ્યક્ત કરેલ. વહાલુડીના વિવાહ ૮ માં પ્રભુતામાં પગલા પાડનારી તમામ દીકરીઓના જાજરમાન લગ્નોત્સવમાં તમામ વડીલો હાજર રહીને નવદંપતિઓને આશીર્વાદ પાઠવશે એટલું જ નહીં સંસ્થાના ૬૦ વડીલોમાંથી એક વડીલ દંપતિ ૨૫ શુકનવંતી દીકરીઓમાંથી એક દીકરીને કન્યાદાન પણ કરશે

તમામ ૨૫ દંપતિઓની મુલાકાત યાદગાર લાગણીસભર અશ્રુભીની ભાવનાત્મક બની રહી તેમજ દીકરી જમાઈઓએ પણ પોતાના જીવનનો યાદગાર દિવસ ગણાવ્યો હતો.

સમગ્ર આયોજનની સફળતા માટે સંસ્થાના મુકેશભાઈ દોશીના માર્ગદર્શન હેઠળ અનુપમ દોશી, સુનિલ વોરા, નલિન તન્ના, ફાલ્ગુનીબેન કલ્યાણી, ગીતા વોરા, મોસમી કલ્યાણી, હસુભાઈ શાહ, પંકજ રૂપારેલિયા, પ્રફુલભાઈ પરીખ, કાર્મેબ માજી, હરેશ દવે, મોન્ટુ પાલીવાલ કાર્યરત રહેલ રવા હતા.

# રાજ્યસભાના સાંસદ પરિમલ નથવાણીએ માનહાનીનો ૧૦૦ કરોડનો દાવો નોંધાવતાં ભારે ખળભળાટ

## સનાતન સત્ય સમાચાર સંજય ચેતરીયા, મયુર જાની, હિંમાશુ ભાયાણી, બન્ને ગજેરા અને દિલીપ પટેલ વિવાદીત પોસ્ટ મુકી: અદાલત દ્વારા તાત્કાલિક અસરથી તમામ સોશિયલ મીડિયા વગેરે પરથી વિવાદિત પોસ્ટ દૂર કરવાનો પણ આદેશ

**અબતક, સાગર સંઘાણી, જામનગર**

રાજ્યસભાના સાંસદ અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ કંપનીના ડાયરેકટ પરિમલભાઈ નથવાણી, કે જેઓ પર છેલ્લા કેટલાક સમયથી સોશિયલ મીડિયા ના માધ્યમ થી વિવાદિત પોસ્ટ કરવામાં આવી રહી છે, જેને લઈને પોતાની જાહેરમાં બદનક્ષી કરવા બદલ અદાલતનું શરણ લીધું છે, અને આવી પોસ્ટ મૂકનાર તમામ સામે ૧૦૦ કરોડનો માનહાનીનોં દાવો નોંધાવ્યો છે, જેમાં હાલના તબક્કે અદાલત દ્વારા તાત્કાલિક અસરથી તમામ વિવાદિત પોસ્ટને દૂર કરી નાખવાનો આદેશ કર્યો છે.

રાજ્યસભાના સંસદસભ્ય અને રિલાયન્સના કંપનીના ડાયરેકટ પરિમલભાઈ નથવાણી કે જેઓ સામે છેલ્લા કેટલાક સમયથી કંપનીના નામ સહિતની કેટલીક વિવાદિત પોસ્ટ મૂકવામાં આવી છે, અને તેઓની જાહેરમાં માનહાની થાય તે પ્રકારના કેટલાક સંવાદ વગેરે સાથેની પોસ્ટ સોશિયલ મીડિયામાં વહેતી કરવામાં આવી રહી છે, જેના કારણે પોતાની બદનક્ષી અને માનહાની થઈ રહી છે, તે બાબતે અદાલતનું શરણ લીધું હતું, અને તેઓએ કોઈ પણ પ્રકારની પાયા વિહોણી પોસ્ટ વહેતી કરનાર તમામ સામે ૧૦૦ કરોડનો માનહાની નો દાવો દાખલ કર્યો છે.

જેઓ દ્વારા દાખલ કરાયેલા ૧૦૦ કરોડના માનહાનિના દાવામાં, અદાલતે ૪૮ કલાકની અંદર સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પરથી તેમના વિરુદ્ધ તમામ માનહાનિકારક સામગ્રી તાત્કાલિક દૂર કરવાનો આદેશ આપ્યો છે.



સાંસદ પરિમલભાઈ નથવાણી

એ સનાતન સત્ય સમાચાર, સંજય ચેતરિયા, ધ ગુજરાત રિપોર્ટ, મયુર જાની, હિમાંશુ ભાયાણી, દિલીપ પટેલ અને ભાવિન ઉર્ફે બન્ની ગજેરા સામે પોતાના વિશે ખોટી અને માનહાનિકારક સામગ્રી ફેલાવવા બદલ ૧૦૦ કરોડનો માનહાનિનો દાવો દાખલ કર્યો છે.

ગઈકાલે શુક્રવારે અદાલતે આ દાવાના પ્રકરણમાં સંડોવાયેલા તમામ વ્યક્તિઓ અને સંસ્થાઓને નોટિસ અને સમન્સ જારી કર્યા છે. કોર્ટે તેઓના વિરુદ્ધ કરવામાં આવેલી બધી માનહાનિકારક પોસ્ટ તાત્કાલિક દૂર કરવાનો પણ આદેશ આપ્યો છે, જેનાથી તેમને વચગાળાનું રક્ષણ મળ્યું છે.તેઓએ સોશિયલ મીડિયાના માધ્યમથી ટ્વિટ કરીને જણાવ્યું છે કે હું મારી પ્રામાણિકતા જાળવી રાખવા માટે પ્રતિબદ્ધ છું, અને પાયાવિહોણા આરોપોને જનતાને ગેરમાર્ગે દોરવા કે મારી પ્રતિષ્ઠાને કલંકિત થવા દઈશ નહીં. સત્ય માટે ઊભા રહેવામાં મને ટેકો આપનારા દરેકનો હું હૃદયપૂર્વક આભાર માનું છું. તેમ પણ તેઓએ ટ્વિટ કરીને જણાવ્યું છે.

---

### ઓપરેશન મ્યુલ હંટ : સાયબર ક્રાઈમની કમ્મર તોડી નાખવા રાષ્ટ્રવ્યાપી અભિયાન

# રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરમાં બેંક એકાઉન્ટ ભાડે આપનાર ૫૦ થી વધુ શખ્સો સામે કાર્યવાહી

## લાલચમાં સપડાઈ કમિશન મેળવવા ઘેલા બનેલા લોકો ફસાયા : રાજકોટ, શાપર, જેતપુર, ઉપલેટા, મોરબી, અમરેલી અને જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રભરના બેંક એકાઉન્ટમાં ઠલવાયેલા ફ્રોડના નાણાં સામે પોલીસ મેદાને, ધડાધડ ગુના દાખલ કરાયા

### ચેતજો... ખાતું ભાડે ચડાવી કમિશન મેળવતા હોય તો જેલમાં જવાની તૈયારી રાખજો

લોકોને પોલીસ દ્વારા અપીલ કરવામાં આવી છે કે, આપ નજીવી લાલચમાં કોઈ વ્યક્તિના વિશ્વાસમાં આવી પોતાનું બેંક એકાઉન્ટ, ચેક બુક, એટીએમ કે સીમ કાર્ડ અન્ય કોઈ વ્યક્તિઓને આપી, કોઈ વ્યક્તિ તમારા બેંક એકાઉન્ટમાં પૈસા જમા કરે કે કરાવે તો વિડ્રો કરી આપવા નહીં. તે ફ્રોડથી મેળવેલ નાણા હોય શકે છે. તો આવા લોકો આપના વિશ્વાસનો દુરઉપયોગ કરી, સાયબર ફ્રોડ આચરતા હોય છે. જો કોઈ વ્યક્તિ પોતાનું બેંક એકાઉન્ટ, ચેક બુક, એટીએમ, સીમ કાર્ડ અન્ય કોઈ વ્યક્તિને વાપરવા કે ઉપયોગ કરવા માટે આપશે તો તેઓની વિરૂધ્ધ પણ કાર્યવાહી કરવામાં આવશે.

**અબતક, રાજકોટ**

સાયબર ક્રાઈમ સિન્ડિકેટની કમર તોડી નાખવા ભારત સરકારના ઓપરેશન મ્યુલ હન્ટ હેઠળ એજન્ટ અને બેંક એકાઉન્ટ ધારકો વિરુદ્ધ સૌરાષ્ટ્ર ભરની પોલીસે મુહિમ આદરી છે. અનેક ગુના નોંધી ૫૦ થી વધું શખ્સો સામે કાર્યવાહી કરવામાં આવી છે. રાજકોટ, શાપર, જેતપુર, ઉપલેટા, મોરબી, અમરેલી અને જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રભરના બેંક એકાઉન્ટમાં ઠલવયેલા ફ્રોડના રૂપીયા સામે પોલીસ મેદાને આવી છે અને ધડાધડ ગુના દાખલ કરતાં આરોપીઓમાં ફફડાટ ફેલાયો છે.

ભારત સરકાર તરફથી મ્યુલ બેંક એકાઉન્ટ ની માહિતી મળેલ હતી, જે અનુસંધાને રાજકોટ રેન્જ આઈજી અશોકકુમાર યાદવ એસપી વિજયસિંહ ગુર્જર જેતપુર એએસપી સીમરન ભારદ્વાજ દ્વારા સાયબર ક્રાઈમના બનતા ગુનાઓમાં વપરાતા ''મ્યુલ એકાઉન્ટનો'' ઉપયોગ કરી સાયબર ફ્રોડ આચરતા ગુનેગારો તેમજ બેંક એકાઉન્ટ શોધનાર એજન્ટો વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવાની આપેલ સુચનાથી જેતપુર સીટી પોલીસ મથકના પીઆઈ એ.ડી.પરમાર તથા રાજકોટ રેન્જ અને ગ્રામ્ય સાયબર સેલના સીધા માર્ગદર્શન હેઠળ મ્યુલ બેંક એકાઉન્ટ હોલ્ડરોની તાત્કાલીક પ્રાથમીક તપાસ કરવા માટે પોલીસ સ્ટેશનની અલગ અલગ ટીમો બનાવવામાં આવેલ હતી.

જેમાં મ્યુલ બેંક એકાઉન્ટ હોલ્ડરોની 'સમનવ્ય' અને 'એનસીસીઆરપી' પોર્ટલ તળે સાયબર ફ્રોડના ભોગબનનાર વ્યકિતઓના બેન્ક ટ્રાન્ઝેકશનોની પ્રાથમીક તપાસ કરતા આરોપીઓએ પોતાના આર્થીક ફાયદા માટે એજન્ટોની સાથે પુર્વ આયોજીત ગુનાહિત કાવતરુ રચી સાયબર ફ્રોડથી મેળવેલ કુલ રૂ. ૧૪.૩૦ લાખ ચેકથી વિડ્રો કરી, કેશ મેળવી, સાયબર ફ્રોડના નાણા સગેવગે કરનાર અજીમ ઈકબાલ સોલંકી (રહે. કશન મુળજી શેરી, ફુલવાડી રોડ, જેતપુર), મીત જગદિશ ગુજરાતી, (રહે. ડોકટર ભીખાજીની શેરી, ફુલવાડી ઢોરો, જેતપુર), ફેજાન ફારૂક વાડીવાલા (રહે. ચક્કી વાળી શેરીમાં, લાદી રોડ, જેતપુર) અને હર્ષ સુનીલભાઈ પરમાર (રહે. લુહાણા શેરી, મોટા ચોક, જેતપુર) ને પકડી પાડી પાંચ મોબાઈલ મળી કુલ રૂ.૧.૭૫ લાખનો મુદામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

જ્યારે અન્ય શખ્સોમાં ગૌરવ ભટ્ટ (રહે. જેતપુર),મુસ્તકીમ અમીન માલાણી (મુળ રહે. જેતપુર, હાલ રહે. સુરત), તાઝીમ અમીન માલાણી (મુળ રહે. જેતપુર, હાલ રહે. સુરત) સહિતના આરોપીની શોધખોળ હાથ ધરી છે.

જ્યારે ઉપલેટા પોલીસ મથકના પીઆઈ બી.આર.પટેલ તથા રાજકોટ ગ્રામ્ય સાયબર સેલના સીધા માર્ગદર્શન હેઠળ મ્યુલ બેંક એકાઉન્ટ હોલ્ડરોની તાત્કાલીક પ્રાથમીક તપાસ કરવા માટે પોલીસ સ્ટેશનની અલગ અલગ ટીમો બનાવવામાં આવેલ હતી. જેમાં મ્યુલ બેંક એકાઉન્ટ હોલ્ડરોની 'સમનવ્ય' તથા 'એનસીસીઆરપી' પોર્ટલ તળે તપાસ કરતા અલગ અલગ રાજ્યમાં ૦૬ જેટલી સાયબર અરજી થયેલ હોય જેથી મ્યુલ બેંક એકાઉન્ટ હોલ્ડરના બેન્ક ટ્રાન્ઝેકશનોની પ્રાથમીક તપાસ કરતા આરોપીઓએ અલગ અલગ વ્યકિતઓ પાસેથી સાયબર ફ્રોડથી મેળવેલ નાણા સગેવગે કરવા આરોપીઓએ બેન્ક એકાઉન્ટમાં ટ્રાન્સફર કરાવી ચેક મારફતે રૂ.૨૦ લાખ વિડ્રો કરી આર્થીક લાભ મેળવી અલગ અલગ વ્યક્તિઓ પાસેથી સાયબર ફ્રોડના નાણા હોવાનું જાણવા છતા મેળવેવી ઠગાઈ કરતાં બે શખ્સો સામે ગુનો નોંધ્યો હતો.

જેમાં આરોપી અલ્પેશ કરશન સુવા (ઉ.વ.૩૨, રહે. શીક્ષક નગર સામે, રાજમોતી નગર, ઉપલેટા) ને પકડી પાડ્યો હતો, જ્યારે કૃષ્ણદેવસિંહ ઉર્ફે લાલુ રણજીતસિંહ જાડેજા (રહે.ઉપલેટા) પોલીસ પકળથી દૂર રહેતાં તેની શોધખોળ આદરી હતી. જ્યારે શાપર પોલીસ મથકના પીઆઈ આર.બી.રાણા અને ટીમે મ્યુલ બેંક એકાઉન્ટ હોલ્ડરોની તાત્કાલીક પ્રાથમીક તપાસ કરતાં જેમાં સમનવ્ય તથા એનસીસીઆરપી પોર્ટલ તળે થયેલ અરજી અનુસંધાને અલગ અલગ વ્યકિતઓ પાસેથી સાયબર ફ્રોડથી મેળવેલ નાણા સગેવગે કરવા આરોપીઓએ બેન્ક એકાઉન્ટમાં ટ્રાન્સફર કરાવી ચેક મારફતે રૂ.૯.૩૫ લાખ વિડ્રો કરી આર્થીક લાભ મેળવી અલગ અલગ વ્યક્તિઓ પાસેથી સાયબર ફ્રોડના નાણા હોવાનું જાણવા છતા મેળવેવી ઠગાઈ કરતાં બે શખ્સો સામે ગુનો નોંધ્યો હતો. જેમાં આરોપી મયુર મોહન ચાવડા (રહે. કાંગશિયાળી, રાજકોટ) ની ધરપકડ કરી હતી. જ્યારે એકાઉન્ટ વાપરનાર અમન કાસમ ચોટલીયા (રહે. જંગલેશ્વર, રાજકોટ) ની શોધખોળ હાથ ધરી છે.

### રાજકોટમાં વધુ ૧૬ શખ્સો સામે ગુના નોંધાયા: હજુ અનેક એજન્ટો અને એકાઉન્ટ ધારકો સામે કાર્યવાહીના એંધાણ

સાયબર ક્રાઈમ સેલ ગાંધીનગર દ્વારા રાજકોટમાં કેટલાક એકાઉન્ટમાં સાયબર ફ્રોડના રૂપીયા જમાં થયાની જાણ કરવામાં આવતાં પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, એડી. સીપી મહેન્દ્ર બગરીયા, ડિસીપી ક્રાઈમ જગદીશ બાંગરવાના માર્ગદર્શન હેઠળ સાયબર ક્રાઈમની ટીમે તપાસનો ધમધમાટ આદર્યો હતો. જેમાં પ્રથમ રાજકોટના ૧૯ શખ્સોએ અલગ અલગ એકાઉન્ટમાં રૂપીયા જમા થયા બાદ વિડ્રો કરી લીધાનું સામે આવતાં અલગ અલગ છ ગુના નોંધી સાયબર ફ્રોડમાં વપરાતાં એકાઉન્ટની ચેનલ તોડી બાદ વધું ૧૬ શખ્સો સામે ગુના નોંધાતા સાયબર માફિયામાં ફફડાટ ફેલાયો હતો.જેમાં શાહનવાજ ઈકબાલ હસમાણી (રહે ધ્રોલ), ગન્ની અબુ ડાંગસિયા (રહે શિવપુરા હનુમાન મઢી ચોક પાસે, રાજકોટ), જયેશ પ્રવીણ પરમાર (રહે. વાલ્મિકી વાડી શેરી નંબર ૪ પોલીસ હેડ ક્વાર્ટર સામે), સુમિત દિપક બારૈયા (વાલ્મિકી વાડી આવાસ ક્વાર્ટર), સાગર વાઘેલા (રહે સીતાજી ટાઉનશીપ સ્પીડવેલ પાર્ટી પ્લોટ), હિરેન પ્રવીણ સોલંકી (રહે મામા સાહેબ મંદિરની બાજુમાં મોરબી હાઈવે), કૈલાશ દિનેશ ઉભડિયા (રહે મામા સાહેબ મંદિરની બાજુમાં મોરબી હાઈવે), અમીન ઈકબાલ પઠાણ, સમીર આરીફ ખપિયાણી (રહે. બંને ગંજીવાડા, બેડીપરા), વિપુલ મગન ગોહેલ (રહે વેલનાથ પાર્ક ખોખરદળ પુલની બાજુમાં કોઠારીયા રોડ), અજય રાજેશ લખતરિયા (રહે. રેલનગર), ભાવિન ઘનશ્યામ ધરમાણી (રહે પરસાણાનગર જામનગર રોડ), ધર્મેશ ગોસ્વામી ઉર્ફે ડી.કે. (રહે. રેલનગર), જીગ્નેશ કિશોર લાંગળોજા (રહે રેલનગર) લલિત પ્રવીણચંદ્ર ધાનક (રહે શિવાલય ચોક રેલનગર), પરેશ પટેલ (મોરબી), ભાવિન ઘનશ્યામ ધરમાણી, ધર્મેશ ગોસ્વામી ઉર્ફે ડી.કે., શશી ભૂષણ ભાસ્કર દવે (રહે એવન્યુ બિલ્ડીંગ નાણાવટી ચોક), અમૃત અશોક રાવલ(રહે. સત્યમ પાર્ક ૮૦ ફુટ રોડ) સામે ગુના દાખલ કર્યા હતાં.

### સાયબર માફિયાઓ અને બેંક એકાઉન્ટ હોલ્ડર વચ્ચે એજન્ટરૂપી કડી : ફ્રોડના નાણાંનો આંગડિયામાં હવાલો

આરોપીઓ સાયબર ફ્રોડથી મેળવેલ નાણાઓ પોતાના આર્થીક ફાયદો મેળવવા માટે એજન્ટો શોધે છે, તે એજન્ટો દ્વારા સબ એજન્ટો શોધવામાં આવે છે, તે અલગ અલગ બેંક એકાઉન્ટ હોલ્ડરો શોધી તેને નજીવી લાલચ આપી, એકાઉન્ટ હોલ્ડરના ખાતામાં પૈસા ટ્રાન્સફર કરી, ચેકથી તેમજ એટીએમ દ્વારા કેસ વિડ્રો કરી, આંગડીયા મારફતે પૈસા મેળવવાની મોડસ ઓપરેન્ડી ધરાવે છે.

**ફ્રોડના નાણાંને ચાઈનીઝ એપ, ગેમિંગ ફંડ અને યુએસડીટીમાં ટ્રાન્જેકશન કરી વ્હાઈટમાં રૂપાંતરિત કરવાનું કૌભાંડ : મની લોન્ડરીંગ અને દેશ વિરોધી કૃત્યમાં પણ ફંડનો ઉપયોગ થયો હોવાની પ્રબળ શક્યતા**

---

# ઈન્સ્ટાગ્રામમાં ફ્રેન્ડ રિકવેસ્ટ મોકલી, પીછો કરી ધો.-૯ ની વિધાર્થિનીની જાતીય સતામણી

## રિકવેસ્ટ ડીલીટ કરી નાંખી છતાં આરોપીઓએ તેણીનો સંપર્ક કરી સતત પીછો કરી મોબાઈલ નંબર માંગી હેરાન કરવાનું ચાલુ રાખ્યું : તાલુકા પોલીસે ગુનો નોંધી બેલડીને દબોચી કાયદાનું ભાન કરાવ્યું

**અબતક, રાજકોટ**

કાલાવડ રોડ પર રહેતી અને ધોરણ-૯માં અભ્યાસ કરતી એક વિદ્યાર્થીનીને બે શખ્સોએ ઈન્સ્ટાગ્રામમાં ફ્રેન્ડ રિકવેસ્ટ મોકલી તેણીનો મોબાઈલ નંબર મેળવવા પ્રયાસ કર્યો હતો. તેમજ તેનો વારંવાર પીછો કરી હેરાન પરેશાન કરી તેણીએ રિકવેસ્ટ ડીલીટ કરી નાંખી છતાં તેનો સંપર્ક કરવાનો પ્રયાસ કરવામાં આવતાં અંતે પોલીસને જાણ કરવામાં આવતાં પોલીસે તુરંત કાર્યવાહી કરી ગુનો દાખલ કરી બંને શખ્સને ઝડપી લઈ કાયદાનું ભાન કરાવ્યું હતું.

આ બનાવમાં તાલુકા પોલીસ મથકમાં ભોગ બનનાર ધોરણ-૯માં અભ્યાસ કરતી ૧૩ વર્ષની વિદ્યાર્થીનીના પિતાની ફરિયાદ પરથી નરેન્દ્ર જેઠા મકવાણા અને માલવી જીતેન્દ્ર ચૌહાણ વિરૂધ્ધ જાતીય સતામણી, પોકસો હેઠળ ગુનો નોંધી બંનેને સકંજામાં લીધા છે. વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, આ બાળાને આરોપીઓ નરેન્દ્ર અને માલવે અઠવાડીયા પહેલા ઈન્સ્ટાગ્રામમાં ફ્રેન્ડ રીકવેસ્ટ મોકલી હતી અને તેણીના મોબાઈલ નંબર મેળવવા પ્રયાસ કર્યો હતો.

પરંતુ બાળા પોતે આ બંનેને ઓળખતી ન હોઈ રિકવેસ્ટ ડીલીટ કરી નાંખી હતી. આમ છતાં આ બંનેએ તેણીનો સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો હતો અને સતત પીછો કરી હેરાન કરવાનું ચાલુ રાખ્યું હતું.

અંતે બાળાએ આ અંગે વાલીને જાણ કરતાં તાલુકા પોલીસમાં ફરિયાદ દાખલ કરાવાઈ હતી. પીઆઈ ડી. એમ. હરીપરાએ ગુનો દાખલ કરી બંને આરોપીને સકંજામાં લઈ કાર્યવાહી કરી છે.

---

# દુષ્કર્મના ગુનામાં આરોપીની ચાર્જશીટ પછીની જામીન અરજી રદ

**અબતક, રાજકોટ**

જંગલેશ્વરના શખ્સની રેગ્યુલર જામીન અરજી અદાલતે ફગાવી દીધી છે.એ ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતા પરિવારની ૧૫ વર્ષના ૧૧ માસ વાળી સગીર પુત્રીને લલચાવી ફોસલાવી પ્રેમ જાળમાં ફસાવી અપહરણ કરી ગયાની ફરિયાદ ગત તારીખ ૧૧-૯-૨૦૨૫ ના રોજ પોલીસ સ્ટેશનમાં નોંધાવી હતી. પોલીસ તપાસ દરમિયાન સગીરા મળી આવતા તેની પૂછપરછ કરતા સગીરાએ જણાવેલ કે આરોપી ઈમરાન ઉર્ફે બાપુ અશગરભાઈ કાદરી (રહે જંગલેશ્વર )વાળો તેણીને લલચાવી ફોસલાવી ભગાડી ગયેલ અને તેણીની સાથે અવારનવાર દુષ્કર્મ આચરેલ હોવાની હકીકત જણાવતા પોલીસે આરોપી ઈમરાન ઉર્ફે બાપુ અશગરભાઈ કાદરી ની ધરપકડ કરી તપાસ પૂર્ણ થતા જેલ હવાલે કર્યો હતો. તપાસનીશ દ્વારા આરોપી વિરુદ્ધ ગુનાને લગતો પૂરતો પુરાવો મળી આવતા પોકસો અદાલતમાં ચાર્જશીટ દાખલ કરી હતી. .ચાર્જશીટ થયા બાદ આરોપીએ જેલમાંથી છૂટવા માટે સેશન્સ કોર્ટમા જામીન અરજી કરતા સરકાર તરફે સરકારી વકીલ હાજર રહેલ અને જામીન અરજીનો વિરોધ કરતા રજૂઆત કરેલ કે આરોપી સામે સમાજ વિરોધી ગંભીર ગુનો છે અને આરોપીની ઉંમર ૨૬ વર્ષની છે તે જાણતો હોવા છતાં કે ઉંમર ૧૫ વર્ષ ૧૧ માસની સગીરાને લલચાવી ફોસલાવી અને લઈ ગયેલ અને તેની સાથે દુષ્કર્મ આચરેલ છે આવા ગંભીર ગુનામાં આરોપીને જામીન આપવા જોઈએ નહીં તે રજૂઆત ને ધ્યાને લઈ પોકસો અદાલતના સેશન્સ જજ વી એ રાણા આરોપીની ચાર્જશીટ પછીની જામીન અરજી રદ કરી છે. આ કામમાં સરકાર તરફે સરકારી વકીલ મુકેશભાઈ પીપળીયા રોકાયેલા હતા

---

# માયાણી ચોકમાં યુવાન પર ઉંધી છરી-સિમેન્ટના બ્લોક વડે યુવાન પર બેલડીનો હુમલો

## ગળા પર છરી મૂકી, ફેરવી દઈશ તો તારૂ પૂરું થઈ જશે કહી ખૂનની ધમકી અપાઈ : જ્ઞાતિ પ્રત્યે હડધુત કરાયો

**અબતક, રાજકોટ**

શહેરના માયાણીનગર પાસે ચામુંડા સોસાયટીમાં રહેતા યુવાન પર બે શખ્સોએ છરી વડે હુમલો કરતા ગંભીર રીતે ઘવાયેલા યુવાનને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડાયો હતો. બનાવ અંગે માલવિયાનગર પોલીસે બે શખ્સો સામે ગુનો નોંધ્યો હતો. જ્યારે સામાપક્ષે એક શખ્સને ઈજા પહોંચતા તે પણ સારવાર અર્થે દાખલ થયો હતો.

### યુવકે ભાડેથી મેળવેલી કાર સળગાવી નાખ્યાની ફરીયાદ કર્યાનો ખાર રાખી હુમલો : સમાપક્ષે પણ એક ઘવાયો

બનાવ અંગે માયાણીનગર પાસે ખીજડા વાળા રોડ પર ચામુંડા સોસાયટીમાં રહેતો ૨૬ વર્ષીય યુવાન અનિકેત મનોજભાઈ રાઠોડે. નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે હાર્દિક સભામ અને સોનું ભૈયાજીનું નામ આપતાં જણાવ્યું હતું કે, ગત રાત્રી તે તેના ઘર પાસે હતો. ત્યારે હાર્દિક સભાડ અને સોનુ ભૈયાજી ધસી આવ્યા હતા. બાદમાં હાર્દિક સભાડે મને પકડી રાખી નેફામાંથી છરી કાઢી ગળા પર મૂકી આ ફેરવી દઈશ તો અહીં જ તારૂ પૂરું થઈ જશે કહી જ્ઞાતિ પ્રત્યે હડધુત કરી આડેધડ માથામાં ઉંધી છરીના ઘા ઝીંકી દીધા હતા. બાદમાં ત્યાં પડેલ સિમેન્ટ બ્લોકનો ઘા પગના ભાગે મારી દીધેલ હતો. દરમિયાન તેની સાથે હાજર સોનુ ભૈયાજીએ મને બેફામ ગાળો ભાંડી ખૂનની ધમકી આપેલ હતી.

હોસ્પિટલના બિછાનેથી નોંધાવેલી ફરિયાદમાં યુવકે જણાવ્યું હતું કે, અનિકેતે હિરેન નામના વ્યક્તિ પાસેથી કાર ભાડે લીધી હોય તે ઘર પાસે રાખેલ હતી. ત્યારે હાર્દિક સભાડ અને સોનુ ભૈયાજી દ્વારા વરના ગાડીના કાચ ફોડી નાખવામાં આવ્યા હતા. બાદમાં તેના પિતાએ નુકસાનીના પૈસા આપી દેવાનું જણાવતા સમાધાન થઈ ગયેલ હતું પણ રાત્રીના સમયે બંનેએ કાર સળગાવી નાખેલ હતી. જે અંગે યુવકે ફરિયાદ નોંધાવી હતી જેનો ખાર રાખી આ હુમલો કરાયો હતો. સામાપક્ષે હાર્દિક સભાડ પણ ઈજાગ્રસ્ત થયો હોય આક્ષેપ સાથે તે પણ દાખલ થયો હતો.

---


**જાહેર નોટીસ**

નં.જન્મ-મરણ કેસ.નં.૧૧૧/૨૦૨૫

શ્રી સોમાભાઈ લખમણભાઈ બાંભણીયા
રહે. પીછવી ગામ પીછવી
તાલુકો-ગીરગઢડા, જિલ્લો-ગીર સોમનાથ ..........અરજદાર

**વિરૂદ્ઘ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી ક્રમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, પીછવી, તાલુકો-ગીરગઢડા,
જિલ્લો-ગીરસોમનાથ ........સામાવાળા

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના ગીરગઢડા તાલુકાના પીછવી ગામના રહીશ શ્રી સોમાભાઈ લખમણભાઈ બાંભણીયાના પિતા સ્વ. લખમણભાઈ સામાભાઈ બાંભણીયાનું મરણ તારીખઃ ૦૧/૦૪/૧૯૭૫ના રોજ ગીરગઢડા તાલુકાના પીછવી ગામ ખાતે થયેલ છે. જેની મરણની નોંધ ગીરગઢડા તાલુકાના પીછવીના સને ૧૯૭૫ના મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ મરણ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા. ૨૭/૧૦/૨૦૨૫ના રોજ ૧૬:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવા જણાવવામાં આવેલ પરંતુ અરજદારશ્રી મુદતે હાજર રહેલ નથી જેથી હવે પાછીની આગામી મુદ્દત તારીખ૨૦૨૫ના ૧૫-૦૦ કલાકે વાંધા-તકરાર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા. ૧૩/૧૦/૨૦૨૫ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સીકકો

એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટ
ગીરગઢડા



જા.નં.: ૬૩૨૨ તા.: ૧૦/૧૨/૨૫

**મોરબી મહાનગરપાલિકા**

**ઓનલાઈન જાહેર નિવિદા**

આથી મોરબી મહાનગરપાલિકા, મોરબી જી.મોરબી ને વિવિધ યોજના હેઠળ નીચે મુજબની વિગતે કામગીરી કરાવવા માટે ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે.

| અ. નં. | કામની વિગત | ટેન્ડર ફી | ઇ.એમ.ડી.ની રકમ | કામની અંદાજીત રૂ. |
|---|---|---|---|---|
| ૧ | મોરબી મહાનગરપાલિકા વેસ્ટ ઝોન વિસ્તાર માં ARC એજન્સી દ્વારા કમ્પાઉન્ડ વોલનું કામ (ચોથો પ્રયત્ન) | ૪૫૦૦/- | ૨,૯૯,૦૦૦/- | - |
| ૨ | મોરબી મહાનગરપાલિકા ઈસ્ટ ઝોન વિસ્તાર માં ARC એજન્સી દ્વારા કમ્પાઉન્ડ વોલનું કામ (ચોથો પ્રયત્ન) | ૪૫૦૦/- | ૨,૯૯,૦૦૦/- | - |
| 3 | મચ્છુ-૨ ડેમ ખાતે ૧૫૦ MLD ઈન્ટેકવેલ બનાવવાનું કામ | ૨૩,૫૦૦/- | ૧૯,૧૧,૨૦૬/- | ૧૯.૧૧ કરોડ |

| | |
|---|---|
| ટેન્ડર ડાઉનલોડ તથા અપલોડ માટેની છેલ્લી તારીખ તથા સમય | તા.૨૬/૧૨/૨૦૨૫ ના રોજ ૧૮:૦૦ કલાક સુધી |
| ફક્ત ઓરીજીનલ ટેન્ડર ફી, ઈ.એમ.ડી. અને નોન બ્લેકલીસ્ટનું એફીડેવીટ પહોચતા કરવાની તારીખ, સમય તથા સરનામુ | તા.૦૨/૦૧/૨૦૨૬ ના ૧૮:૦૦ કલાક સુધી, સીટી ઈજનેર, મોરબી મહાનગરપાલિકા, જી.મોરબી |
| ટેકનીકલ બીડ ખોલવાની તારીખ(જો શક્ય હોય તો) | તા.૦૩/૦૧/૨૦૨૬ ના રોજ ૧૨:૦૦ કલાક |
| પ્રાઈઝ બીડ ખોલવાની તારીખ(જો શક્ય હોય તો) | તા.૦૩/૦૧/૨૦૨૬ ના રોજ ૦૧:૦૦ કલાક |

ઉપરોક્ત કામ અંગેની તમામ જરૂરી માહિતી તેમજ શરતો અને કરારની વિગતો અને ટેન્ડર ડાઉનલોડ તથા અપલોડ માટે www. https://tender.nprocure.com/ વેબસાઇટ ઉપર તા.૧૧/૧૨/૨૦૨૫ના રોજથી જોવા વિનંતી. સદર કામ અંગેના તમામ હક્ક અધિકાર મહાનગરપાલિકાને અબાધિત રહેશે.

નાયબ કમિશનર (પ્રોજેક્ટ)
મોરબી મહાનગરપાલિકા

માહિતી -રાજ-૧૪૨૩-૨૫-૨૬

તંત્રી લેખ

# કર્મયોગીઓ હવે પોષણમીત્ર બની કુપોષણને નાથશે

પરિવારના સભ્યોના જન્મદિવસ, લગ્ન પ્રસંગ તેમજ વિવિધ શુભ પ્રસંગો પર આ કર્મયોગીઓ હવે પોષણમિત્ર બની કુપોષણના અભિશાપને નાથવા કામગીરી કરશે.

ખેડા જિલ્લામાં કુપોષણ નાબૂદી તરફ મક્કમ દિશામાં આગળ વધવા ગામનો નિર્ધાર, સહકારથી સાકાર અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો છે.જેને મૂળ હેતુ તરીકે બાળકો અને માતાઓના પોષણ સ્તરમાં સર્વાંગી સુધારાને નિર્ધારિવામાં આવ્યો છે.

ખેડા જિલ્લામાં ફરજ બજાવતા તમામ સરકારી અધિકારી તથા કર્મચારીઓને આ અભિયાનમાં ભાગ લેવા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી હતી. સાથે જ, નૈતિક ફરજ અને કર્મભૂમિ પ્રત્યેના ઋણસ્વરૂપે આ અભિયાનમાં જોડાવા પ્રેરણા આપવામાં આવી હતી.

જિલ્લા તંત્રએ અધિકારીઓ અને કર્મચારીઓને તેમના તાબામાં આવતા તમામ કચેરીઓના સ્ટાફને પણ સાથે જોડાવવા સૂચના આપી હતી, જેથી સહભાગિતા સંમતિ પત્ર દ્વારા અભિયાનમાં સક્રિય સહભાગિતા નોંધાઈ શકે છે.

સરદાર સાહેબની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે પોષણમિત્ર બનવાનો સંકલ્પ લીધા છે.

અધિકારી અને કર્મચારીઓ શ્રદ્ધા અને લાગણીના ભાગરૂપે પોતાના પરિવારના જન્મદિવસ, લગ્ન પ્રસંગ તેમજ વિવિધ શુભ પ્રસંગો પર પોષણમિત્ર બની બાળકોના ઉત્તમ પોષણ માટે યોગદાન આપવા અનોખો સંકલ્પ કર્યો છે.આ અભિયાન દ્વારા ખેડા જિલ્લાને કુપોષણ મુક્ત બનાવવા માટે સામૂહિક પ્રતિબદ્ધતાનું ઉત્તમ ઉદાહરણ પ્રસ્થાપિત થયું છે. નાગરિકોની સક્રિય ભાગીદારી વડે ગામનો નિર્ધાર, સહકારથી સાકાર અભિયાન ખેડા જિલ્લામાં સર્વાંગી વિકાસનું દિશાનેખન બનશે.

# આરબીએ પેનલને અનુ.જાતિ સમાજના વકીલોનું સમર્થન

## ''જય ભીમ''ના નારા સાથે સંમેલનમાં મોટી સંખ્યામાં વકીલો રહ્યા ઉપસ્થિત





**અબતક, રાજકોટ**

આર.બી.આઇ. ના સમર્થન માં દલીત વકીલોનું સંમેલન મળી ગયું. ''જય ભીમ,'' ના નારા સાથે વકીલોનામા એક જૂથના દર્શન થયા અને આરબીઆઈ પેનલના પ્રમુખ સુમિત વોરા, ઉપપ્રમુખ વિમલ જાની, સેક્રેટરી નિલેશ પટેલ, જોઈન્ટ સેક્રેટરી. જયેન્દ્ર ગોંડલીયા, ટ્રેઝરર પ્રગતિ માકડીયા, લાઈબ્રેરી સેક્રેટરી કેતન મંડ ને બહુમતીથી ચૂંટી કાઢવા અપીલ કરેલ હતી.

રાજકોટ બાર એસોસિએશનની આગામી તારીખ ૧૯ ડિસેમ્બરના રોજ યોજાનાર ચૂંટણીમાં ભાજપના બે જૂથ આમને સામને છે. લીગલ સેલ પ્રેરિત સમરસ પેનલ અને બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના પૂર્વ ચેરમેન અને બાર એસોસિએશનના પ્રમુખ પરેશ મારુંના સમર્થન વાળીઆરબીએ પેનલ વચ્ચે જંગ જામ્યો છે.શહેરમાં રહેતા અને વકીલાતના વ્યવસાય કરતા ૨૦૦થી વધુ દલિત એડવોકેટોની બેઠક મળી ગઈ હતી.આ મિટિંગમાં ઉપસ્થિત તમામ વકીલોએ આરબીએ પેનલને બહુમતી સાથે વિજય બનાવવા એડવોકેટ વીડી રાઠોડ અપીલ કરી હતી. આ મિટિંગમાં ગોવિંદભાઈ ધાધલ, નાનજીભાઈ ખીમસુરીયા, પીડી સોલંકી, દીપક બઢવાણ દેવશીભાઈ પરમાર, હરેશ મકવાણા, દિનેશ રાઠોડ, સુરેશ ચાવડા ભરત પરમાર, માધવ પરમાર માટે ભરતભાઈ હિરાણી ,ગોવિંદ ધાધલ,, હરેશભાઈ મકવાણા રાકેશ ચૌહાણ, શાંતિભાઈ ભાષા, કે કે રાઠોડ, ભરત પરમાર, દિનેશભાઈ, દિવ્યેશ રાઠોડ જીતેન્દ્ર પરમાર દિલીપ ચાવડા, હસમુખ પરમાર, પ્રકાશ ચાવડા, હસમુખ પરમાર અશોક રાઠોડ કેડી મકવાણા સહિતના એડવોકેટ ઉપસ્થિત રહેલા કિશન વાલવા નરેશ પરમાર, હસમુખ સાગઠીયા કિશોર સોલંકી, સુરેશ બથવાર, મનોજ સોલંકી જગદીશ પરમાર તથા નિવૃત્ત જજ ગોવિંદભાઈ વાઘેલા છઈ.અ પેનલને બહુમતીથી છૂટવા સમાજને અપીલ કરેલ હતી આરબીએ હંમેશા આપણી સાથે રહે છે અને રહેશે તેમ જણાવેલ હતું.

# અયપ્પા મંદિરનો સાત દિવસીય 'વર્ષિકા મહોત્સવ' આજથી પ્રારંભ: કાલે ભવ્ય શોભાયાત્રા

## થાલપોલી પ્રસ્તુતિ, કેરળની પરંપરાગત કલા સિંગારી મેલમ, લોકપ્રિય તૈયમની ઝાંખી, પરંપરાગત વાદ્યો સાથે સાંસ્કૃતિક ઝાંખીઓ આકર્ષણનું કેન્દ્ર બનશે

**અબતક, રાજકોટ**

રાજકોટ ખાતે ભગવાન અયપ્પાના વર્ષિકા મહોત્સવ - ૨૦૨૫નું સાત દિવસીય ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ મહોત્સવ આજથી તા. ૧૯-૧૨-૨૦૨૫ શુક્રવાર સુધી ધાર્મિક ઉલ્લાસ અને ભકિતભાવ સાથે ઉજવવામાં આવશે.મહોત્સવના આ સમગ્ર સાત દિવસ દરમ્યાન ભક્તોને આધ્યાત્મિક શાંતિ અને સાંસ્કૃતિક સમૃદ્ધિનો અનુભવ થશે. વિશેષરૂપે વિવિધ પૂજાઓ, ભજન કાર્યક્રમો, તથા કલાત્મક નૃત્ય પ્રસ્તુતિઓનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત, પરંપરાગત કલાના દર્શન કરાવતા મોહિનિયાટ્ટમ, ભરતનાટ્યમ, સેક્સોફોન વાદન અને અન્ય ભાવભર્યા સાંસ્કૃતિક કાર્યક્રમો ભક્તોને આકર્ષિત કરશે,કાલે ભવ્ય શોભાયાત્રા નીકળશે જે સાંજે ૪:૪૫ કલાકે, પન્ચનાથ મંદિરથી જૂબિલી બાગ, સિવિલ હોસ્પીટલ ચોક, જામટાવર ચોક થઈને અયપ્પા મંદિર ખાતે સમાપન થશેઆ વર્ષે ભગવાન અયપ્પાની શોભાયાત્રા હાથી ઉપર વિહાર સાથે યોજાશે, જે આકર્ષણનું કેન્દ્ર બનશે. મહિલાભકતો દ્વારા થાલપોલી પ્રસ્તુતિ,કેરળની પરંપરાગત કલા સિંગારી મેલમ,લોકપ્રિય તૈયમ (કાંતારા સ્વરૂપ) ની ઝાંખી,પરંપરાગત વાદ્યો અને અન્ય સાંસ્કૃતિક ઝાંખીઓ આકર્ષણનું કેન્દ્ર બનશે, અયપ્પા મંદિર, સમસ્ત રાજકોટ શહેરના નાગરિકો તથા ભગવાન અયપ્પાના તમામ ભક્તોને આ પવિત્ર મહોત્સવમાં સહભાગી થઈને શોભાયાત્રાનું સૌભાગ્ય પ્રાપ્ત કરવા અને ભગવાન અયપ્પાના દિવ્ય આશીર્વાદ મેળવવા માટે હાર્દિક આમંત્રણ પાઠવેલ છે.




# સોમવારે સફલા એકાદશીનું મહત્વ

માગશર વદ અગિયારસ ને સોમવાર તા ૧૫.૧૨.૨૫ ના દિવસે સફલા એકાદશી છે સફલા એકાદશી ના અધિષ્ઠાતા દેવ શ્રી નારાયણ છે આ એકાદશી પણ ઉત્તમ એકાદશીઓમાં એક છે. આ દિવસે ભગવાન વિષ્ણુ ભગવાન નુ પૂજન અર્ચન કરવું જોઈએ. સવારના વહેલા ઉઠી સ્નાન કરવા ના જળ માં ગંગાજળ નાખી સ્નાન કરવું, એવું વ્રત શ્રેષ્ઠ ગણાય છે.

ત્યારબાદ વિષ્ણુ ભગવાન નું અથવા તો શ્રી કૃષ્ણ ભગવાનનું વિધિવત પૂજન કરવું, પૂજનમાં પંચામૃતથી સ્નાન કરાવવું, ચંદનના ચાંદલા ચોખા કરી વસ્ત્ર, જનોઈ, ફુલ, અબીલ, ગુલાલ, કંકુ, અર્પણ કરવા, ધૂપ - દીપ અર્પણ કરવા, નિવેદ્ય મા, સોપારી, અને ખાસ કરીને સાથે તલ ની બનાવેલ વસ્તુ ધરાવી વિષ્ણુ સહસ્રના નામ પણ બોલી શકાય આ માસમાં ઉપલબ્ધ ફળફળાદિ વડે એકાદશીનું જે પૂજન કરે છે તે શ્રી પુરૂષોત્તમ નારાયણને વધુ પ્રિય છે. જેમ શેષનાગ શ્રેષ્ઠ છે, સર્વ પક્ષી સમુદાયમાં ગરૂડ શ્રેષ્ઠ છે, યજ્ઞોમાં અશ્વમેધ યજ્ઞનો અગ્રતાક્રમ છે, દેવોમાં વિષ્ણુ શ્રેષ્ઠ છે, મનુષ્યોમાં બ્રાહ્મણ શ્રેષ્ઠ છે, એ પ્રકારે સર્વ વ્રતો માં એકાદશી વ્રત શ્રેષ્ઠ વ્રત છે આ એકાદશીના રોજ દીપદાન'નો વિશેષ મહિમા છે . સાંજના સમયે એકાદશીની વ્રત કથા સાંભળવી અથવા તો વાંચવી ધર્મરાજ યુધિષ્ઠિરે પણ આ વ્રત કથા કરી હતી અને આ એકાદશીના દિવસે બપોરના સુવું નહીં તથા રાત્રિના ૧૨ વાગ્યા સુધીનું જાગરણ જરૂર કરવું.



સફલા એકાદશીનો બોધ : સફલા એકાદશીનો બોધ કહે છે

તમે ગમે તેટલા ગેરમાર્ગે હો પરંતુ જો તમારે સારૂ બનવુ છે, શાસ્ત્ર પુરાણના નિયમો પાળવા છે, જીવનના નિયમો પાળવા છે તો ભગવાન તમારી સહાય કરે જ છે તમારી લાઈફ ચેન્જ થઈ ને જ રહેશે હા શાસ્ત્રો પુરાણોના નિયમો પાળવા જરૂરી છે.

**- જ્યોતિષી : રાજદીપ જોશી**

# ભાજપના કાર્યકર ગોવિંદ ગંગવાણીનો જન્મદિવસ



ભારતીય જનતા પાર્ટીના સક્રિય સભ્ય તેમજ સિંધી સમાજના લોકસેવક ગોવિંદભાઈ ગંગવાણી આજે જન્મ દિવસ છે. તેમણે જીવનના મંગલમય ૫૩ વર્ષ પૂર્ણ કરી ૫૪ વર્ષમાં પ્રવેશ કરી રહેલ છે. રાજસ્થાનમાં જન્મેલ ગોવિંદભાઈ ગંગવાણી સતત વ્યવસાય સાથે સંકળાયેલા છે. હાલમાં શહિદ ઉધમસિંહ ટાઉનશીપ એફ-વિંગ છેલ્લા ૫ વર્ષથી ખજાનચી તરીકે વિવિધ જવાબદારીઓ નિષ્ઠાપુર્વક સંભાળે છે.

નાનપણથી જ ભારતીય જનતા પાર્ટીની વિચારધારા સાથે કેસરીયાના રંગે રંગાઈ ચુકેલ છે તેમજ વોર્ડ નં.૩ અને ૪ માં પ્રજાની વચ્ચે રહીને સિંધી સમાજ અને સર્વ જ્ઞાતીના નાના-મોટા એવા કોઈપણ કામ માટે રાત-દિવસ જોયા વગર દરેક આમ આદમીની સેવામાં તત્પર ઉભા રહે છે.

આજે ગોવિંદભાઈ ગંગવાણીના જન્મદિવસે રાજકીય સામાજીક આગેવાનો, શુભેચ્છકો, મિત્રો, કાર્યકર્તા તથા પરીવારજનો દ્વારા મો.નં. ૯૯૨૪૩ ૫૩૬૫૫ પર શુભેચ્છા વર્ષા વરસી રહી છે.

# ડો.બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરતા કેબિનેટ મંત્રી ડો.પ્રદ્યુમન વાજા

**અબતક, રાજકોટ**

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રી ડો.પ્રદ્યુમન વાજા રાજકોટની મુલાકાતે આવ્યા હતા. મંત્રી સિવિલ હોસ્પિટલ પાસેના ચોકમાં પુજ્ય ડો.બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.આ સાથે પૂર્વ મંત્રી ભાનુબેન બાબરીયા, એસ.સી. મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષ લાલસિંહ આર્ય, પ્રદેશ અધ્યક્ષ ગૌતમ ગેડીયા , માધવ દવે સહિત મહાનુભાવ પણ પૂજ્ય ડો.બાબાસાહેબ આંબેડકર પ્રતિમાના ચરણોમાં પુષ્પાંજલિ અર્પણ કરી હતી.



# મોદીની મેજબાની સાંસદ રામભાઇ મોકરીયાએ પી.એમ. હાઉસે ભોજન સમારોહમાં હાજરી આપી

## વડાપ્રધાન નરેન્દ્ર મોદી આયોજીત રાત્રિ ભોજનમાં એનડીએના તમામ સાંસદો, મંત્રીઓ જોડાયા



**અબતક, રાજકોટ**

હાલના પાર્લામેન્ટનાં શીતકાલીન સત્ર દરમ્યાન ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા એન.ડી.એ.નાં તમામ સાંસદો માટે રાત્રી ભોજનનું આયોજન કરવામાં આવેલ હતું. આ સમારંભમાં, એન.ડી.એ.નાં તમામ સાંસદો, ભારત સરકારની કેબીનેટના તમામ મંત્રીઓ, સાથે ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ નડ્ડા, ગ્રહ મંત્રી અમિતભાઈ શાહ, અને ભાજપના રાષ્ટ્રીય સંગઠન મંત્રી બી.એલ. સંતોષ સહિતના એ હર્ષભેર ભાગ લીધેલ હતો. ગુજરાતના સાંસદો, રાજ્યસભાના સભ્ય રામભાઈ મોકરીયા, મહેસાણાના નાં સાંસદ હરિભાઈ પટેલ, સુરતના સાંસદ મુકેશભાઈ દલાલ, વલસાડના સાંસદ ધવલભાઈ પટેલ, ખેડાના સાંસદ દેવુંશિહચૌહાણ વિગેરેએ હાજરી આપેલ હતી. આ સમારંભમાં વધાપ્રાધન મોદીએ દરેક સાંસદોને રૂબરૂ મળી સૌનું અભિવાદન કરેલ હતું.

# જનકલ્યાણ ટ્રસ્ટ દ્વારા ગીર ગંગા પરિવાર આયોજીત જલકથામાં રકતદાન કેમ્પ તથા સંકલ્પ પત્રો

**અબતક, રાજકોટ**

ગીર ગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા આયોજીત રેસકોર્સ ખાતે જલકથામાં જનકલ્યાણ સાર્વજનીક ચેરીટેબલ ટ્રસ્ટના ઉપક્રમે તા. ૧૪-૧૫-૧૬-૧૭ ડિસેમ્બરના રોજ રકતદાન કેમ્પ ઉપરાંત ચક્ષુદાન, સ્કીન ડોનેશન, દેહદાનના સંકલ્પ પત્રો ભરવામાં આવશે. તથા તે કાર્ડને તુરંત લેમીનેશન કરી આપવામાં આવશે. આ રકતદાન કેમ્પમાં વધુમાં વધુ વિવિધ સમાજના આગેવાનો તથા સેવાભાવીઓએ જોડાવા અનુરોધ કરવામાં આવે છે. જનકલ્યાણ ટ્રસ્ટ દ્વારા અત્યાર સુધીમાં ૭૮૩ ચક્ષુદાન, ૬૧ દેહદાન તથા ૪૪ સ્કીન ડોનેશન થયેલ છે. ગમે ત્યારે સંપર્ક કરો ચેરમેન ઉમેશભાઈ મહેતા મો. નં. ૯૪૨૮૫ ०६०११ કરવો.

# નમ્રતા ગ્રીન ફાઉન્ડેશન તથા બોલબાલા ફાઉન્ડેશન દ્વારા દ્વિતીય સર્વ જ્ઞાતિય સમૂહ લગ્નનું આયોજન

**અબતક, રાજકોટ**

રાજકોટના આંગણે કરવામાં આવેલ છે,નમ્રતાગ્રીન ફાઉન્ડેશન આની પહેલા આગાઉ રાજકોટ શહેરમાં સમુહ લગ્ન નું આયોજન કરી ચૂક્યું છે અને સફળ પણ રહ્યું હતું બીજી વાર વડિલો અને મિત્ર મંડળ ના સાથ સહકાર થી નમ્રતાગ્રીન ફાઉન્ડેશન રાજકોટ તથા બોલબાલા ફાઉન્ડેશન દ્વારા ૧૧ દિકરી ઓના સમુહ લગ્ન નુ આયોજન કરવામાં આવ્યુ છે અને ફોર્મ ભરવાનુ ચાલુ થઈ ગયુ છે તો વહેલા તે પહેલાં નામ નોંધાવી લેશો વધુ માહિતી માટે નીચે આપેલ નં ઉપર સંપર્ક કરી શકો છો મો. ૮૨૦૦૦ ૧૨૯૦૬ /૯૩૭૪૧ ૦૩૫૨૩/૯૪૦૯૬ ૯૯૯૫૩/ ૭૨૧૧૧ ૦૧૪૪૪/ ૯૬૬૪૯ ૫૪૫૪૫ આ નંબર ઉપર આયોજક નો સંપર્ક કરવો.

# મુખ્યમંત્રીના હસ્તે ૧૩ લાખ વિદ્યાર્થીઓને રૂ.૩૭૦ કરોડની સ્કોલરશીપ સહાય

**અબતક, રાજકોટ**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગર ખાતે નમો લક્ષ્મી યોજના, નમો સરસ્વતી વિજ્ઞાન સાધના, મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ અને મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપ યોજનાના ૧૩ લાખથી વધુ લાભાર્થી વિદ્યાર્થીઓને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, શિક્ષણ મંત્રી પ્રદ્યુમન વાજા અને શિક્ષણ રાજ્ય મંત્રી રીવાબા જાડેજાની ઉપસ્થિતિમાં રૂ.૩૭૦ કરોડથી વધુની સ્કોલરશીપ સહાય ડી.બી.ટી.થી એનાયત કરી હતી.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, નરેન્દ્ર મોદીના નેતૃત્વ અને માર્ગદર્શનમાં છેલ્લા અઢી દાયકામાં રાજ્યમાં શિક્ષણ ક્ષેત્રે ખૂબ મોટો બદલાવ આવ્યો છે. કે.જી. થી પી.જી. સુધીનું શિક્ષણ બાળકોને સરળતાએ મળે તેવી વડાપ્રધાનની નેમ પાર પડી રહી છે. એક સમયે ગામોમાં વિજ્ઞાન પ્રવાહની શાળાઓની સંખ્યા નહિવત હતી. આજે વિજ્ઞાન પ્રવાહની ૨૮૩૪ શાળાઓ થઈ ગઈ છે. તેમણે વધુમાં કહ્યું હતું કે, ૨૦૦૧માં માત્ર ૭૭૫ કોલેજો હતી આજે ગુજરાતમાં ૩૨૦૦થી વધુ કોલેજો વિદ્યાર્થીઓના ઘડતરનું કાર્ય કરી રહી છે.

# ઈજનેરી સહિત ટેકનિકલ કોર્સમાં બીજા તબક્કામાં પ્રવેશ પ્રક્રિયા ક્યારે શરૂ થશે?: અનિશ્ચિતતા

## પ્રવેશ સમિતિ દ્વારા માત્ર સરકારી કોલેજમાં ખાલી પડેલી બેઠકો પૈકી ૩૦ ટકાથી વધારે બેઠકો ખાલી હોય તેવા કોર્સ માટે જ પ્રક્રિયા કરાશે

**અબતક, રાજકોટ**

ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ઓફ ટેકનિકલ એજ્યુકેશન દ્વારા વર્ષમાં બે વખત પ્રવેશ પ્રક્રિયા કરવાનો આદેશ કરવામાં આવ્યો છે. જેના અનુસંધાનમાં રાજ્યમાં પણ બે વખત પ્રવેશ પ્રક્રિયા કરવાની જાહેરાત કરવામાં આવી હતી. જોકે, કાઉન્સિલ દ્વારા ૧૮મી જાન્યુઆરી સુધી પ્રક્રિયા પૂર્ણ કરવા તાકીદ કરવામાં આવી છે ત્યારે રાજ્યમાં હજુ સુધી આ મુદ્દે કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી. આગામી દિવસોમાં જાહેરાત કરવામાં આવશે કે કેમ તેની પણ દ્વિધા જોવા મળી રહી છે.

દેશમાં સેન્ટ્રલ બોર્ડ અને કેટલાક રાજ્યોના સ્થાનિક એજ્યુકેશન બોર્ડ દ્વારા ધો.૧૦ અને ૧૨માં વર્ષમાં બે વખત પરીક્ષા લેવાની જાહેરાત કરવામાં આવી છે. વિદ્યાર્થીઓનું વર્ષ ન બગડે તે માટે આ પ્રકારનું આયોજન કરવામાં આવી રહ્યું છે. ગુજરાતમાં પણ વર્ષમાં બે વખત પરીક્ષા લેવાની જાહેરાત કરી દેવામાં આવી છે. આ સ્થિતિમાં કાઉન્સિલની સૂચના પ્રમાણે રાજ્યમાં પણ બે વખત પ્રવેશ પ્રક્રિયા યોજવાની જાહેરાત કરવામાં આવી હતી. કાઉન્સિલ દ્વારા આગામી ૧૮મી જાન્યુઆરી સુધીમાં બીજા તબક્કાની પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરી દેવાની સ્પષ્ટતા પણ કરવામાં આવી છે. આ સ્થિતિમાં રાજ્યમાં પણ આ સમયમર્યાદામાં પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરવી જરૂરી છે.

જોકે,હજુ સુધી પ્રવેશ સમિતિ દ્વારા બીજા તબક્કાની પ્રવેશ પ્રક્રિયાને લઈને કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી. પરંતુ હાલમાં પ્રક્રિયા કેવી રીતે કરવી તેની તૈયારી શરૂ કરી દેવામાં આવી છે. આમ, હવે આગામી એક માસની અંદર બીજા તબક્કાની પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરવી પડે તેમ છે. સૂત્રો કહે છે કે, રાજ્યમાં પ્રવેશ સમિતિ દ્વારા માત્ર સરકારી કોલેજોમાં ખાલી પડેલી બેઠકો માટે કાર્યવાહી કરવામાં આવશે. જે કોર્સમાં ૩૦ ટકાથી વધારે બેઠકો ખાલી હોય તેવા કોર્સ જ બીજા તબક્કામાં વિદ્યાર્થીઓને પ્રવેશ માટે ઓફર કરવામાં આવશે. સ્વનિર્ભર કોલેજોમાં ખાલી પડેલી બેઠકોની વિગતો પ્રવેશ સમિતિ દ્વારા મંગાવવામાં આવશે પરંતુ પ્રવેશ પ્રક્રિયા જે તે કોલેજોએ જ કરવી પડશે. પ્રક્રિયા પૂર્ણ થયા બાદ કેટલી બેઠકો પર પ્રવેશ ફાળવ્યો છે તેની વિગતો પ્રવેશ સમિતિ સમક્ષ રજૂ કરવાની રહેશે. આમ, પ્રવેશ સમિતિ દ્વારા સરકારી ઈજનેરી, ફાર્મસી, એમબીએ-એમસીએ સહિતના ટેકનિકલ કોર્સમાં ખાલી પડેલી ૩૦ ટકા બેઠકો માટે જ પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. બેઠકોની વિગતો, પ્રવેશ કાર્યક્રમ સહિતની મંજૂરી આવ્યા બાદ સમિતિ દ્વારા સત્તાવાર કાર્યક્રમની જાહેરાત કરવામાં આવે તેવી શક્યતા છે.

## પેરેન્ટસ સ્માઈલ પ્રોજેકટ હેઠળ

# સ્વામીનારાયણ ગુરૂકુલના લક્ષ્ય હાંસલ કરનાર છાત્રોને કરાયા સન્માનીત




**અબતક, રાજકોટ**

સ્વામિનારાયણ ગુરુકુળમાં વિદ્યાર્થીઓના ઉજવળ ભવિષ્ય માટે દર વર્ષે પેરેન્ટ્સ મીટીંગનું આયોજન થતું હોય છે. જે અંતર્ગત આ વર્ષે પણ દ્વિતીય સત્રની પ્રથમ મીટીંગ પેરેન્ટ્સ સ્માઈલ પ્રોજેક્ટ હેઠળ નિયત ટાર્ગેટ હાંસલ કરવા બદલ વિદ્યાર્થીઓ સાથે વાલીઓને પણ પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

જનમંગલદાસજી સ્વામી તથા પૂજ્ય જીવનમુક્ત દાસજી સ્વામીની અધ્યક્ષતા હેઠળ યોજાયેલ આ પેરેન્ટ મિટિંગમાં છેલ્લી પરીક્ષામાં ઉચ્ચ ગુણાંક મેળવેલા ટોપર્સ વિદ્યાર્થીઓને શીલ્ડ અને પ્રમાણપત્રથી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. તેમજ પ્રગતિશીલ શૈક્ષણિક પ્રદર્શનના આધારે બેઝિક ટાર્ગેટ અને એડવાન્સ ટાર્ગેટ સિદ્ધ કરેલ બાળકોને પણ તેમના માતા પિતા સાથે સન્માનિત કરવામાં આવ્યા હતા. જેથી વર્ગના દરેક બાળકને પ્રોત્સાહિત કરી શકાય. સતત ત્રણ દિવસ સુધી ધોરણ ૧૦ અને ૧૨ કોમર્સ તથા ધોરણ ૧૧/ ૧૨ સાયન્સના વિદ્યાર્થીઓ માટેની આયોજીત આ પેરેન્ટ્સ મીટીંગમાં વિદ્યાર્થીઓને કારકિર્દી લક્ષી માર્ગદર્શન મળી રહે તે માટે પ્રતિકભાઈ કાછડીયા તથા મૌલિકભાઈ દેલવાડીયાના વકતવ્ય ગોઠવવામાં આવ્યા હતા

# શ્યામલાલજી હવેલી ખાતે કાલે જલેબી મનોરથ

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્રની અતિ પ્રાચીન શ્યામલાલજી ની હવેલીએ કાલે રવિવારે એ પ્રભુ નો જલેબી મનોરથનું આયોજન કરવામાં આવ્યું છે. શ્રી વિઠ્ઠલનાથજી (શ્રી ગુંસાઈજી) ના પ્રાગ્ટ્ય ઉત્સવ નિમિત્તે શ્રી શ્યામલાલજી પ્રભુ જલેબી અન્નકૂટ દર્શન સમય સાંજે ૬:૧૫ થી છે તો સમગ્ર વૈષ્ણવ સૃષ્ટિનાને લાભ લેવા ભાવભર્યું આમંત્રણ છે તેમજ દ્વારકેશ મંડળીના કીર્તનનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે.

# ડો. હાર્દિક સંઘાણી અને ડો. જીજ્ઞેશ પટેલની બેદરકારીએ ડેન્ગ્યુના દર્દીનો જીવ હણ્યો

## પ્લેટલેટ સતત ઘટતા હોવા છતાં તબીબોએ દર્દીના પરિજનોને ખોટી હૈયાધારણા આપી અન્ય હોસ્પિટલમાં રીફર કરવા ન દીધો

## કુવાડવા રોડ પર આવેલ સ્કંદ લાઈફ કેર હોસ્પિટલમાં ૨૮ વર્ષીય કારના ધંધાર્થીને દાખલ કરાયો'તો

## દર્દીની સ્થિતિ ક્રિટીકલ હોવા છતાં હોસ્પિટલ ખાતે તબીબની હાજરી ન હતી : ચામડીના તબીબે સારવાર આપતાં યુવાનની તબિયત વધુ લથડી

### ડો. જીજ્ઞેશ પટેલ સાથે વોકહાર્ટ હોસ્પિટલને કોઈ લેવા-દેવા નથી : સ્પષ્ટતા

ફરિયાદમાં જણાવ્યા અનુસાર ડો. જીજ્ઞેશ પટેલ વોકહાર્ટ હોસ્પિટલમાં નોકરી કરતા હતા. બાદ તાબડતોડ યુવાનને વોકહાર્ટ હોસ્પિટલમાં જ દાખલ પણ કરાયો હતો, જયા દર્દીએ દમ તોડી દીધો હતો.

આ અંગે વોકહાર્ટ હોસ્પિટલ તંત્રનો સંપર્ક કરતા વોકહાર્ટ હોસ્પિટલ અને ડો. જીજ્ઞેશ પટેલને કોઈ જ લેવાદેવા નહિ હોવાનું જણાવવામાં આવ્યું હતું. હોસ્પિટલ તંત્રએ સ્પષ્ટતા કરી હતી કે, ડો. જીજ્ઞેશ પટેલ અહીં નોકરી કરતા ન હતા. ત્યારે હવે સવાલ એવો ઉઠ્યો છે કે, શું ડો. હાર્દિક સંઘાણીએ દર્દીના પરિજનોને ડો. જીજ્ઞેશ પટેલ વોકહાર્ટ હોસ્પિટલમાં નોકરી કરે છે તેમ કહી ગેરમાર્ગે દોર્યા હતા કે કેમ?



મૃતક

**અબતક, રાજકોટ**

શહેરના પેડક રોડ પર રહેતા કાર લે-વેચના યુવા ધંધાર્થીનું તબીબી બેદરકારીથી મોત નીપજ્યું હતું. ડેન્ગ્યુની બીમારી બાદ કુવાડવા રોડ પર આવેલી સ્કંદ લાઈફ કેર હોસ્પિટલમાં દાખલ કર્યા બાદ દર્દીની સતત તબિયત બગડતી હોય તેમ છતાં પરિજનોને ખોટી હૈયા ધારણા આપી દર્દીને અન્ય કોઈ હોસ્પિટલમાં રીફર કરવામાં આવ્યો ન હતો. બાદ દર્દીની તબિયત વધુ બગડતા તેને અચાનક વોકહાર્ટ હોસ્પિટલમાં રીફર કરી દેવાયો હતો પણ ત્યાં યુવાને દમ તોડી દીધો હતો. જે ઘટનામાં સરકારી હોસ્પિટલના તબીબી અધિક્ષકે તબીબી બેદરકારીને કારણે દર્દીનું મોત નીપજ્યાનો અભિપ્રાય આપતાં બે તબીબો વિરુદ્ધ ગુનો નોંધાયો હતો.

બનાવ અંગે પેડક રોડ પર સેટેલાઈટ સોસાયટી શેરી નં.-૧ માં રહેતા ૪૯ વર્ષીય આધેડ મહિલા ચાંદનીબેન સુભાષભાઈ રેણપરાએ બી-ડિવિઝન પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે ડો. હાર્દિક સંઘાણી અને ડો. જીજ્ઞેશ પટેલનું નામ આપતા પોલીસે સાપરાધ મનુષ્ય વધની કલમ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

આધેડ મહિલાએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેમના પતિ સુભાષભાઈ રણછોડ આશ્રમ રોડ ઉપર ગાયત્રી ઓટો નામે ઓટો પાર્ટની દુકાન ચલાવે છે. તેમને સંતાનમાં એક દીકરો જય રેણપરા (ઉવ ૨૮)નો હતો તથા દીકરી લેન્સી છે. દીકરા જયની પત્નીનું નામ પૂજાબેન છે અને જયને સંતાનમાં એક ચાર માસનો પુત્ર છે. જય અભ્યાસે ઈલેક્ટ્રિકલ એન્જિનિયર હતો અને હાલ તે કાર લે-વેચના ધંધા સાથે સંકળાયેલો હતો.

ફરિયાદીએ જણાવ્યું હતું કે, ગત તા.૧૮-૦૯-૨૦૨૫ ના રોજ પુત્ર જય રેણપરાને તાવ આવતો હોય અને માથું દુખતું હોય જેથી તેણે ફેમિલી ડોક્ટરને બતાવતા તેમણે દવા આપી ડેન્ગ્યુની અસર હોવાનું તેમજ બે દિવસમાં લોહીનો રિપોર્ટ કરાવવાનું જણાવ્યું હતું. જેથી તા. ૧૯-૦૯-૨૦૨૪ ના રોજ પુત્રએ તેના મિત્રની પેડક રોડ પર આવેલ નીલકંઠ લેબોરેટરી ખાતે ફોન કરતા ઘરેથી લોહીનું સેમ્પલ આપી રિપોર્ટ કરાવ્યો હતો. જે રિપોર્ટમાં જય રેણપરાને ડેન્ગ્યુની અસર હોવાનું તથા પ્લેટલેટ ૪૧૦૦૦ હોવાનું સામે આવ્યું હતું. જેથી ફરિયાદીનો પુત્ર સારવાર લેવા કુવાડવા રોડ ડીમાર્ટ નજીક આવેલ સ્કંદ લાઈફ કેર હોસ્પિટલ ખાતે સારવાર લેવા ગયેલ હતો. જ્યાં પહોંચતા હોસ્પિટલ તંત્ર દ્વારા જયને દાખલ કરી દેવામાં આવ્યો હતો અને સારવાર શરૂ કરવામાં આવી હતી. અહીં ફરીવાર ફરિયાદીના દીકરાના રિપોર્ટ કરવામાં આવ્યા હતા. જે રિપોર્ટમાં પ્લેટલેટ ૧૫૦૦૦ આવ્યા હતા. જે બાદ અહીંના ડો. હાર્દિક સંઘાણીએ કહેલ કે, તમારા દીકરાને પ્લેટલેટ ચડાવવા પડશે. જેથી જયને રાત્રિના સમયે પણ હોસ્પિટલ ખાતે રાખવામાં આવ્યો હતો પરંતુ ત્યારે હોસ્પિટલમાં કોઈ ડોક્ટર ફરજ પર હાજર ન હતા.

બાદ ગઈ તા. ૨૦-૯-૨૦૨૪ ના રોજ ફરીવાર દર્દીના રિપોર્ટ કરાવતા પ્લેટલેટ ૧૧૦૦૦ આવેલ હતા. ત્યારે તબીબ હાર્દિક સંઘાણીએ રિપોર્ટ જોઈ હવે તમારા દીકરાના પ્લેટ લેટ ૧૨૦૦૦ થઈ ગયા હોય હવે તેમને સારું છે તેમ જણાવ્યું હતું. બાદ બપોરે એક વાગ્યા આસપાસ ડો.હાર્દિક સંઘાણી હોસ્પિટલ ખાતે આવેલ હતા અને દર્દીનું ચેક અપ કરી બીપી લો થઈ ગયાનું અને હાલ બીપી કંટ્રોલમાં હોવાનું તેમજ કોઈ ચિંતા કરવાની જરૂર નથી તેમ જણાવેલ હતું. ત્યારે જયની તબિયત ખરાબ થવા લાગી હતી, શારીરિક નબળાઈ પણ જોવા મળી હતી. આ વખતે ફરિયાદી હોસ્પિટલના રિસેપ્શન ઉપર તબીબ હાર્દિક સંઘાણીને બોલાવવા જતાં ત્યારે તેઓ હોસ્પિટલ ખાતે હાજર ન હોવાનું કર્મચારીઓએ જણાવ્યું હતું. જેથી પરિવારજનોએ તાત્કાલિક તબીબને બોલાવવા જાણ કરી હોવા છતાં ડો. હાર્દિક સંઘાણી આવ્યા ન હતા. બાદમાં તેમના પત્ની કે જેઓ ચામડીના ડોક્ટર હોય તેમણે દર્દીની તપાસ કરી જણાવેલ કે, તમારા દીકરાને ઈન્જેક્શન આપેલ છે, સારું થઈ જશે. ત્યારબાદ તેઓ રિસેપ્શન ઉપર જતા રહેલ હતા. આ વખતે દર્દીની તબિયત વધુ બગડતા પરિવારજનોએ રિસેપ્શન ખાતે દોડી જઈ તેમના પુત્રના હાથ-પગ ઠંડા થવા લાગેલ છે અને આંખો પણ બંધ થવા લાગેલ છે તેમ જણાવતા હોસ્પિટલના કર્મચારીઓએ દર્દીને તાત્કાલિક આઈ.સી.યુ.માં દાખલ કર્યા હતા અને ડો.હાર્દિક સંઘાણીના પત્નીએ સારવાર શરૂ કરી હતી.





જેની અડધી કલાક બાદ પરિજનોએ તમારી હોસ્પિટલમાં દીકરાની તબિયત સારી થાય તેમ ન હોય તો અમને રજા આપો, અમે બીજી હોસ્પિટલમાં સારવાર કરાવી લઈશું તેમ કહેતા હાર્દિક સંઘાણીએ પોતાની ઓફિસમાં બોલાવી જણાવેલ કે, હવે તમારા પુત્રની સારવાર વોકહાર્ટ હોસ્પિટલના તબીબ ડો. જીજ્ઞેશ પટેલ કરશે તેમ જણાવ્યું હતું. આ સમયે ડો. જીજ્ઞેશ પટેલ હાર્દિક સંઘાણીની ઓફિસમાં જ હાજર હતા.

દરમિયાન તા.૨૦-૯-૨૦૨૪ ના રોજ સાંજના સમયે દર્દીના સંબંધી રાજેન્દ્રસિંહ રાણા તથા તેમની દીકરી પ્રિયંકાબેન કે જેઓ પોતે એમબીબીએસનો અભ્યાસ કરેલ હોય તેઓ હોસ્પિટલ ખાતે દોડી આવ્યા હતા. સાંજના છ વાગ્યાના અરસામાં તબિયત જીજ્ઞેશ પટેલે દર્દીના રિપોર્ટ જોઈ જણાવેલ કે, તમારા દીકરાની તબિયત ક્રિટીકલ છે, પ્લેટલેટ કાઉન્ટ ૨૮,૦૦૦ આવેલ છે પણ હું સ્થિતિને સંભાળી લઈશ. આ વખતે પરિજનોએ દર્દીને અન્ય હોસ્પિટલ ખાતે લઈ જવાની ઈચ્છા વ્યક્ત કરતા 'તમે કોઈ પણ હોસ્પિટલમાં જશો કે અમેરિકા જશો તો પણ અમે આપીએ તે જ સારવાર આપવામાં આવશે, જેથી તમારે અન્ય કોઈ હોસ્પિટલમાં જવાની જરૂર નથી અને જરૂર પડયે હું વોકહાર્ટ હોસ્પિટલમાંથી વધુ તબીબ બોલાવી લઈશ તેવી વાત ડો. જીજ્ઞેશ પટેલે કરી હતી. દરમિયાન રાજેન્દ્રસિંહ રાણાની પુત્રી પ્રિયંકાબેને તબીબને કહ્યું હતું કે દર્દીની તબિયત ક્રિટિકલ છે, તમારાથી પેશન્ટ હેન્ડલ ન થઈ શકે તેમ હોય તો તેને કોઈ મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલમાં રીફર કરી દઈએ. ત્યારે પણ તબીબે હું બધું હેન્ડલ કરી લઈશ તેમ જણાવ્યું હતું. પરંતુ થોડીવારમાં જ ડો.જીજ્ઞેશ પટેલ હોસ્પિટલમાંથી જતા રહેલ હતા.

બાદ સાંજના ૭:૪૫ વાગ્યા આસપાસ દર્દીની તબિયત વધુ બગડવા લાગી હતી. ત્યારે પણ હોસ્પિટલમાં કોઈ તબીબ હાજર ન હતા. આઈસીયુમાં ફક્ત બે પુરુષ નર્સ હાજર હતા જે જય રેણપરાની છાતી જોર જોરથી દબાવતા હતા. ત્યારે પરિજનોએ રિસેપ્શન પર જઈ તાત્કાલિક ડોક્ટરને બોલાવવાનું જણાવતા આશરે સવા આઠ વાગ્યે ડો.જીજ્ઞેશ પટેલ હોસ્પિટલ ખાતે આવેલ હતા અને દર્દીની સારવાર શરૂ કરેલ હતી. બાદ જીજ્ઞેશ પટેલે એક એમ્બ્યુલન્સ બોલાવી રાત્રિના આશરે નવ વાગે દર્દીને વોક હાર્ટ હોસ્પિટલ ખાતે શિફ્ટ કરેલ હતો. જેની અડધી કલાકની ટૂંકી સારવાર બાદ તબીબે જય રેણપરાને મૃત જાહેર કરી દીધેલ હતો.

જેથી સામાન્ય ડેન્ગ્યુની બીમારીમાં સપડાયા બાદ દર્દી જય રેણપરાને હોસ્પિટલ ખાતે દાખલ કર્યા બાદ ડો.હાર્દિક સંઘાણી દ્વારા દર્દીની સારવાર શરૂ કરવામાં આવી હતી. જે બાદ અધવચ્ચે દર્દીની સારવાર ડો. હાર્દિક સંઘાણીએ બંધ કરી દીધા પછી તેમની પત્ની કે જે પોતે ચામડીના ડોક્ટર હોય અને મૃતક દર્દીના કેશ વિશે કશું જાણતા ન હોય તેણે દર્દીની સારવાર કરી હતી. ત્યારબાદ સારવારની કમાન અન્ય તબીબ ડો. જીજ્ઞેશ પટેલને સોંપવામાં આવી હતી. આ બંને ડોકટર દ્વારા સારવારમાં બેદરકારી દાખવવામાં આવી હોય અને પરિજનોના વારંવાર કહ્યા છતાં દર્દીને બીજી હોસ્પિટલમાં લઈ જવા દેવામાં આવ્યા ન હતા. ત્યારબાદ એકાએક પરિવારની જાણ બહાર એમ્બ્યુલન્સ બોલાવી દર્દીને વોક હાર્ટ હોસ્પિટલમાં દાખલ કરી દેવામાં આવ્યા હતા.

પરંતુ ત્યાં દર્દીએ દમ તોડી દીધો હતો. જે અંગે રાજકોટ સિવિલ હોસ્પિટલના તબીબી અધિક્ષક દ્વારા તબીબી બેદરકારીને લીધે દર્દીનું મોત થયા અંગેનો રિપોર્ટ આપવામાં આવ્યો હોય જે અભિપ્રાયના આધારે દર્દીના પરિજનોએ બી ડિવિઝન પોલીસ મથકમાં તબીબ ડો. હાર્દિક સંઘાણી અને ડો.જીજ્ઞેશ પટેલ વિરુદ્ધ ફરિયાદ આપતા પોલીસે બીએનએસની કલમ ૧૦૬(૧) હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી આરંભી હતી.

### તમે અમેરિકા જશો તો ત્યાં જે સારવાર મળશે અમે પણ એ જ સારવાર આપશું, હું બધું હેન્ડલ કરી લઈશ : ડો. જીજ્ઞેશ પટેલ

સમગ્ર ઘટનાક્રમ દરમિયાન દર્દીના સંબંધી રાજેન્દ્રસિંહ રાણા તથા તેમની દીકરી પ્રિયંકાબેન કે જેઓ પોતે એમબીબીએસનો અભ્યાસ કરેલ હોય તેઓ હોસ્પિટલ ખાતે દોડી આવ્યા હતા. ત્યારે પરિજનોએ દર્દીને અન્ય હોસ્પિટલમાં લઈ જવાનું કહેતા 'તમે કોઈ પણ હોસ્પિટલમાં જશો કે અમેરિકા જશો તો પણ અમે આપીએ તે જ સારવાર આપવામાં આવશે, જેથી તમારે અન્ય કોઈ હોસ્પિટલમાં જવાની જરૂર નથી અને જરૂર પડયે હું વોકહાર્ટ હોસ્પિટલમાંથી વધુ તબીબ બોલાવી લઈશ તેવી વાત ડો. જીજ્ઞેશ પટેલે કરી હતી. દરમિયાન રાજેન્દ્રસિંહ રાણાની પુત્રી પ્રિયંકાબેને તબીબને કહ્યું હતું કે દર્દીની તબિયત ક્રિટિકલ છે, તમારાથી પેશન્ટ હેન્ડલ ન થઈ શકે તેમ હોય તો તેને કોઈ મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલમાં રીફર કરી દઈએ. ત્યારે પણ તબીબે હું બધું હેન્ડલ કરી લઈશ તેમ જણાવ્યું હતું.

### હોસ્પિટલની માન્યતા, તબીબોની ડિગ્રી, સ્ટાફની લાયકાત સહિતની દિશામાં પોલીસની તપાસ કેન્દ્રિત

#### ચામડીના તબીબે આપેલી સારવારે દર્દીની તબિયત વધુ બગાડી હશે તો મહિલા તબીબને પણ આરોપી બનાવાશે

હાલ સમગ્ર મામલામાં ગુનો નોંધાયા બાદ બી ડિવિઝન પોલીસ મથકના પીઆઈ એસ એસ રાણેની ટીમે તપાસ શરૂ કરી છે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર હાલ ફરજમાં બેદરકારી દાખવનાર તબીબ ડો. હાર્દિક સંઘાણી અને ડો. જીજ્ઞેશ પટેલની ડિગ્રી માન્ય છે કે કેમ? હોસ્પિટલ શરૂ કરવાના જરૂરિ ધારાધોરણોનું પાલન થઈ રહ્યુ છે કે નહિ? કાયદેસર રીતે જ હોસ્પિટલ શરૂ કરાઈ છે કે નહિ? ફરજ પર રાખવામાં આવેલ સ્ટાફની લાયકાત સહીતની દિશામાં તપાસ આદરી છે. વધુમાં પોલીસ સૂત્રોમાંથી પ્રાપ્ત વિગત અનુસાર દર્દીના પરિજનો દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો હતો કે, ડો. હાર્દિક સંઘાણીની ગેરહાજરીમાં તેમની પત્ની કે જેઓ ચામડીના ડોક્ટર છે તેમણે યુવાનને સારવાર આપી હતી. હવે જો આ સારવારના લીધે દર્દીની તબિયત વધુ બગડી હશે તો મહિલા તબીબને પણ આરોપી બનાવવામાં આવશે.

### પરિવારની જાણ બહાર જ તાબડતોડ દર્દીને અન્ય હોસ્પિટલમાં દાખલ કરી દેવાયો : જયાં અડધી કલાકની સારવાર બાદ જ યુવાને દમ તોડી દીધો

### દર્દીના હાથ-પગ ઠંડા થવા લાગતા ફક્ત બ્લડ પ્રેસર લો થઈ ગયાનું જણાવી હવે સારૂ છે તેમ કહી પરિજનોને ગેરમાર્ગે દોર્યા

### તબીબી બેદરકારીથી જ યુવાન મોતને ભેંટ્યો : સિવિલ હોસ્પિટલના અધિક્ષકે આપેલા અભિપ્રાય પરથી બંને તબીબો વિરુદ્ધ ગુનો નોંધાયો

# બાર એસો.ના ચૂંટણી નિયમોને પડકારતી અરજી સામે હાઈકોર્ટે ત્રણ સપ્તાહની મુદત નાખી

## સંદીપ વેકરીયા બારની ચૂંટણી લડી શકશે : સુમિત વોરાએ વેકરીયાના સભ્યપદ, ચૂંટણીમાં ઉમેદવારી બાબતે અને બીસીજીના ચૂંટણી નિયમોને પડકારતી અરજી પેન્ડિંગ

**અબ તક, રાજકોટ**

રાજકોટ બાર એસોસિએશનની ચૂંટણી આગામી તારીખ ૧૯ મી ડિસેમ્બરે યોજાનાર છે, ત્યારે સેક્રેટરી સંદીપ વેકરીયાના રાજીનામા તેમજ ૨૦૨૬ની ચૂંટણીમાં તેની જોઈન્ટ સેક્રેટરીપદ માટે ઉમેદવારી મામલે છેક હાઈકોર્ટ સુધી કાનૂની જંગમાં હાઈકોર્ટે સંદીપ વેકરીયાનું સભ્યપદ રદ સામે સ્ટે આપ્યા બાદ આગળની સુનાવણીએ રાજકોટ બારના ઉપપ્રમુખ અને બીસીજીના કો- ઓપ્ટ મેમ્બર સુમિત વોરાએ હાઈકોર્ટે આપેલો સ્ટે રદ કરવા હાઈકોર્ટમાં કરેલી અરજી પાછી ખેંચવાની માગણી કરીને વધુમાં બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના ૨૦૧૫ના ચૂંટણી નિયમોને હાઈકોર્ટમાં પડકારતી કરેલી અરજીમાં હાઈકોર્ટ ડિવિઝન બેન્ચે રાજકોટ બારની તરફેણમાં તે આપ્યા વિના આ મેટરની ત્રણ અઠવાડિયા બાદ સુનાવણી રાખતા હવે સંદીપ વેકરીયાની ઉમેદવારી સામે કોઈ વિઘ્ન નહીં હોવાનું વકીલો માની રહ્યા છે.

રાજકોટ બાર એસોસિએશનમાં ભાજપ લીગલ સેલના બે જૂથ વચ્ચે ગળાકા સ્પર્ધા છે, દરમિયાન

બાર એસો.ની ૨૦૨૬ની ચૂંટણીમાં સંદીપ વેકરીયાએ જોઈન્ટ સેક્રેટરી પદ માટે ઉમેદવારી નોંધાવી છે. જ્યારે ૨૦૨૫ની વર્તમાન બોડીમાં તે સેક્રેટરી જગ્યા ઉપર ચૂંટાઈ આવ્યા હતા. પરંતુ વર્તમાન બોડી સામે અસંતોષ વ્યક્ત કરી રાજીનામું આપ્યું હતું. આ રાજીનામા બાદ સંદીપ વેકરીયા બાર એસોસિએશનની ૨૦૨૬ની ચૂંટણીમાં ભાજપ લીગલ સેલની સમરસ પેનલમાંથી ચૂંટણી લડી શકે નહીં તે માટે રાજકોટ બાર એસોસિએશને સંદીપ વેકરીયાનું સભ્યપદ એક વર્ષ માટે સસ્પેન્ડ કરવાનો ઠરાવ કર્યો હતો, પરંતુ સંદીપ વેકરીયાએ આ ઠરાવને બાર કાઉન્સિલ ઓફ ગુજરાતમાં પડકારતા તેમાં ગુજરાત બાર કાઉન્સિલની કમિટી દ્વારા વર્ચ્યુઅલ મોડમાં બંને પક્ષની સુનાવણીના અંતે રાજકોટ બારમાં ચૂંટણી કમિશ્નર નિયુક્ત થયાં બાદ એસોશિએશનનો વહીવટ અને સંચાલન કમિશ્નરને સોંપવા તેમજ અરજદાર સંદીપ વેકરીયાનું સભ્યપદ રદ કરવાનો રાજકોટ બારનો નિર્ણય ગેરકાયદે ગણાવ્યો હતો. અને તા.૨૪-૧૧નાં બાર એસો. દ્વારા પ્રકાશિત થયેલ મતદાર યાદીમાં સંદીપ વેકરીયાનું નામ સામેલ હતું, તે પ્રમાણે પુનઃ સામેલ કરવાનો અને તેઓ ચૂંટણી લડવાપાત્ર ગણાશે તેવો હુકમ કર્યો હતો. દરમિયાન બીસીજી દ્વારા યોગ્ય ઠરેલા સંદીપ વેકરીયાએ જોઈન્ટ સેક્રેટરી પદ માટે ફોર્મ ભરી દીધું હતું, તેવામાં બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના હુકમ સામે રાજકોટ બાર એસોસિએશન દ્વારા બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા સમક્ષ દાદ માંગતી રિવિઝન દાખલ કરી હતી. જે અરજી હાથ પર લેવામાં આવતા બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દ્વારા બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના હુકમ સામે સ્ટે ફરમાવ્યો હતો. આથી સંદીપ વેકરીયાએ ભાજપ લીગલ સેલની સમરસ પેનલમાંથી જોઈન્ટ સેક્રેટરીપદે ઉમેદવારી ઉપર પ્રશ્નાર્થ સર્જાયા હતા. દરમિયાન બીસીઆઈના હુકમને સંદીપ વેકરીયા દ્વારા ગુજરાત હાઈકોર્ટ સમક્ષ પડકારી રાજકોટ બાર એશોસીએશન વગેરેને પક્ષકાર બનાવી તેઓ વિરૂધ્ધ સ્પે.સિવિલ એપ્લીકેશન દાખલ કરી બાર કાઉન્સિલ ઓફ ઈન્ડીયાનો હુકમ રદ કરવા અને ઉમેદવારી કરતા ન અટકાવવા કાર્યવાહીઓ કરી રજુઆતો કરવામાં આવી હતી. તેમાં બંને પક્ષની રજુઆતો, કાયદાકિય પરિસ્થિતિને ધ્યાને લઈ ગુજરાત હાઈકોર્ટ દ્વારા કાર્યવાહીઓ પેન્ડિંગ હોવા દરમીયાન બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના હુકમને સ્ટે કરતો અને સંદિપ વેકરીયાને ચૂંટણીમાં ભાગ લેતા અટકાવવા નહી તેવો હુકમ આપ્યો હતો, બાકીની મેટર સુનાવણી માટે રાખી હતી. દરમિયાન તા. ૧૧ ડિસેમ્બરે રાજકોટ બાર એસોસિએશનના ઉપપ્રમુખ સુમિત વોરાએ હાઈકોર્ટે આપેલો સ્ટે રદ કરવા હાઈકોર્ટમાં એપ્લિકેશન કરી હતી, પરંતુ તેમાં હાઈકોર્ટ દ્વારા પોતાની વિરુદ્ધ હુકમ થશે તેમ માની સુમિત વોરાએ સંદીપ વેકરીયા સામેની મનાઈહુકમની અરજી પરત ખેંચવા હાઈકોર્ટમાં અરજી કરી સાથે સાથે બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના રાજ્યના બાર એસોસિએશનોના ઈલેક્શન રૂલ્સને પડકારતી નવેસરથી અરજી કરી છે. તેમાં ગઈકાલે હાથ ધરાયેલી હાઈકોર્ટ ડિવિઝન બેન્ચે ત્રણ અઠવાડિયા પછી આગળની સુનાવણી રાખતા હાલ સંદીપ વેકરીયાની ઉમેદવારી સામે કોઈ વિઘ્ન નહિ હોવાનું વકીલો માની રહ્યા છે.

# એડિશનલ કલેક્ટર આલોક ગૌતમની નાયબ મુખ્યમંત્રીના અધિક અંગત સચિવ તરીકે વરણી

## આલોક ગૌતમની રાજકોટમાં એડિશનલ કલેક્ટર તરીકેની નિમણૂકને હજુ એક વર્ષનો સમય વીત્યો છે, ત્યાં જ તેમની સેવાઓને રાજ્ય સ્તરે લઈ જવાનો મહત્વપૂર્ણ નિર્ણય

**અબતક, રાજકોટ**

રાજ્ય સરકારના વહીવટી માળખામાં આજે એક મહત્વનો ફેરફાર કરવામાં આવ્યો છે. રાજકોટમાં એડિશનલ કલેક્ટર તરીકે કાર્યરત આલોક ગૌતમની બદલી કરીને તેમને રાજ્યના નાયબ મુખ્યમંત્રીના અધિક અંગત સચિવ તરીકેની જવાબદારી સોંપવામાં આવી છે.

આલોક ગૌતમની રાજકોટમાં એડિશનલ કલેક્ટર તરીકેની નિમણૂકને હજુ એક વર્ષનો સમય વીત્યો છે, ત્યાં જ તેમની સેવાઓને રાજ્ય સ્તરે લઈ જવાનો નિર્ણય લેવાયો છે. વહીવટી કામગીરીમાં તેમની ઝડપ અને સૂઝબૂઝને જોતા



સરકારે તેમને નાયબ મુખ્યમંત્રીના અંગત સચિવાલયમાં કાર્યભાર સંભાળવા આદેશ અપાયો છે.

નાયબ મુખ્યમંત્રીના અધિક અંગત સચિવ તરીકેનું પદ અત્યંત જવાબદારીભર્યું ગણાય છે, જ્યાં તેમણે સરકારની વિવિધ યોજનાઓ અને નીતિવિષયક બાબતોમાં મહત્વની કડી તરીકે કામ કરવાનું રહેશે. રાજકોટ જેવા મહાનગરના એડિશનલ કલેક્ટર તરીકેનો તેમનો અનુભવ હવે ગાંધીનગર સચિવાલયમાં સરકારની કાર્યપ્રણાલીને વધુ વેગ આપશે.

રાજકોટમાં તેમના ટૂંકા પરંતુ અસરકારક કાર્યકાળ દરમિયાન તેમણે અનેક પડકારજનક પ્રશ્નોનો નિકાલ લાવવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. હવે રાજકોટમાં ખાલી પડેલી એડિશનલ કલેક્ટરની જગ્યા પર કોની નિમણૂક કરવામાં આવે છે, તેના પર સૌની નજર ટકેલી છે.

# સલામતીની સફર: રેલવેમાં અકસ્માતોને બ્રેક, સુરક્ષાનો રેકોર્ડ 'હાઈ સ્પીડ' પર

## બ્લેક સ્પોટ અને સંવેદનશીલ વિભાગોનું વારંવાર પેટ્રોલિંગ અને તોડફોડના પ્રયાસો શોધવા સંકલન સાથે કામગીરી કરી સલામતીમાં કરાયો વધારો

**અબતક, રાજકોટ**

ભારતીય રેલવે મુસાફરોની સલામતી અને સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપે છે. કોઈપણ અસામાન્ય ઘટનાની સંપૂર્ણ તપાસ કરવામાં આવે છે, અને જો ટેકનિકલ કારણ સિવાય અન્ય કોઈ કારણ શંકાસ્પદ હોય, તો રાજ્ય પોલીસ/ જીઆરપી (સરકારી રેલવે પોલીસ) ની મદદ લેવામાં આવે છે. ગુનાહિત પ્રવૃત્તિઓ, કાયદો અને વ્યવસ્થા, અને રેલવેના માળખાગત સુવિધાઓની સુરક્ષા જાળવવાની બંધારણીય જવાબદારી રાજ્ય સરકારની છે. ૨૦૨૩ અને ૨૦૨૪માં રેલવે ટ્રેક સાથે તોડફોડ/છેડછાડના તમામ બનાવોમાં રાજ્ય પોલીસ/જીઆરપી દ્વારા કેસ નોંધવામાં આવ્યા છે. કેટલાક જટિલ કેસોમાં સીબીઆઈ અને એનઆઈએ જેવી કેન્દ્રીય એજન્સીઓનું માર્ગદર્શન પણ લેવામાં આવે છે.

રાજ્ય પોલીસ/જીઆરપી સાથે ઉત્તમ સંકલન જાળવવા અને ગુનાહિત પ્રવૃત્તિઓને રોકવા માટે રેલવે દ્વારા અનેક પગલાં લેવામાં આવ્યા છે. રેલવે કર્મચારીઓ, RPF (રેલવે પ્રોટેક્શન ફોર્સ), જીઆરપી અને સિવિલ પોલીસ દ્વારા સંયુક્ત રીતે ઓળખાયેલા બ્લેક સ્પોટ અને સંવેદનશીલ વિભાગોનું વારંવાર પેટ્રોલિંગ કરવામાં આવે છે. ખાસ ટીમો દ્વારા જોખમી વિસ્તારોનું પેટ્રોલિંગ કરવામાં આવે છે અને ગુપ્ત માહિતીનું આદાનપ્રદાન થાય છે. રેલવે ટ્રેક નજીકની સામગ્રીને હટાવવા માટે નિયમિત ઝુંબેશ ચલાવવામાં આવે છે અને આસપાસના રહેવાસીઓને તોડફોડના ગંભીર પરિણામો વિશે જાગૃત કરીને શંકાસ્પદ પ્રવૃત્તિઓની જાણ કરવા વિનંતી કરવામાં આવે છે. ઉપરાંત, રેલવે રાજ્ય સ્તરની સુરક્ષા સમિતિની બેઠકો નિયમિતપણે યોજાય છે, જેમાં તમામ સ્તરે આરપીએફ, જીઆરપી અને ગુપ્તચર એકમો વચ્ચે સક્રિય સંપર્ક જાળવવામાં આવે છે.

ભારતીય રેલવે દ્વારા વર્ષોથી લેવામાં આવેલા વિવિધ સલામતી પગલાંના પરિણામે, ટ્રેન અકસ્માતોની સંખ્યામાં ભારે ઘટાડો થયો છે. ૨૦૧૪ ૧૫માં ૧૩૫ અકસ્માતોની સરખામણીએ, ૨૦૨૪ ૨૫માં આ આંકડો ઘટીને માત્ર ૩૧ થયો છે. આ ઉપરાંત, ૧૦૦૯૮ લેવલ ક્રોસિંગ ગેટનું ઈન્ટરલોકિંગ કરવામાં આવ્યું છે, અને ૬૬૬૧ સ્ટેશનો પર સંપૂર્ણ ટ્રેક સર્કિટિંગ પ્રદાન કરીને ટ્રેક ઓક્યુપન્સીની ચકાસણી સુનિશ્ચિત કરવામાં આવી છે.

ભારતીય રેલવે દ્વારા સલામતી માટે કવચ ને રાષ્ટ્રીય એટીપી સિસ્ટમ તરીકે અપનાવવામાં આવ્યું છે, જે એક અત્યંત ટેકનોલોજી સઘન સિસ્ટમ છે. કવચ સંસ્કરણ ૪.૦ ને દિલ્હી-મુંબઈ (પલવલ-મથુરા-કોટા-નાગદા) અને દિલ્હી-હાવડા (હાવડા-બર્ધમાન) રૂટ પર સફળતાપૂર્વક કાર્યરત કરવામાં આવ્યું છે, અને ૧૫૫૧૨ આર કિમી પર કવચ અમલીકરણ હાથ ધરવામાં આવ્યું છે. આ ઉપરાંત, બધા લોકોમોટિવ્સ વિજિલન્સ કંટ્રોલ ડિવાઈસથી સજ્જ છે, અને ધુમ્મસવાળા હવામાનમાં મદદ કરવા માટે લોકો પાઈલટ્સને જીપીએસ આધારિત ફોગ સેફ્ટી ડિવાઈસ આપવામાં આવે છે. ટ્રેન કામગીરીમાં સલામતી સુનિશ્ચિત કરવા માટે એલએચબી ડિઝાઈન કોચનો ઉપયોગ અને જાન્યુઆરી ૨૦૧૮ સુધીમાં બ્રોડગેજ રૂટ પરના તમામ માનવરહિત લેવલ ક્રોસિંગને દૂર કરવા જેવા પગલાં લેવાયા છે.

ટ્રેકની સલામતી સુધારવા માટે ઉચ્ચ ગુણવત્તાની રેલ (૬૦ કિગ્રા, ૯૦ યુટીએસ) અને પ્રીસ્ટ્રેસ્ડ કોંક્રિટ સ્લીપર (પીએસસી) નો ઉપયોગ કરવામાં આવે છે. ટ્રેક બિછાવવાની પ્રવૃત્તિનું યાંત્રીકરણ કરવામાં આવ્યું છે. ખામીઓ શોધવા અને તેને દૂર કરવા માટે રેલનું અલ્ટ્રાસોનિક ફ્લો ડિટેક્શન પરીક્ષણ નિયમિતપણે કરવામાં આવે છે. વેલ્ડિંગ ટેકનોલોજીમાં સુધારો કરવામાં આવ્યો છે (દા.ત., ફ્લેશ બટ વેલ્ડીંગ) અને ઓ એમ એસ/ટી આર સી દ્વારા ટ્રેક ભૂમિતિનું નિરીક્ષણ થાય છે. વધુમાં, આગ અટકાવવા માટે કોચમાં ''ફાયર નોટિસ'' પ્રદર્શિત કરવામાં આવી છે, અને નવા કોચમાં ફાયર ડિટેક્શન અને સપ્રેસન સિસ્ટમ પ્રદાન કરવામાં આવી રહી છે.

૩૦ નવેમ્બર ૨૦૨૩ ના ગેઝેટ નોટિફિકેશન દ્વારા રોલિંગ બ્લોક નો ખ્યાલ પણ રજૂ કરવામાં આવ્યો છે, જેમાં જાળવણી કાર્યનું આયોજન ૫૨ અઠવાડિયા અગાઉથી કરવામાં આવે છે.

# ૩૫ પાનના ગલ્લાઓ પર એસઓજી ત્રાટકી: ગોગો ટ્રીપ-ચલમનો જથ્થો કબ્જે કરાયો

## ચાર સ્થળેથી ઝડપાયેલ મુદામાલનો નાશ કરી દેવાયો : નશાકારક પદાર્થના સેવનમાં ઉપયોગમાં લેવાતી સામગ્રીનું વેચાણ નહિ કરવા વેપારીઓને સૂચના અપાઈ

**અબતક, રાજકોટ**

યુવાધનને નશાના રવાડે ચડતા અટકાવવા એસઓજી દ્વારા શહેરના અલગ અલગ વિસ્તારોમાં આવેલી પાનની દુકાનોમાં ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. પાનની દુકાનોમાંથી મળી આવેલ ગોગો ટ્રીપ અને ચલમ સહીતની સામગ્રી કબ્જે કરી તેનો નાશ કરવામાં આવેલ હતો.

પ્રાપ્ત વિગત અનુસાર શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશનર મહેન્દ્ર બગડીયા, ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા અને એસીપી ક્રાઈમ ભરત બસિયા દ્વારા શહેરી વિસ્તારમાં યુવાધનને નશાના રવાડે ચડતા અટકાવવા તથા નાર્કોટિક્સ પદાર્થનું વેચાણ અટકાવવા 'સે નો ટુ ડ્રગ્સ' મિશન અંતર્ગત નાર્કોટિક્સ પદાર્થોનું ખરીદ વેચાણ કે સેવન કરનારા શખ્સો વિરુદ્ધ કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી હતી. જે સૂચના અનુસંધાને એસઓજી પીઆઈ સંજયસિંહ એમ. જાડેજાની રાહબરી હેઠળ ગઈકાલે પીએસઆઈ વી વી ધ્રાંગુ, વી કે ઝાલા, એસ બી ઘાસુરા સહિતની ટીમો દ્વારા જંકશન પ્લોટ, કિસાનપરા ચોક, કેકેવી હોલ, કાલાવડ રોડ સહિતના વિસ્તારમાં આવેલ પાનની દુકાનમાં ગેરકાયદે નશાકારક પદાર્થો, ઈ-સિગરેટના વેચાણ અંગે સઘન ચેકિંગ હાથ ધરવામાં આવી હતી.

આ ઝુંબેશ દરમિયાન એસઓજી ટીમ દ્વારા અલગ અલગ ૩૫ જેટલી દુકાનોનું ચેકિંગ કરવામાં આવેલ હતું. જેમાં કુલ ત્રણ દુકાનો ખાતેથી ગાંજા સહિતના પદાર્થનું સેવન કરવામાં વપરાતી ૩૭ જેટલી ગોગો ટ્રીપ મળી આવી હતી, જેનો નાશ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત એક સ્થળેથી ૩૦૦ નંગ ખાલી ચલમ મળી આવેલ હોય કબજે કરી નાશ કરવામાં આવ્યો હતો. તેમજ વેપારીઓને આવી કોઈ પણ ચીજ વસ્તુઓનું વેચાણ નહીં કરવા માટે સમજણ પૂરી પાડવામાં આવેલ હતી.


વધુમાં એસઓજી પીઆઈ સંજયસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, આ પ્રકારે જ રાજકોટ શહેરમાં અલગ અલગ વિસ્તારોમાં સતત



ચેકિંગ શરૂ રાખી નાર્કોટિક્સ પદાર્થ કે તેને લગતી સામગ્રીના વેચાણ વિરુદ્ધ ઝુંબેશ હાથ ધરવામાં આવતી રહેશે. વેપારીઓએ નશાકારક પદાર્થ કે તેને લગતી સામગ્રીનું વેચાણ નહિ કરવા પોલીસ દ્વારા અપીલ કરવામાં આવી હતી.

## છ કપલ બોક્સમાં એએચટીયુ ટીમનું ચેકીંગ: ધડાધડ શટર બંધ થયાં

### સગીરોને પ્રવેશબંદી, યોગ્ય સીસીટીવી કેમેરા લગાવવા, બેકઅપ જાળવવા સૂચના અપાઈ




પ્રેમી યુગલો એકાંતની પળો માણવા કપલ બોક્સ ખાતે જતું હોય છે. અહીં પુખ્યવયના ન હોય તેવા યુગલો આવતા હોય ઘણીવાર કપલ બોક્સની ગંભીર બનાવમાં ભૂંડી ભુમિકા સામે આવતી હોય એન્ટી હ્યુમન ટ્રેફિકિંગ યુનિટની ટીમો દ્વારા ચેકીંગ હાથ ધરવામાં આવેલ હતું. પીઆઈ ભાર્ગવસિંહ ઝણકાટની ટીમો દ્વારા કાલાવડ રોડ પર આવેલ અલગ અલગ છ કપલ બોક્સ ખાતે ચેકીંગ હાથ ધરવામાં આવતા સહેજવારમાં તો કપલ બોક્સના શટર ટપોટપ બંધ થવા લાગ્યા હતા. અહી સગીરોને પ્રવેશ નહિ આપવા, યોગ્ય ડાયરેકશનમાં સીસીટીવી કેમેરા લગાવવા તેમજ તેનું બેકઅપ જાળવવા સૂચના આપવામાં આવી હતી.

## અયોધ્યા ચોક નજીક કારમાંથી બે તબીબો 'ડમડમ' હાલતમાં ઝડપાયા

### નાઈટ પેટ્રોલીંગ દરમિયાન ગાંધીગ્રામ પોલીસે સર્પાકાર રીતે પસાર થતી કાર અકટાવી ચેકીંગ કરતા ડોકટરો નશાની હાલતમાં મળ્યા

**અબતક, રાજકોટ**

શહેરમાં નાઈટ પેટ્રોલીંગ દરમિયાન અયોધ્યા ચોક પાસે ગાંધીગ્રામ પોલીસના સ્ટાફે સ્વીફ્ટ કારને અટકાવી હતી. કારમાં સવાર બંને શખસોની પુછતાછ કરતા બંને ડોકટર હોવાનું અને બંનેએ નશો કર્યાનું માલુમ પડતા પોલીસે ગુનો નોંધી જરૂરી કાર્યવાહી કરી હતી.

જાણવા મળતી વિગતો મુજબ, ગાંધીગ્રામ પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ આર.એમ. ગઢવી અને સહદેવસિંહ જાડેજા સહિતનો સ્ટાફ નાઈટ પેટ્રોલિંગમાં હતો. દરમિયાન રાત્રીના ૧૦:૩૦ વાગ્યા આસપાસ ૧૫૦ ફૂટ રીંગ રોડ પર અયોધ્યા ચોક સર્કલ પાસે રોડ પર સ્વિફ્ટ કાર નંબર જીજે ૩ કેપી ૨૧૩૫ સર્પાકાર રીતે ચલાવી જતા હોય જેથી પોલીસે આ કારને અટકાવી હતી.

પોલીસે કારચાલક અને તેમાં સવાર અન્ય શખસ બંનેની નીચે ઉતારી કારચાલકનું નામ પુછતા તેણે પોતાનું નામ વિરૂત ચંદ્રકાંતભાઈ પટેલ (ઉ.વ. ૩૮ રહે. રેસકોર્સ રીંગરોડ, પટેલ આઈસ્ક્રીમ બાજુમાં ક્રિષ એન્ડ એપાર્ટમેન્ટ ફ્લેટ નંબર ૭૦૨) અને કારમાં સવાર અન્ય શખસનું નામ લક્કીરાજ ભગવાનજીભાઈ અકવાલિયા (ઉ.વ. ૩૪ રહે. મવડી પ્લોટ, મેઈન રોડ, શવાશ્રય સોસાયટી શેરી નંબર ૪) હોવાનું જણાવ્યું હતું. એટલું જ નહીં બંને ડોકટર હોવાનું જણાવ્યું હતું. બંને થોથરાથી જીભે બોલતા હોય અને શરીરનું સંતુલન જાળવી શકતા ન હોય નશો કર્યો હોવાનું માલુમ પડ્યું હતું. જેથી પોલીસે કારચાલક વિરૂત પટેલ સામે ડ્રિંક્સ એન્ડ ડ્રાઈવનો અને કારમાં બેઠેલા તેના મિત્ર લક્કીરાજ અકવાલીયા સામે પ્રોહિબિશન એક્ટની કલમ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

### લુખ્ખાગીરીનો વધુ એક બનાવ

## શેરીમાં વચ્ચોવચ ખુરશી નાખી બેઠેલા બન્નીએ કુંડા અને ઈંટ વડે પાડોશી મામા-ભાણેજને માર માર્યો

### વાહન કાઢતી વેળાએ આવારા તત્વ ઉશ્કેરાયો: પાટુ મારી ભાણેજને નીચે પછાડી દેતા મામા દોડી જતાં તેને પણ ફટકાર્યો

**અબતક, રાજકોટ**

ભાવનગર રોડ પર આંબેડકરનગર વિસ્તારમાં લુખ્ખાગીરીનો બનાવ સામે આવ્યો છે. શેરીમાં વચ્ચોવચ ખુરશીમાં બેઠેલ શખ્સે અહીં શેરીમાં રહેતા યુવક અને તેના ભાણેજને માર માર્યો હતો. બાદમાં લુખ્ખાએ ફૂલના કુંડા અને ઈંટના છુટા ઘા થતાં મામા-ભાણેજ ઈજાગ્રસ્ત થયાં હતા. જે બનાવ અંગે થોરાળા પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો.

બનાવ અંગે ભાવનગર રોડ પર ૮૦ ફૂટ રોડ નજીક આંબેડકરનગર શેરી નં.-૧૧ માં રહેતા ૩૬ વર્ષીય યુવાન હિતેશભાઈ ખોડાભાઈ સોલંકીએ થોરાળા પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે પાડોશમાં જ રહેતા મોહિત ઉર્ફે બની સુરેશભાઈ પરમારનું નામ આપતાં જણાવ્યું હતું કે, ગઈ તા.૧૨/૧૨/૨૦૨૫ ના રોજ બપોરના હું તથા મારા પત્ની પૂજાબેન, માતા બાલુબેન અમારા ઘરે હતા. ત્યારે અમારો ભાણેજ અભયભાઈ મનોજભાઈ વણવેલ અમારા ઘરે આવેલ હતો અને અમારા ઘરેથી કામે જવા બપોરના એકાદ વાગ્યે નીકળેલ હતો. ત્યારે અમારી શેરીમાં જ રહેતો મોહિત ઉર્ફે બની સુરેશભાઈ પરમાર શેરીમાં વચ્ચોવચ ખુરશી નાખીને બેઠેલ હતો. જેથી મારા ભાણેજ અભયભાઈ તેનું મોટર સાયકલ સાઈડમાંથી કાઢતા તેને મોહિત ઉર્ફે બન્ની ગાળો આપવા લાગેલ હતો. બાદ મોટરસાયકલમાં પાટુ મારતા મારો ભાણેજ નીચે પડી ગયેલ હતો. જેથી હું દોડીને ત્યાં ગયેલ અને વચમાં પડેલ હતો. જેથી બન્નીએ મારી સાથે પણ ઝપાઝપી કરી અપશબ્દ કહ્યા હતા.

દરમિયાન મારા પત્ની પૂજાબેન તથા માતા બાલુબેન, બહેન ગૌરીબેન સોલંકી બધા ત્યાં આવી ગયેલ હતા. બાદ મોહિત ઉર્ફે બન્ની પોતાના ઘરમાં જતો રહેલ હતો. ત્યારબાદ તેણે ઘરની છત પરથી ફૂલ છોડનું કુંડું તથા ઈંટોના ઘા કરેલ હતા. જે ફૂલનું કુંડુ મને માથામાં વાગી જતાં લોહી નીકળવા લાગેલ હતું. તેમજ જમણા હાથે પણ ઈજા પહોંચી હતી. જેથી મામા-ભાણેજને સારવાર અર્થે સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. બનાવ અંગે યુવકે ફરિયાદ આપતાં થોરાળા પોલીસે મોહિત ઉર્ફે બન્ની પરમાર વિરુદ્ધ ગુનો નોંધી ધરપકડ કરવા તજવીજ હાથ ધરી હતી.

(પહેલા પાનાનું ચાલું)

**ટ્રમ્પ...**

હેતુને વિરુદ્ધ છે. એચ-૧બી વિઝા અમેરિકન કંપનીઓને વિદેશી નિષ્ણાત કામદારોને ભેગા કરવા માટે છે, જેમાં ડોક્ટર, નર્સ, શિક્ષક અને ઈજનેર જેવા વ્યાવસાયોના લોકો આવે છે. આ વિઝા માટે અગાઉ ફી ૧૦૦૦થી ૭૫૦૦ ડોલર હતી, પણ હવે તે ૧ લાખ ડોલર થઈ છે. આ નવો નિયમ સપ્ટેમ્બર ૨૧ પછીના તમામ નવા અરજીઓ પર લાગુ થશે. રાજ્યોના વકીલો કહે છે કે ટ્રમ્પ સરકારે કોંગ્રેસની મંજૂરી વગર આ ફી વધારી છે, જે કાયદા (એડમિનિસ્ટ્રેટિવ પ્રોસીજર એક્ટ)નું ઉલ્લંઘન છે. તેઓ આ નિયમને રોકવા કોર્ટમાં વિનંતી કરી રહ્યા છે. આ વિરોધમાં ન્યૂયોર્ક, ઈલિનોઈ, વોશિંગ્ટન અને મેસાચુસેટ્સ જેવા રાજ્યો પણ છે.ટ્રમ્પ સરકાર એચ-૧બી વિઝા પર વધુ કડકાઈ કરી રહી છે. તેઓ કહે છે કે આ ફી વિઝાના દુરુપયોગને રોકશે અને અમેરિકન કામદારોના વેતનને સુરક્ષિત કરશે. વ્હાઈટ હાઉસના અધિકારીએ કહ્યું કે આ કાયદેસર છે. પણ આ ઉપરાંત, તેઓ વિઝા અરજદારોના ૫ વર્ષના સોશિયલ મીડિયા ઈતિહાસ તપાસવા માંગે છે. એચ-૧બી માટે સોશિયલ મીડિયા તપાસ ડિસેમ્બર લસથી ફરજિયાત થશે.વિરોધીઓ કહે છે કે આ નીતિ અમેરિકન અર્થતંત્રને નુકસાન કરશે અને ભારત જેવા દેશો સાથેના સંબંધોને તંગ કરશે. નિષ્ણાત કામદારો અન્ય દેશો તરફ જશે. બોન્ટાએ કહ્યું, ''વિદેશી પ્રતિભા અમારી અર્થવ્યવસ્થાને આગળ ધપાવે છે. આ ફીથી કામદારીની કમી વધશે.''આ કેસ કોર્ટમાં ચાલુ છે અને તેનું પરિણામ જોવા મળશે કે આ નિયમ ચાલશે કે નહીં.

**શાળાઓ અને હોસ્પિટલો...**

કરે છે. તેવી જ રીતે, આરોગ્ય ક્ષેત્રમાં ૧૭,૦૦૦થી વધુ એચ-૧બી વિઝા આપવામાં આવ્યા છે, જેમાં ડોક્ટર અને સર્જનો છે. અમેરિકામાં ૨૦૩૬ સુધીમાં ૮૬૦૦૦ ડોક્ટરોની કમી થશે, જે ગ્રામીણ અને ગરીબ વિસ્તારોમાં વધુ છે.

**સ્ટાર્ટઅપ...**

દ્વારા ૧,૩૫૦થી વધુ સ્ટાર્ટઅપ્સમાં ૨૫,૩૨૦ કરોડ રૂપિયાથી વધુનું રોકાણ કરવામાં આવ્યું છે. આ રોકાણથી સ્ટાર્ટઅપ્સને મજબૂત આર્થિક આધાર મળ્યો છે અને તેઓ વધુ વિસ્તારી શક્યા છે. તે જ સમયે, ક્રેડિટ ગેરંટી સ્કીમ ફોર સ્ટાર્ટઅપ્સ હેઠળ ૭૭૫ કરોડ રૂપિયાથી વધુની રકમ આપવામાં આવી છે, જેનાથી નાના વ્યવસાયોને લોન મેળવવામાં સરળતા રહી છે.

આ ઉપરાંત, સ્ટાર્ટઅપ ઈન્ડિયા સીડ ફંડ સ્કીમ હેઠળ ઈન્ક્યુબેટર્સ (સ્ટાર્ટઅપ્સને મદદ કરતી સંસ્થાઓ) દ્વારા ૩,૨૦૦થી વધુ સ્ટાર્ટઅપ્સની અરજીઓને મંજૂરી આપીને ૫૮૫ કરોડ રૂપિયાથી વધુની રકમ મંજૂર કરવામાં આવી છે. આ યોજનાઓથી નવા વિચારોને શરૂઆતી તબક્કામાં જ સમર્થન મળે છે, જેથી તેઓ ઝડપથી વિકસી શકે.

મંત્રી પિયુષ ગોયલે આખરીમાં કહ્યું, ''જેમ જેમ આપણે નવા વર્ષમાં પગ મૂકીશું, તેમ આ નવીનતા અને ઉદ્યોગસાહસિકતાનો આગુવો આપણા વિકાસ, તકો અને સમૃદ્ધિને આગળ ધપાવશે.'' આ ઘટના ભારતના યુવાનો માટે પ્રેરણાદાયી છે, કારણ કે તે દર્શાવે છે કે સાચા વિચારો અને સરકારી સમર્થનથી કોઈપણ સ્વપનને વાસ્તવિકતા બનાવી શકાય છે. આગામી દિવસોમાં આ સ્ટાર્ટઅપ્સ વૈશ્વિક સ્તરે પણ ભારતનું નામ રોશન કરશે, તેમાં કોઈ શંકા નથી.

**મોદી સરકાર...**

૧૦૦ ટકા સુધી એફડીઆઈને મંજૂરી આપવા અને વિતરણ નેટવર્કમાં સુધારો કરવા માટે સંસદીય મંજૂરી મેળવવા માટે પણ તૈયાર છે.

નવી યોજના હેઠળ હાથ ધરવામાં આવનારા તમામ પ્રોજેક્ટ્સ વિકાસ ભારત નેશનલ ઈન્ફ્રાસ્ટેકમાંથી હશે, જે પીએમ ગતિશક્તિ માસ્ટર પ્લાનનો ઉપયોગ કરીને બનાવવામાં આવશે. પાણીની સુરક્ષાને પ્રાથમિકતા આપવામાં આવશે. વિક્ષિત ગ્રામ પંચાયત યોજનાઓ દ્વારા કામ હાથ ધરવામાં આવશે, એમ તેમણે ઉમેર્યું હતું. ખેતીની મોસમમાં કાર્યબળની અછત ન રહે તે માટે, રાજ્યોએ ૬૦ દિવસની યોજના અગાઉથી તૈયાર કરવી પડશે. જો રાજ્યો કોઈ પરિવારને કામ આપવામાં નિષ્ફળ જાય, તો તેને બેરોજગારી ભથ્થું મળશે. વસ્તી ગણતરી માટે પણ માતબર નાણાની ફાળવણી કરવામાં આવી છે.

**વડાપ્રધાનની મુલાકાત...**

મલ્હોત્રાએ જણાવ્યું હતું કે મુલાકાતના બીજા તબક્કામાં મોદી ૧૬ ડિસેમ્બરે ઈથોપિયા જશે. પ્રધાનમંત્રી મોદી ઈથોપિયાના પ્રધાનમંત્રી અબીય અહેમદ અલી સાથે દ્વિપક્ષીય અને પ્રતિનિધિમંડળ સ્તરની વાટાઘાટો કરશે.વાણિજ્ય દૂતાવાસ, પાસપોર્ટ, વિઝા અને પ્રવાસી ભારતીય બાબતોના સચિવ અરુણ કુમાર ચેટર્જીએ જણાવ્યું હતું કે મુલાકાતના અંતિમ તબક્કામાં પ્રધાનમંત્રી ૧૭ ડિસેમ્બરે ઓમાન જશે. તેમણે ઉમેર્યું કે પ્રધાનમંત્રી સાથે એક ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ પણ છે. તેમણે કહ્યું કે ભારત અને ઓમાન વચ્ચે વેપાર સંબંધો અને પરસ્પર સંપર્કો પર આધારિત ખાસ ભાગીદારી છે. ચેટર્જીએ જણાવ્યું હતું કે પ્રધાનમંત્રીની ઓમાન મુલાકાત દરમિયાન અનેક કરારો પર હસ્તાક્ષર થવાની અપેક્ષા છે.

(ત્રીજા પાનાનું ચાલુ)

**મિહિર પટેલ**

છે. ''અહીંના ફેકલ્ટી સભ્યો તેમજ ટ્રસ્ટીગણનો આત્મીયતાભર્યો વ્યવહાર અને સતત પ્રોત્સાહન જ આજે મને આ કાર્યમાં સફળતા અપાવી શક્યું છે. મને જે માર્ગદર્શન અને સહકાર મળ્યો છે, તેના માટે હું ખોડલધામ ટ્રસ્ટનો ઋણ જિંદગીભર નહીં ભૂલી શકું,'' ટ્રસ્ટ ફક્ત શિક્ષણ જ નહીં, પરંતુ એક હૂંફાળું અને પ્રેરક વાતાવરણ પૂરું પાડે છે, જેનાથી દૂર-દૂરથી આવતા વિદ્યાર્થીઓ પણ પોતાને ઘર જેવો અનુભવ કરી શકે.

**અંશ સખીયા**

શીખવવામાં આવે છે. ૨૪ કલાક ખુલ્લી રહેતી લાઈબ્રેરીની સુવિધા ઉપલબ્ધ છે. ગામડાઓમાંથી આવતા અને સરકારી નોકરીનું સ્વપન જોતા દરેક યુવાનને સંદેશ આપતા જણાવ્યું કે, સંસ્થા દ્વારા જે દરે અને જે સુવિધાઓ સાથે માર્ગદર્શન આપવામાં આવે છે, તમારી તૈયારીને મજબૂત બનાવવા અને તમારા સ્વપનને સાકાર કરવા માટે ખોડલધામ ટ્રસ્ટનું આ તાલીમ કેન્દ્ર સંપૂર્ણ મદદ કરવા તૈયાર છે.''

**વિટામિન્સ**

વિશિષ્ટ કાર્ય હોય છે. કોઈપણ વિટામિનની ઉણપ લાંબા ગાળે ગંભીર સ્વાસ્થ્ય સમસ્યાઓનું કારણ બની શકે છે. ખાસ કરીને મહિલાઓમાં લોહીની ઉણપ એક મોટી ચિંતા બની રહી છે. ૧૫ થી ૪૯ વર્ષની અંદાજે ૬૫ ટકા મહિલાઓ એનિમિયાથી પીડિત હોવાનું સામે આવ્યું છે.

આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને મહિલાઓએ આયર્ન, ફોલિક એસિડ અને વિટામિન ઈ૧૨થી ભરપૂર આહાર લેવાની ખાસ જરૂર છે. સ્વસ્થ સમાજ માટે સંતુલિત આહાર અને પોષણ અંગે જાગૃતિ લાવવી જરૂરી છે

**ડો. નેહા શાહ**

હાડકા નબળા પડી જાય છે. વિટામિન સી રોગ પ્રતિકારક શક્તિ માટે ખૂબ જરૂરી છે. તે પપૈયા, જામફળ,

આમળા, રંગબેરંગી કેપ્સીકમ માંથી મળે છે. વિટામિન ઈ વાળ અને ત્વચા માટે જરૂરી છે. તે બધા પ્રકારના તેલ માથી મળે છે. વિટામીન કે જે રક્તને વહેતું અટકાવવા માટે જરૂરી છે. બધું જ ખાવાનું પણ તેની માત્રા નક્કી કરવાની હોય છે. આપણે જીવવા માટે ખાવાનું હોય છે ખાવા માટે જીવવાનું હોતું નથી.

**ડો. પુજા કગથરા**

કારણ કે મહિલાઓમાં હોર્મોન્સમાં ફેરફાર થતો હોય છે. દર મહિને માસિક સ્ત્રાવ થાય છે જેમાં લોહી વહી જતું હોય છે. એટલે જ મહિલાઓમાં પુરુષો કરતાં વધારે એનીમિયાનું પ્રમાણ જોવા મળે છે. શિયાળામાં ખજૂર ,આમળા, તલ ગોળ ખાવા જોઈએ. તેમાંથી ભરપૂર વિટામિન્સ મળી રહે છે.

**ડો. રીમા દેસાઈ રાવ**

શાકભાજીમાં આવેલા છે,ગરમી લાગવાથી આ વિટામિન્સનો નાશ થાય છે. ચરબી દ્રાવ્ય વિટામિન્સમાં વિટામિન એ, ડી હોય છે, જે દૂધની મલાઈ માંથી મળી આવે છે. બધા જ શાકભાજી

અને ફળો માંથી બધા વિટામિન્સ મળે છે. શિયાળામાં આમળા ખાવા જોઈએ, ૧૦૦ ગ્રામ આમળામાં ૬૦૦ મિલિગ્રામ વિટામિન સી હોય છે ,જે સૌથી વધુ છે. અળવીના પાન, તાંદરજો, પાલક મેથી અને મૂળાની ભાજી બીટ રૂટની ભાજી વિટામીન એ મળી રહે છે. વિટામિન્સની ઉણપ હોય તો સીધી ચામડી પર અસર દેખાઈ આવે છે, ચેતાતંત્ર પર પણ અસર થાય છે. વાળ પુષ્કળ ખરે છે, આંખમાં અંધાપો લાગે છે. જો તંદુરસ્ત જીવન જીવવું હોય તો વધારે ખાંડ, વધારે ફેટ અને વધારે મીઠું દૂર રહેવું જોઈએ.

(ચોથા પાનાનું ચાલુ)

**જલકળશ...**

સૌરાષ્ટ્રના જળપ્રેમીઓ જોડાશે. રવિવારે સવારે ૮ કલાકે બહુમાળી ભવન ચોકથી મહા જલકળશ યાત્રાનો પ્રારંભ થશે. બેન્ડની સુરાવલીઓ સાથે આ યાત્રા દિવ્ય વાતાવરણમાં જલકથા સ્થળ રેસકોર્સ મેદાન ખાતે પહોંચશે. રેસકોર્સ મેદાનમાં સવારે ૯ કલાકે મહા જલપૂજનનો શુભારંભ થશે. આ આયોજન રાજકોટમાં ૧૫, ૧૬ અને ૧૭ ડિસેમ્બરના રોજ યોજાનાર વિખ્યાત કથા મર્મજ્ઞ ડો. કુમાર વિશ્વાસની જલકથા પૂર્વે કરવામાં આવ્યું છે.

ગીરગંગા પરિવાર ટ્રસ્ટના પ્રમુખ દિલીપભાઈ સખીયાએ આ અંગે જણાવ્યું હતું કે, જળ જીવન છે અને સૌરાષ્ટ્રની કાયાકલ્પ માટે અનિવાર્ય છે. ટ્રસ્ટનો સંકલ્પ માત્ર જળ સ્ટ્રક્ચરો બનાવવાનો નથી, પરંતુ જળસંચયની ભાવનાને જન-જન સુધી પહોંચાડવાનો છે. આ મહા જલકળશ યાત્રા એક સંસ્કૃતિનું સિંચન છે. આ કળશમાં માત્ર નદીઓનું જળ નથી, પણ જળ પ્રત્યેના આપણા આદર અને જવાબદારીની ઊર્જા છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે દરેક નાગરિક આ અભિયાનમાં જોડાઈને જળ સંરક્ષણ માટે સંકલ્પ લે, તે આજના સમયની અનિવાર્ય જરૂરિયાત છે.

દિલીપભાઈ સખીયાએ તમામ સમાજ, જ્ઞાતિ મંડળો તેમજ જળપ્રેમીઓને આ જલકળશ યાત્રામાં જોડાઈને પુણ્યના આ કાર્યમાં સહભાગી થવા માટે નિમંત્રણ પાઠવ્યું છે. જલકળશ યાત્રા અંગે વધુ માહિતી માટે જલકથા કાર્યાલયના મોબાઈલ નંબર ૭૬૦૦૩ ૧૪૦૧૪ પર સંપર્ક કરવા જણાવાયું છે.

**મારવાડી યુનિવર્સિટી...**

રકતદાન પૂરતા નથી, પરંતુ વિદ્યાર્થીઓમાં સેવા, કરુણા અને સામાજિક જવાબદારીના મૂલ્યોને મજબૂત બનાવે છે. દરેક વિદ્યાર્થીમાં રહેલા 'ગીવિંગ સ્પિરિટ'ને જોઈ અમને ગર્વ થાય છે. યુનિવર્સિટી ભવિષ્યમાં પણ આવા પરિવર્તનકારી પ્રયાસો માટે પ્રતિબદ્ધ રહેશે.

**લોક અદાલત...**

એનાથી આપણા પ્રશ્નોનું સુખદ સમાધાન કરી આપશે એટલે હું આપના વચ્ચે દોડી આવ્યો છું મારે તમને લોકો ને ડિસ્ટર્બ નહોતા કરવા પરંતુ ગુસ્તાખી થી માફી ચાહું છું.લોક અદાલત શ્વાન દ્વારા અદાલત પ્રવેશ કરતા લોકો અચરજ પામી ગયા હતા અને લોકો એ પણ મૂંગા પ્રાણી વિશે લોકો ને વેદના થઈ હતી અને શ્વાન પ્રાણી છે અને વફાદાર છે જે લોકો અનેક સમસ્યા પોતાના માલિક નું રક્ષણ કરે છે. પોતાના પ્રશ્નો નું નિરાકરણ નો ઉકેલ લાવવા હદય પર્સી લોકો એ મૂંગા પ્રાણી ની વેદના જોઈ વિચાર આવ્યો હતો કે શ્વાન આજે લોક અદાલત પોતાના પ્રશ્નો સુખદ સમાધાન કરવા આવ્યો હોય એવા દ્રશ્યો જોવા મળ્યા હતો.

**વિજયભાઈ રૂપાણી...**

આત્માને શાંતિ મળે તે માટે ભાવપૂર્વક ભક્તિ ગીતોની રજૂઆત કરી હતી. ભક્તિ ગીતો સાંભળતાં ઉપસ્થિત સૌ પ્રભુભક્તિમાં લીન બની ગયા હતા અને વાતાવરણ ભાવવિભોર બની ગયું હતું. અનેક લોકોની આંખો ભાવુક બની ગઈ હતી.

કાર્યક્રમમાં અંજલિબેન રૂપાણી, ઋષભભાઈ રૂપાણી, અદિતિબેન રૂપાણી, અમીનેશભાઈ રૂપાણી, મેહુલભાઈ રૂપાણી સહિત સમગ્ર રૂપાણી પરિવાર, ડર્ટી ડઝન ગ્રુપના સભ્યો તેમજ નીતિનભાઈ ભારદ્વાજ, વંદનાબેન ભારદ્વાજ, ધનસુખભાઈ ભંડેરી, બીનાબેન આચાર્ય, મુકેશભાઈ મહેતા, મહેશભાઈ ભટ્ટ, ડો. નયન એમ. શાહ, કિરણબેન શાહ, પરાગભાઈ શાહ (સરકારી વકીલ), દીક્ષિકાબેન, હિનલબેન શાહ, કીયાંશ શાહ, અયાંશી શાહ, મિત્સુબેન વ્યાસ, ભાવિનભાઈ ભટ્ટ, જૈમીનભાઈ માવાણી તેમજ સોસાયટીના રહેવાસીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ ઉપરાંત ગુગલ મીટ મારફતે ઓનલાઈન બહોળી સંખ્યામાં શુભચિંતકો જોડાયા હતા અને સ્વ. વિજયભાઈ રૂપાણીને ભાવાંજલિ અર્પણ કરી હતી.

**ક્ષત્રિય રાજપૂત સમાજ...**

અવસરે હૃદયપૂર્વક નિમંત્રણ પાઠવે છે. આ ''વિજય દિવસ''ની ઉજવણી દેશની રક્ષા માટે સમર્પિત વીર સપૂતોના બલિદાન અને શૌર્યને યાદ કરવા માટે એક પ્રેરણાદાયી તક પૂરી પાડશે.

(૧૧માં પાનાનું ચાલું)

**''પીએમ સૂર્ય ઘર મફત વીજળી યોજના''**

પાછળના મુખ્ય પરિબળો જણાવતા મંત્રીએ કહ્યું કે, રાજ્ય સરકારની નવીનીકરણીય ઊર્જાને પ્રોત્સાહન આપવાની સશકત પ્રતિબદ્ધતા અને ગ્રાહક-પ્રથમ અભિગમ જવાબદાર છે. ગુજરાતે સોલાર પોલિસી હેઠળ નેટ મીટરિંગનો અમલ કર્યો છે, જ્યાં રહેણાંક ક્ષેત્રે સોલાર સ્થાપના માટે લોડની કોઈ મર્યાદા નથી. ઉપરાંત, ગ્રાહકો માટે વધારાની વીજળી વેચવાની વ્યવસ્થા અને બેન્કિંગ શુલ્કમાંથી મુક્તિ જેવા પગલાં લેવામાં આવ્યા છે, જેથી નાગરિકો કોઈપણ પરેશાની વિના સોલાર રૂફટોપ યોજનાનો સરળતાથી લાભ લઈ શકે.

(૧૨માં પાનાનું ચાલુ)

**મેસ્સી**

હતું, જે કોલકાતા શહેર સાથેના તેમના ખાસ જોડાણને દર્શાવે છે.

દિવસનું મુખ્ય આકર્ષણ યુવા ભારતી સ્ટેડિયમ ખાતેની એક ફ્રેન્ડલી મેચ હશે, જેમાં હજારો દર્શકો હાજર રહેવાની અપેક્ષા છે. મેસ્સીનો પ્રવાસ એ જ સ્ટેડિયમમાં ચાહકો સાથેના વાતચીત કાર્યક્રમ સાથે સમાપ્ત થશે. આ ઈવેન્ટ્સની ટિકિટોની શરૂઆતની કિંમત લગભગ ૪,૫૦૦ રૂપિયા હતી, જે ભારે માંગને કારણે ઝડપથી વેચાઈ ગઈ હતી. કોલકાતા વર્ષોમાં તેની સૌથી મોટી ફૂટબોલ ઈવેન્ટ માટે સજ્જ થઈ રહ્યું છે.

**વૈભવ**

પાછળથી વાત કરીને તેનું ધ્યાન ભટકાવવાનો પ્રયાસ કરી રહ્યો હતો. જ્યારે તેને પૂછવામાં આવ્યું કે તેણે પોતાનું ધ્યાન કેવી રીતે જાળવી રાખ્યું, ત્યારે વૈભવે જવાબ આપ્યો, ''સાહેબ, હું બિહારથી આવું છું. તેથી, જો કોઈ પાછળથી કંઈક કહે છે, તો મને કોઈ ફરક પડતો નથી. વિકેટકીપરનું કામ બોલતા રહેવાનું છે. મારું ધ્યાન બેટિંગ પર હતું.

**સિરાઝ**

ઓવરમાં માત્ર ૨૧ રન આપીને ૩ વિકેટ ઝડપી હતી. તેમણે પોતાની બીજી સ્પેલમાં આગઝરતી બોલિંગ કરીને મુંબઈના છેલ્લા ત્રણ બેટ્સમેનને આઉટ કર્યા. સુર્યાંશ શેડ્ગે (કેચ આઉટ), શાર્દુલ ઠાકુર (એલબીડબ્લ્યુ) અને તનુષ કોટિયન (બોલ્ડ). આ ત્રણ વિકેટ માત્ર ૯ બોલમાં લીધી અને તે દરમિયાન માત્ર ૨ રન જ આપ્યા. સિરાજની આ ધારદાર સ્પેલને કારણે મુંબઈ મોટો સ્કોર બનાવી શકી નહીં.

**વિનેશ**

ઘણા સમય સુધી, મારી પાસે આનો જવાબ નહોતો. મારે મેટથી, દબાણથી, અપેક્ષાઓથી, અહીં સુધી કે મારા સપનાઓથી પણ દૂર જવાની જરૂર હતી. વર્ષમાં પહેલીવાર મેં પોતે શ્વાસ લીધો.મેં મારી સફરના બોજને સમજવા માટે સમય લીધો- ઉતાર-ચઢાવ, દિલ તૂટવું, ત્યાગ, મારા તે રૂપો જેને દુનિયાએ ક્યારેય જોયા નથી. અને ક્યાંક તે વિચારમાં, મને સત્ય મળ્યું, મને હજુ પણ આ રમત ગમે છે. હું હજુ પણ મુકાબલો કરવા માંગુ છું.

(છેલ્લા પાનાનું ચાલુ)

**સુરત...**

એક નવો ઈતિહાસ રચ્યો છે. સામાન્ય રીતે શાકભાજી માર્કેટ ગ્રાઉન્ડ ફ્લોર પર જોવા મળતી હોય છે પરંતુ, સુરતમાં જમીનની અછત અને આધુનિકીકરણના ભાગરૂપે પહેલા માળે શાકમાર્કેટ તૈયાર કરવામાં આવી છે.આ માર્કેટની સૌથી મોટી વિશેષતા તેની ડિઝાઈન છે. અહીં એરપોર્ટની જેમ ખાસ રેમ્પ તૈયાર કરવામાં આવ્યા છે. પરંપરાગત માર્કેટમાં માલસામાન ઉતારવા અને ચડાવવામાં ખૂબ સમય બગડતો હતો અને ટ્રાફિકની સમસ્યા સર્જાતી હતી પરંતુ, આ નવી એલિવેટેડ માર્કેટમાં ૧૦૦ ફૂટનો પહોળો રેમ્પ બનાવવામાં આવ્યો છે. જેના કારણે ટ્રક અને ટેમ્પો જેવા હેવી વ્હીકલ્સ સીધા પહેલા માળે દુકાનની સામે જ જઈ શકે છે. આ સુવિધાને કારણે ખેડૂતો અને વેપારીઓ પોતાનો માલસામાન દુકાનની બરાબર સામે જ ઉતારી શકે છે. જેનાથી શ્રમ અને સમય બંનેની બચત થાય છે.

સુરતમાં ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિએ રાજ્યની સૌથી મોટી અને અત્યાધુનિક 'એલિવેટેડ માર્કેટ' તૈયાર કરીને એક નવો ઈતિહાસ રચ્યો છે. સામાન્ય રીતે શાકભાજી માર્કેટ ગ્રાઉન્ડ ફ્લોર પર જોવા મળતી હોય છે પરંતુ, સુરતમાં જમીનની અછત અને આધુનિકીકરણના ભાગરૂપે પહેલા માળે શાકમાર્કેટ તૈયાર કરવામાં આવી છે.આ માર્કેટની સૌથી મોટી વિશેષતા તેની ડિઝાઈન છે. અહીં એરપોર્ટની જેમ ખાસ રેમ્પ તૈયાર કરવામાં આવ્યા છે. પરંપરાગત માર્કેટમાં માલસામાન ઉતારવા અને ચડાવવામાં ખૂબ સમય બગડતો હતો અને ટ્રાફિકની સમસ્યા સર્જાતી હતી પરંતુ, આ નવી એલિવેટેડ માર્કેટમાં ૧૦૦ ફૂટનો પહોળો રેમ્પ બનાવવામાં આવ્યો છે. જેના કારણે ટ્રક અને ટેમ્પો જેવા હેવી વ્હીકલ્સ સીધા પહેલા માળે દુકાનની સામે જ જઈ શકે છે. આ સુવિધાને કારણે ખેડૂતો અને વેપારીઓ પોતાનો માલસામાન દુકાનની બરાબર સામે જ ઉતારી શકે છે, જેનાથી શ્રમ અને સમય બંનેની બચત થાય છે. આ પ્રકારનું ઈન્ફ્રાસ્ટ્રકચર ભારતના કૃષિ માર્કેટ સેકટરમાં એક નવો ચીલો ચાતરશે.

આ એલિવેટેડ માર્કેટમાં કુલ ૧૦૮ જેટલી મોટી દુકાનો બનાવવામાં આવી છે. વેપારીઓની સુવિધાને ધ્યાનમાં રાખીને દરેક દુકાનમાં એક મોટું ગોડાઉન અને બે ઓફિસની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. એટલું જ નહીં, દુકાનની બહાર પણ માલસામાન મૂકવા માટે પૂરતી મોકળાશવાળી જગ્યા રાખવામાં આવી છે, જેથી હરાજી અને વેચાણ પ્રક્રિયામાં કોઈ અડચણ ન આવે.માત્ર વેપાર જ નહીં પરંતુ, સુરત માર્કેટિંગ યાર્ડએ માનવતાનું પણ ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. માર્કેટમાં કામ કરતા હજારો શ્રમિકો અને માલ લઈને આવતા ખેડૂતોના સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને અહીં મેડિકલની સુવિધા ઉભી કરવામાં આવી છે. અહીં કામદારો માટે સંપૂર્ણપણે મફત સારવારની વ્યવસ્થા છે, જેથી ગરીબ શ્રમિકોને નાની-મોટી બીમારીમાં આર્થિક બોજ ન સહન કરવો પડે.સુરત માર્કેટિંગ યાર્ડ માત્ર ગુજરાત પૂરતું સીમિત રહ્યું નથી.

અહીં દેશના ૧૫ જેટલા વિવિધ રાજ્યોમાંથી લોકો પોતાના શાકભાજી અને ફળો વેચવા માટે આવે છે.

આ આંતરરાજ્ય વ્યાપારને કારણે સુરત એક મોટું ટ્રેડિંગ હબ બન્યું છે. રોજિંદા અંદાજે ૧૫,૦૦૦ જેટલા ખેડૂતો, ફેરિયાઓ અને વેપારીઓ અહીં મુલાકાત લે છે.

આવકની દ્રષ્ટિએ વાત કરીએ તો, સુરત માર્કેટિંગ યાર્ડ સમગ્ર ગુજરાત રાજ્યમાં પ્રથમ ક્રમાંકે આવે છે. વાર્ષિક ૩૭૦૦ કરોડ રૂપિયાના તોતિંગ ટર્નઓવર સાથે આ માર્કેટ રાજ્યના અર્થતંત્રમાં મોટો ફાળો આપી રહી છે.

**વી.જી.આર.સી.ના પ્રમોશન...**

, ટૂરિઝમ જેવા ક્ષેત્રોમાં સહયોગ માટેની તકો પર અર્થપૂર્ણ સંવાદ અને બી ટુ બી માટેની સંભાવનાઓ અંગે વિસ્તૃત ચર્ચા પરામર્શ થયા હતા. તેમજ વી.જી.આર.સી.માં પાર્ટનર કન્ટ્રી બનવાના ફાયદાઓ, નેટવર્કિંગ, લોજિસ્ટિક સપોર્ટ વિષયક વાર્તાલાપ કરવામાં આવ્યો હતો.

મહેસાણામાં ઉત્તર ગુજરાત પ્રદેશની પ્રથમ વી.જી.આર.સી.ને મળેલી સફળતા અને ૩.૨૪ લાખ કરોડના રોકાણ એમ.ઓ.યુ.ની વિગતો આ ચર્ચા સત્રમાં ઉદ્યોગ કમિશનર પી.સ્વરૂપે આપી હતી.

આ સંવાદમાં રશિયા, ઈઝરાયલ, સિંગાપોર, યુ.એ.ઈ., ઈન્ડોનેશિયા, ન્યુઝીલેન્ડ, ફિનલેન્ડ, કેનેડા, શ્રીલંકા, ઓમાન, આઈસલેન્ડ, ગુયાના, રવાન્ડા, સાઉથ આફ્રિકા, કતાર, તાંઝાનિયા, યુગાન્ડા, ઉઝબેકિસ્તાન સહિત ૨૦થી વધુ દેશોના વિદેશી મિશન અને દૂતાવાસોના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો.

ભારત સરકારના ડીપીઆઈઆઈટીના સંયુક્ત સચિવ, મત્સ્યઉદ્યોગના સંયુક્ત સચિવ અને ઈન્વેસ્ટ ઈન્ડિયાની રાજ્ય સુવિધા ટીમ તથા ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના અગ્ર સચિવ શ્રીમતી મમતા વર્મા, આર્થિક બાબતોના સચિવ આરતી કંવર, સચિવ સંદીપ કુમાર, ઉદ્યોગ કમિશનર પી. સ્વરૂપ, પ્રવાસન સચિવ ડો. રાજેન્દ્ર કુમાર, ગુજરાત મેરીટાઈમ બોર્ડના સીઈઓ રાજકુમાર બેનીવાલ, રેસીડેન્ટ કમિશનર અને મુખ્યમંત્રીના સચિવ ડો. વિક્રાંત પાંડે અને ધોલેરા સરના ના સીઈઓ કુલદીપ આર્ય ઉપસ્થિત રહ્યાં હતા.

## દુઃખદ અવસાન

### સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના

**રાજકોટ :** હસમુખભાઈ પોપટલાલ ગોહેલ તે સ્વ. અરૂણાબેનના પતિ, ભીખાલાલના નાનાભાઈ, નિરવભાઈ, જીજ્ઞેશભાઈ તથા જલ્પાબેનના પિતાશ્રીનું તા.૧૨ના રોજ અવસાન થયું છે. સદગતનું બેસણું તા. ૧૫ના રોજ સાંજે ૪ થી ૬, ન્યૂ પારસ સોસાયટી શેરી નં. ૩, બાબરિયા કોલોની પાછળ, કોઠારીયા રોડની બાજુમાં, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ:** અમીનાબેન અબ્દુલહુશેનભાઈ સાદીકોટ (કુતિયાણા વાળા) જે ઈસાજીભાઈ અબ્દુલહુસૈનભાઈ, ખોજેમભાઈ અબ્દુલહુસૈનભાઈના માતા (ઉ.વ.૮૬) નું તા. ૧૨-૧૨ ને શુક્રવારના રોજ અવસાન થયેલ છે. જેમની ઝિયારત તથા સિપારા તા. ૧૪-૧૨ ને રવિવારના રોજ કુતબી મસ્જીદ, સૈફી કોલોની, રાજકોટ મુકામે રાખેલ છે. મર્હુમની કબર પર ફુલની ચાદર ચડાવવાનો સમય ૧૧.૩૦ વાગ્યે નવા કબ્રસ્તાન, રાજકોટ ખાતે રાખેલ છે.

**જસદણ:** નવાગામ વાળા હાલ જસદણ લુહાણ સ્વ. ડાયાભાઈ પરમારના પત્ની ગૌરીબેન (ઉ.વ.૯૮) તે પ્રવિણભાઈ, હસુભાઈના માતા, નવાણીયાવાળા જીણાભાઈની પુત્રીનું તા. ૧૨ ના રોજ અવસાન થયેલ છે. બન્ને પક્ષનું બેસણું તા. ૧૫ ના રોજ સાંજે ૪ થી ૬ દરમિયાન નિવાસ સ્થાન જસદણ મુકામે રાખેલ છે.

**રાજકોટ:** રાજકોટ નિવાસી સ્વ. રમેશભાઈ મોહનભાઈ ગોહેલનું તા. ૧૧-૧૨ ને ગુરુવારને અવસાન થયેલ છે. તેનું બેસણું તા. ૧૩-૧૨ ના સાંજે ૪ થી ૬ શ્રીનાથજી સોસાયટી શેરી નં.૮, મવડી મેઈન રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ:** જયંતભાઈ પરસોત્તમદાસ રાજપરાની દીકરી જીલબેન (ઉ.વ.૨૪) તે જયતિબેન, રાજભાઈ, દર્શનભાઈની બહેનનું તા. ૧૩ ને શનિવારે અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૧૫ ને સોમવારે સાંજે ૪ થી ૫ દરમિયાન અમૃતેશ્વર મહાદેવ મંદિર, અમૃતા સોસાયટી, ૧૫૦ ફુટ રીંગ રોડ, રૈયા ટેલીફોન એકસચેન્જ સામે, રાજકોટ ખાતે રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# ભસતા નહીં, કરડતા કૂતરાઓને જ પકડો: કોર્પોરેશનની વિચિત્ર કાર્યપધ્ધતિ

## આખી રાત બેફામ ભસાભસ કરતા અને વાહનચાલકોની પાછળ દોડતા કૂતરાઓને નહી પકડવાનું કોર્પોરેશને મન બનાવી લીધું: ડોગબાઈટના કેસ પેપર સાથે ફરિયાદ કરે તો જ જે-તે વિસ્તારમાંથી શ્વાનને ૧૫ દિવસ માટે પકડી ફરી તે વિસ્તારમાં મૂક દેવાય છે



**અબતક, રાજકોટ**

રખડતા-ભટકતા શ્વાનના કારણે લોકોનું જીવન હરામ થઈ ગયું છે. સુપ્રિમ કોર્ટના આદેશ બાદ રાજકોટ મહાનગરપાલિકાના પશુ રંજાડ વિભાગ દ્વારા કૂતરાની ગણતરી કરવાની પ્રક્રિયા શરૂ કરી છે. બીજી તરફ તંત્ર દ્વારા વિચિત્ર કાર્યપધ્ધતિ અપનાવવામાં આવી રહી છે. જેમાં આખી રાત ભસતા અને વાહનચાલકો પાછળ હડ્યાપટ્ટી કરતા શ્વાનને પકડવાના બદલે માત્ર કરડતા કૂતરાઓને જ પકડવાનો સ્ટાફને આદેશ આપવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે.

રખડું કૂતરા સતત ભસ્યા કરે કે વાહનચાલકોની પાછળ દોડી અકસ્માત માટે નિમિત બનતા હોય છે. આવા કૂતરાના ત્રાસમાંથી શહેરીજનોને મુક્તિ અપાવવી મહાપાલિકાની ફરજ છે. પરંતુ કોર્પોરેશને વિચિત્ર કાર્યપ્રણાલી અપનાવી છે. જીવદયાપ્રેમીઓ દ્વારા એવી ફરિયાદ કરવામાં આવી હતી કે તમામ શેરીશ્વાનને પકડી લેવા યોગ્ય નથી. જેની સામે તંત્ર ઘૂંટણીએ પડી ગયું છે. રખડું કે દેકારા કરતું શ્વાન પકડવાના બદલે કરડે તેવા કૂતરાને પકડવાની મૌખિક સૂચના આપવામાં આવી છે. શિયાળામાં ડોગબાઈટના કેસમાં સતત વધારો થયો છે. આવામાં કુતરું કરડ્યાની સારવારના કેસ પેપર સાથે કોઈ વ્યક્તિ ફરિયાદ કરે તો તે વિસ્તારમાંથી માત્ર ૧૫ દિવસ માટે પકડી ફરી તે જ વિસ્તારમાં મૂકી દેવામાં આવે છે. શિયાળાની ઠંડીમાં રાતભર કૂતરાઓ સતત ભસતા રહે છે. જેના કારણે લોકોની ઉંઘમાં પણ ખલેલ પહોંચે છે. પરંતુ આવી ફરિયાદ કોર્પોરેશન દ્વારા ધ્યાનમાં લેવામાં આવતી નથી.

બીજી તરફ શહેરના મોટાભાગના વિસ્તારમાં રાત્રિ દરમિયાન વાહનચાલકોની પાછળ કૂતરા થતા હોવાની ફરિયાદ લગભગ સામાન્ય બની જવા પામી છે. જેના કારણે અનેકવાર જીવલેણ અકસ્માતો પણ સર્જાય છે. જો કે, આ વાતની ગંભીરતાને કોર્પોરેશન તંત્ર ખૂબ જ હળવાશથી લઈ રહ્યું છે. ભસતા કે વાહનની પાછળ દોડતા શ્વાનને પકડવાના બદલે જે શ્વાન લોકોને બચકાં ભરે તેને પકડવાની વિચિત્ર કામગીરી કરવામાં આવી રહી છે.

# ફરી પ્રદૂષણમાં વધારો: ૧૦ સ્થળોએ એક્યુઆઈ જોખમકારક

## આજી ડેમ ચોકડીએ એર ક્વોલિટી ઈન્ડેક્સ ૨૯૨, સોરઠીયાવાડી ચોકમાં ૨૨૫ અને અટિકા ફાટક પાસે ૨૦૭ નોંધાયો

**અબતક, રાજકોટ**

ઠંડી વધવાના કારણે શહેરમાં ફરી હવાના પ્રદૂષણમાં વધારો થયો છે. રાજધાની દિલ્હી ફરી ગેસ ચેમ્બરમાં ફેરવાઈ ગયું છે. રાજકોટમાં પણ પ્રદૂષણ વધ્યું છે. શહેરના ૧૦ સ્થળોએ એક્યુઆઈ જોખમકારક હોવાનું નોંધાયું છે. આજીડેમ ચોકડીએ એર ક્વોલિટી ઈન્ડેક્સનો આંક સૌથી વધુ ૨૯૨ રહેવા પામ્યો હતો. રાજકોટમાં વાહનોમાં સતત વધારો થઈ રહ્યો છે. જેના કારણે હવા દૂષિત બની રહી છે. ઉનાળામાં મહત્તમ તાપમાનનો પારો ઉંચો રહે છે. જ્યારે શિયાળાની સિઝનમાં હવાનું પ્રદૂષણ જોખમકારક હદે પહોંચી જાય છે. ઠંડીમાં વધારો થવાના કારણે પ્રદૂષણમાં પણ વધારો થયો છે. ત્રણ સ્થળોએ એક્યુઆઈ ૨૦૦થી વધુ રહેવા પામ્યું હતું. આજી ડેમ ચોક પાસે એર ક્વોલિટી ઈન્ડેક્સનો આંક ૨૯૨એ પહોંચી ગયો હતો. જ્યારે સોરઠીયાવાડી સર્કલ ખાતે ૨૨૫, અટિકા ફાટક પાસે ૨૦૭ અને જામટાવર ખાતે ૨૦૦ રહેવા પામ્યો હતો. સામાન્ય રીતે એર ક્વોલિટી ઈન્ડેક્સનો આંક ૧૦૦ સુધી સારો મનાય છે. ૧૦૦થી આંક વધે તો તે શરીર માટે જોખમી બની રહે છે. ગ્રીનલેન્ડ ચોકડી ખાતે એક્યુઆઈ ૧૬૪, ડિલક્સ ચોક ખાતે એક્યુઆઈ ૧૭૦, ઈસ્ટ ઝોન કચેરી ખાતે એક્યુઆઈ ૧૦૩ રહેવા પામ્યો હતો. જ્યારે ગ્રીનરી ધરાવતા રેસકોર્ષ ખાતે એક્યુઆઈ માત્ર ૮૯ નોંધાયું હતું. કોઠારિયામાં ૮૪ એક્યુઆઈ, મહિલા કોલેજ ચોકમાં ૧૦૭ એક્યુઆઈ, કોર્પોરેશનની સેન્ટ્રલ ઝોન કચેરી પાસેના વિસ્તારમાં ૧૩૨ એક્યુઆઈ, જડુસ સર્કલ ખાતે ૧૦૬ એક્યુઆઈ, મોરબી રોડ પર ૧૦૪ એક્યુઆઈ, ત્રિકોણબાગ ખાતે ૧૧૧ એક્યુઆઈ, રામાપીર ચોકડી ખાતે ૧૯૦ એક્યુઆઈ, દેવપરા વિસ્તારમાં ૧૫૭ એક્યુઆઈ, જિલ્લા પંચાયત ચોકમાં ૧૦૪ એક્યુઆઈ, રેલવે સ્ટેશન ખાતે ૧૨૦ એક્યુઆઈ, નાનામવા સર્કલ ખાતે ૧૮૩ એક્યુઆઈ અને પ્રદ્યુમન પાર્ક વિસ્તારમાં સૌથી ઓછું હવાનું પ્રદૂષણ નોંધાયું હતું. અહિં એર ક્વોલિટી ઈન્ડેક્સ માત્ર ૮૧ રહેવા પામ્યો છે.

# સોરઠીયાવાડી, કોલસાવાડી અને સ્વામિનારાયણ ચોક સહિતના ૧૧ સર્કલો ડેવલપ કરાશે

## અપસેટ વાર્ષિક પ્રિમિયમ સાથે ટેન્ડર પ્રસિધ્ધ કરતું કોર્પોરેશન

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના અલગ-અલગ વિસ્તારોમાં આવેલા સર્કલ અને આયર્લેન્ડ ડેવલપ કરવા માટે ખાનગી કંપની, સંસ્થાઓને આપવામાં આવે છે. જેના થકી તંત્રને પણ વર્ષે દહાડે લાખો રૂપિયાની આવક થઈ રહી છે. સોરઠીયાવાડી, કોલસાવાડી અને સ્વામિનારાયણ ચોક સહિતના ૧૧ સર્કલો ડેવલપ કરવા માટે આપવા ટેન્ડર પ્રસિધ્ધ કરવામાં આવ્યા છે. જેમાં અલગ-અલગ સર્કલની અપસેટ પ્રાઈઝ પણ નક્કી કરવામાં આવી છે.

આ અંગે પ્રાપ્ત થતી વધુ વિગત મુજબ ૮૦ ફૂટ રોડ પર સોરઠીયા વાડી ચોકનું સર્કલ ફૂવારા સાથેની ડિઝાઈન સાથે ડેવલપ કરવાનું રહેશે. જેનું અપસેટ પ્રિમિયમ રૂ.૪ લાખ નિયત કરવામાં આવ્યું છે. આ ઉપરાંત સંતકબીર રોડ પર જલગંગા ચોકનું સર્કલનું અપસેટ પ્રિમિયમ રૂ.૧.૫૧, પેડક રોડ પર સેટેલાઈટ ચોકના સર્કલનું પ્રિમિયમ રૂ.૧.૭૮ લાખ, ૮૦ ફૂટ રોડ પર નહેરૂનગરમાં આવેલું આહિર સર્કલ ડેવલપ કરવા માટેનું વાર્ષિક પ્રિમિયમ રૂ.૧.૫૧ લાખ નિયત કરવામાં આવ્યું છે. માધાપર મેઈન રોડ, એઈમ્સ રોડ જંક્શનનું સર્કલ ડેવલપ કરવાનું પ્રિમિયમ રૂ.૧.૫૧ લાખ, વોર્ડ નં.૩-ડની વોર્ડ ઓફિસ સામે રેલનગર વિસ્તારમાં સ્વ.નારણભાઈ કુંગશીયા ચોકનું સર્કલનું અપસેટ પ્રિમિયમ રૂ.૧.૫૧ લાખ, કૃષ્ણનગર મેઈન રોડ પર સ્વામિનારાયણ ચોકનું સર્કલ ડેવલપ કરવા રૂ.૨.૫૦ લાખ અપસેટ પ્રિમિયમ રાખવામાં આવ્યું છે. આ ઉપરાંત ગેબનશાપીર રોડ પર કોલસાવાડી ચોકનું સર્કલ ફૂવારા સાથેની ડિઝાઈન સાથે ડેવલપ કરવાનું રહેશે. જેનું વાર્ષિક અપસેટ પ્રિમિયમ રૂ.૧.૫૧ લાખ નિયત કરાયું છે. મવડી રોડ પર બાપા સિતારામ ચોકના સર્કલને ડેવલપ કરવા માટેનું અપસેટ પ્રિમિયમ રૂ.૨.૫૧ લાખ અને હરિ ઘવા રોડ પર પટેલ ચોકનું સર્કલ ડેવલપ કરવા માટે અપસેટ પ્રિમિયમ રૂ.૧.૫૧ લાખ નિયત કરવામાં આવ્યું છે. સર્કલ ડેવલપ કરવાના કારણે શહેરની શોભામાં પણ વધારો થાય છે સાથોસાથ કોર્પોરેશનને વાર્ષિક લાખો રૂપિયાની આવક થવા પામે છે.

# લોકશાહી બચાવના સંકલ્પ સાથે શહેર કોંગ્રેસના આગેવાનો દિલ્હી રવાના

## વોટ ચોર-ગાદી છોડના નારા સાથે રામલીલા મેદાનમાં ઐતિહાસિક મહારેલીમાં જોડાશે પ્રતિનિધિ મંડળ







**અબતક, રાજકોટ**

રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા લોકશાહી, બંધારણીય અધિકારો અને જનમતના સન્માન માટે એક મહત્વપૂર્ણ પહેલ હાથ ધરવામાં આવી છે. આવતીકાલે દિલ્હીના રામલીલા મેદાન ખાતે યોજાનારી વિશાળ અને ઐતિહાસિક મહારેલીમાં જોડાવા રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ ડો. રાજદીપસિંહજી જાડેજાની આગેવાની હેઠળ શહેર કોંગ્રેસના આગેવાનો દિલ્હી માટે રવાના થયા છે.

દેશમાં લોકતાંત્રિક પ્રક્રિયાઓને વધુ મજબૂત બનાવવા અને મતદારોના અધિકારોના રક્ષણ માટે કોંગ્રેસ પક્ષ સતત સડકથી લઈને સંસદ સુધી અવાજ ઉઠાવી રહ્યો છે. આ મહારેલી મારફતે લોકશાહી મૂલ્યો પ્રત્યેની પ્રતિબદ્ધતા વ્યક્ત કરવામાં આવશે.

અખિલ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેજી, વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધીના માર્ગદર્શન હેઠળ સમગ્ર દેશભરમાંથી લાખો કાર્યકરો અને પ્રતિનિધિઓ રામલીલા મેદાન ખાતે એકત્રિત થશે. ગુજરાતભરમાંથી એકત્ર કરાયેલ લાખો સહીઓ પણ આ અવસરે રજૂ કરવામાં આવશે.

આ પ્રસંગે રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિના આગેવાનો નીતિનભાઈ ભંડેરી, સેવાદળના ચિંતનભાઈ દવે, પ્રશાંતભાઈ પંડ્યા, જીગ્નેશભાઈ મહેતા સહિતના કાર્યકરો મહારેલીમાં જોડાવા માટે દિલ્હી રવાના થયા હોવાનું જણાવાયું છે.

# વિધાનસભાની અંદાજ સમિતિ મંગળવારથી ૪ જિલ્લાના અભ્યાસ પ્રવાસ આવશે

## સૌરાષ્ટ્રના ત્રિદિવસીય પ્રવાસ દરમિયાન સમિતિ વનીકરણ, એશિયાટિક સિંહ તથા દરિયાઈ સૃષ્ટિના જતન-સંવર્ધન સહિતના વિવિધ મુદ્દાઓ પર સંબંધિત અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક કરશે

**અબતક, રાજકોટ**

ગુજરાત વિધાનસભાની અંદાજ સમિતિ તા. ૧૬ થી ૧૮ ડિસેમ્બર દરમિયાન સૌરાષ્ટ્ર વિસ્તારના જામનગર, દેવભૂમિ દ્વારકા, પોરબંદર અને ગીરસોમનાથ જિલ્લાના અભ્યાસ પ્રવાસે જશે. જે અંતર્ગત આ સમિતિ અભયારણ્ય અને મરીન નેશનલ પાર્ક સહિતના વિવિધ સ્થળોની મુલાકાત કરીને સામાજિક વનીકરણ, વૃક્ષારોપણ, દરિયાઈ સૃષ્ટિના જતન-સંવર્ધન, એશિયાટિક સિંહોના વ્યવસ્થાપન સહિતના મુદ્દાઓ પર સંબંધિત અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક કરશે. આ ઉપરાંત સમિતિના સભ્યો સ્થાનિક નાગરિકો સાથે વિવિધ મુદ્દાઓ પર સંવાદ કરશે તેમ, ગુજરાત વિધાનસભા સચિવાલયની યાદીમાં જણાવાયું છે.

આ સમિતિ સંભવિત તા. ૧૬ ડિસેમ્બરને મંગળવારના રોજ જામનગર ખાતે આવેલા વનતારાની મુલાકાત લેશે. બીજા દિવસે તા. ૧૭ ડિસેમ્બરના રોજ દેવભૂમિ દ્વારકા ખાતે આવેલા મરીન નેશનલ પાર્ક અને પોરબંદરના બરડા અભ્યારણની મુલાકાત લેશે. પ્રવાસના અંતિમ દિવસ એટલે કે તા. ૧૮ ડિસેમ્બરના રોજ આ અંદાજ સમિતિ સોમનાથ મંદિર અને સાસણ ગીરની મુલાકાત લેશે.

## અમરેલીના ગ્રામ્ય વિસ્તારો માટે મંત્રી કૌશિક વેકરિયાની મોટી ભેટ

# પીજીવીસીએલની નવી અમરેલી ગ્રામીણ-૨ પેટા વિભાગ કચેરીની મળી મંજૂરી

## અમરેલી ગ્રામીણ પેટા વિભાગનું વિભાજન, વીજ સેવાઓ વધુ સરળ બનશે



જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં વીજ સેવાઓમાં નોંધપાત્ર સુધારો થશે અને રાજ્ય સરકારની જનહિત પ્રત્યેની પ્રતિબદ્ધતા વધુ મજબૂત બનશે.

**અબતક રાજકોટ**

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના નેતૃત્વમાં અને ઊર્જા તથા પેટ્રોકેમિકલ્સ મંત્રી ઋષિકેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય ઉર્જા મંત્રી કૌશિક વેકરિયાએ અમરેલી જિલ્લાના વીજ ગ્રાહકો માટે એક મહત્વપૂર્ણ અને જનહિતકારી નિર્ણય કર્યો છે.

પીજીવીસીએલ હસ્તકની અમરેલી ગ્રામીણ પેટા વિભાગ કચેરીનું વિભાજન કરીને નવી અમરેલી ગ્રામીણ-૨ પેટા વિભાગ કચેરીની રચનાને ખાસ કિસ્સામાં મંજૂરી આપવામાં આવી છે. આ નવી કચેરી માટે કુલ ૪૪ જગ્યાઓ (૩૫ નવી જગ્યાઓ તથા ૯ હાલની કચેરીમાંથી સ્થાનાંતરિત)ને પણ મંજૂરી આપવામાં આવી છે.

લાંબા સમયથી સ્થાનિક લોકો અને વીજ ગ્રાહકો દ્વારા વહીવટી સુગમતા માટે નવી પેટા વિભાગીય કચેરીની માંગ કરવામાં આવી રહી હતી. આ રજૂઆતને ગંભીરતાથી ધ્યાનમાં લઈને રાજ્ય ઉર્જા મંત્રી કૌશિક વેકરિયાએ સત્તા સંભાળ્યાના માત્ર દોઢ માસમાં જ ઝડપી નિર્ણય લઈ ઊર્જા વિભાગને મંજૂરીના હુકમો આપ્યા હતા. તેના અનુસંધાને ઊર્જા વિભાગ દ્વારા તારીખ ૧૦ ડિસેમ્બરના રોજ સત્તાવાર નોટિફિકેશન બહાર પાડવામાં આવ્યું છે.રાજ્ય ઉર્જા મંત્રી કૌશિક વેકરિયાએ જણાવ્યું હતુ કે, અગાઉ અમરેલી ગ્રામીણ પેટા વિભાગ હેઠળ ૬૪ ફિડર મારફતે ૪૫ ગામોને વીજ પુરવઠો આપવામાં આવતો હતો. નવી અમરેલી ગ્રામીણ-૨ પેટા વિભાગીય કચેરી મંજૂર થતાં હવે ૩૧ ફિડર અને ૨૩ ગામો આ નવી કચેરી હેઠળ આવરી લેવામાં આવ્યા છે. જેના કારણે વીજ સંબંધિત ફરિયાદો, કામગીરી અને સેવા પ્રદાન વધુ ઝડપી અને સરળ બનશે.આ નિર્ણયથી અમરેલી

# બેડી યાર્ડમાં ૪૦,૦૦૦ મણથી વધુ જણસીની આવક

## સૌથી વધુ કપાસની ૧૭,૦૦૦ મણ આવક નોંધાઈ: ૧૦૦૦થી વધુ વાહનો યાર્ડમાં આવ્યા

**અબતક, રાજકોટ**

બેડી સ્થિત રાજકોટ માર્કેટીંગ યાર્ડમાં ઘઉં, કપાસ, સોયાબીન, ચણા, લસણ, મગ, તલ અને જીરા સહિતની વિવિધ જણસીની ૪૦,૦૦૦ મણથી પણ વધુનું આવક થવા પામી છે. ૧૦૦૦થી વધુ વાહનો વિવિધ જણસી ભરીને આવી જતા યાર્ડની બહાર વાહનોની લાંબી લાઈનો લાગી જવા પામી હતી. ખૂદ યાર્ડના ચેરમેન જયેશ બોઘરા સહિતના ડિરેક્ટરો ઉતરાઈની વ્યવસ્થામાં ગોઠવાઈ ગયા હતા.

આજે રાજકોટ માર્કેટીંગ યાર્ડમાં સૌથી વધુ ૧૭૦૦૦ મણ કપાસની આવક થવા પામી હતી. આ ઉપરાંત ૨૧૦૦ મણ સોયાબિનની આવક, ૩૪૦૦ મણ ઘઉંની આવક, ૩૫૦૦ મણ ચણાની આવક, ૩૦૦૦ મણ લસણની આવક, ૩૯૦૦ મણ મગની આવક, ૩૦૦૦ મણ સફેદ તલની આવક, ૨૬૦૦ મણ જીરાની આવક અને ૧૦૦૦ મણ કાળા તલની આવક થવા પામી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ચાલુ સપ્તાહે ૨,૦૦,૦૦૦ મણથી વધુ મગફળીની આવક થઈ છે. હાલ મગફળીના માલનો જ્યાં સુધી નિકાલ નહિં થાય ત્યાં સુધી નવી આવક સ્વીકારવાનું બંધ કરી દેવામાં આવ્યું છે. સૌરાષ્ટ્રના મોટાભાગના માર્કેટીંગ યાર્ડમાં તમામ પ્રકારની જણસીની ચિક્કાર આવક થઈ રહી છે.

# ચાંદી રૂ.૨.૦૩ લાખની સર્વોચ્ચ સપાટી હાંસલ કર્યા બાદ રૂ.૮૫૦૦ તુટી

## સોનાએ પણ રૂ.૧૩૭૩૦૦ની નવી સપાટી હાંસલ કર્યા બાદ રૂ.૭૦૦નો ઘટાડો

**અબતક, રાજકોટ**

બૂલીયન બજારમાં શુક્રવારે ઐતિહાસિક તેજી જોવા મળી હતી. બંને કિંમતી ધાતુઓએ સર્વોચ્ચ સપાટી હાંસલ કરી હતી. જો કે, ત્યારબાદ સોના અને ચાંદીના ભાવમાં ઘટાડો જોવા મળ્યો હતો. આજે શનિવારના કારણે બજાર બંધ હોવાના કારણે સોના અને ચાંદીના ભાવ સ્થિર છે.

ગઈકાલે ચાંદીના ભાવમાં ઐતિહાસિક ઉછાળો રહ્યો હતો. પ્રથમવાર ચાંદીના ભાવ રૂ.૨,૦૦,૦૦૦ને પાર કરી રૂ.૨૦૩૦૦૦ પહોંચી જવા પામ્યા હતા. સર્વોચ્ચ સપાટી હાંસલ કર્યા બાદ બજારમાં વેચવાલીનો દોર શરૂ થવાના કારણે ચાંદીના ભાવમાં રૂપિયા ૮૫૦૦નું ગાબડું પડ્યું હતું. છેલ્લે ચાંદી રૂપિયા ૧૯૪૫૦૦એ બંધ રહ્યું હતું. સોનાના ભાવે પણ ગઈકાલે રૂ.૧૩૭૩૦૦ની સર્વોચ્ચ સપાટી હાંસલ કરી હતી. ત્યારબાદ ઉપલા મથાળેથી સોનું ૭૦૦ રૂપિયા નીચે સરક્યું હતું અને રૂ.૧૩૬૬૦૦ના લેવલે બંધ રહ્યું હતું. આજે બજાર બંધ હોવાના કારણે ટ્રેડીંગ થયું ન હોય ગઈકાલના ભાવ યથાવત છે. સોનાની સરખામણીએ ચાંદીના ભાવમાં જોરદાર ઉછાળો જોવા મળી રહ્યો છે. જેનું કારણએ છે કે ઈલેક્ટ્રીક વાહનો, ચીપ બનાવવા માટે ચાંદીનો મોટાપાયા ઉપયોગ થાય છે. જેની સામે બજારમાં જોઈએ એટલો જથ્થો ઉપલબ્ધ નથી. જેથી ચાંદીના ભાવ આસમાને પહોંચી ગયા છે. આગામી દિવસોમાં પણ તેજી યથાવત જ રહે તેવું લાગી રહ્યું છે.

# વીર સાવરકરને 'વીર'ની ઉપાધિ જન-જનએ આપી છે: ગૃહ મંત્રી અમિત શાહ

## આંદામાનમાં વીર સાવરકરની પ્રતિમાનું અનાવરણ: સરસંઘચાલક ડો. મોહન ભાગવતજીએ સાવરકરના રાષ્ટ્ર માટેના યોગદાનને બિરદાવ્યું

**અબતક, રાજકોટ**

વીર સાવરકરની પ્રતિમાના અનાવરણ નિમિત્તે યોજાયેલા 'સાગર પ્રાણ તળમળલા' સાંસ્કૃતિક કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રી અમિત શાહ અને સરસંઘચાલક ડો. મોહન ભાગવતજીએ વીર સાવરકરના બલિદાન અને ગગનચુંબી વ્યક્તિત્વને યાદ કરીને રાષ્ટ્ર માટે તેમના યોગદાનને બિરદાવ્યું હતું.કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહએ જણાવ્યું હતું કે, કાળા પાણીની સજા માટે વપરાતું આંદામાન, આજે વીર સાવરકર દ્વારા વિતાવાયેલા અત્યંત કઠિન દિવસોને કારણે તીર્થસ્થળ બની ગયું છે. આંદામાન સુભાષબાબુના જીવન સાથે પણ જોડાયેલું છે, જેમણે તેને 'શહીદ' અને 'સ્વરાજ' નામ આપ્યું હતું. શાહએ સાવરકરને 'રાઈટર' અને 'ફાઈટર' ગણાવ્યા, જેમણે ભાષાને ૬૦૦થી વધુ શબ્દોનું યોગદાન આપી સમૃદ્ધ કરી. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે સાવરકર પહેલા વ્યક્તિ હતા જેમણે ૧૮૫૭ના વિદ્રોહને 'પ્રથમ સ્વાતંત્ર્ય સમર' કહ્યો. તેમણે ઉમેર્યું કે, ''વીરતા ભય પર પ્રાપ્ત કરેલી વિજય છે,'' આ વાક્ય અને અસ્પૃશ્યતા નિવારણના તેમના કાર્ય માટે તેમને સન્માન મળવું જોઈતું હતું, અને તેમને 'વીર'ની ઉપાધિ દેશના જન-જનએ આપી છે.

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સરસંઘચાલક ડો. મોહન ભાગવતજીએ વીર સાવરકરના ચારિત્ર્યમાં પૂર્ણતાનો ઉલ્લેખ કર્યો. તેમની પાસે ગાયન, લેખન, કવિતા જેવી જન્મજાત પ્રતિભાઓ હતી, જે તેમણે દેશ માટે સમર્પિત કરી. તેમનું કૃતિત્વ ગગનચુંબી હતું. તેમણે કહ્યું કે, સાવરકરનું સ્મરણ દેશભક્તિ માટે કરવામાં આવે છે અને તેમનો વિચાર હતો કે પૂરો ભારત દેશ એક રાષ્ટ્ર માનીને ચાલે, નાની-નાની વાતોને લઈને અલગાવ કે ટકરાવ ન હોવો જોઈએ.



ડો. ભાગવતજીએ સાવરકરની હિન્દુ રાષ્ટ્રની સ્પષ્ટ કલ્પનાની વ્યાખ્યા રજૂ કરી: ''આસિંધુ સિંધુ-પર્યન્તા યસ્ય ભારત-ભૂમિકા મ પિતૃભૂ: પુણ્યભૂશ્ચૈવ સ વૈ હિન્દુરિતિ સ્મૃતઃ ય''. તેમણે ઉમેર્યું કે સાવરકરને પરતંત્રતા અને સ્વતંત્રતા મળ્યા પછી પણ ઉપેક્ષા સહન કરવી પડી, છતાં તેમણે ક્યારેય દેશ માટે શ્રાપ ન આપ્યો. ઉપેક્ષા છતાં તેમણે દેશ માટે પોતાનું જીવન સમર્પિત કર્યું. ભાગવતજીએ અંતે વીર સાવરકરને ૧૮૫૭ થી ૧૯૪૭ સુધીની સ્વતંત્રતાની લડતના પ્રયાસોની આકાશગંગાનો સૌથી તેજસ્વી તારો ગણાવ્યો હતો.

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની ૨૬મીથી ૮ ફેકલ્ટીના ૪૬ કોર્સની પરીક્ષાનો પ્રારંભ



**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા લાંબા સમયથી રાહ જોઈ રહેલા જૂના અભ્યાસક્રમના વિદ્યાર્થીઓ માટે એક અત્યંત મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે.પરીક્ષા વિભાગ દ્વારા વર્ષ ૨૦૧૦ થી ૨૦૧૫ સુધીનાં રજિસ્ટ્રેશન થયેલ સ્નાતક (યુજી) અને અનુસ્નાતક (પીજી) કક્ષાનાં વિદ્યાર્થીઓની બાકી રહેલ બેકલોગ પરીક્ષાઓની તારીખ જાહેર કરવામાં આવી છે. ૨૬ ડિસેમ્બરથી યુનિવર્સિટીની જુદી-જુદી ૮ ફેકલ્ટીના ૪૬ કોર્સની પરીક્ષાનો પ્રારંભ થશે. યુનિવર્સિટી દ્વારા જાહેર કરેલા ટાઈમટેબલ મુજબ સ્નાતક કક્ષાએ સેમેસ્ટર-૫ અને સેમેસ્ટર-૬ તેમજ અનુસ્નાતક કક્ષાએ સેમેસ્ટર-૩ અને સેમેસ્ટર-૪ના સત્રની લેખિત પરીક્ષાઓ તા. ૨૬ ડિસેમ્બરથી શરૂ થશે.પરીક્ષાઓનો સમયગાળો સવારની પાળીમાં ૧૦.૩૦ થી ૧:૦૦ અને બપોરની પાળી ૨.૩૦ થી ૫:૦૦ કલાક દરમિયાન લેવાશે. આ પરીક્ષામાં વિવિધ વિદ્યાશાખાઓ (ફેકલ્ટી)ના કોર્સનો સમાવેશ થાય છે.

# શહેરીકરણના પડકારને અવસરમાં પલટાવવા ગુજરાત સજ્જ: મુખ્યમંત્રી






**અબતક, રાજકોટ**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સુરતમાં અખિલ ભારતીય મેયર પરિષદની ૧૧૬મી કાર્યકારિણી બેઠકનો પ્રારંભ કરાવ્યો હતો.

દેશના ૧૬ રાજ્યોના મહાનગરોના મેયર બેઠકમાં સહભાગી થયા હતા.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આપેલા ઈન્કલુઝિવ ગ્રોથના વિચારને સ્માર્ટ, સ્વચ્છ અને સસ્ટેનેબલ અર્બન ડેવલપમેન્ટથી સાકાર કરવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો મેયર્સને અનુરોધ કર્યો હતો.

રાજ્યના શહેરોને સોલાર એનર્જી, સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ, ગ્રીન મોબિલિટીના ક્ષેત્રોમાં અગ્રેસર બનાવવાની નેમ વ્યક્ત કરી હતી.

શહેરી વિકાસ મંત્રી કનુભાઈ દેસાઈ તથા સાંસદ, ધારાસભ્યો અને મેયર્સ કાઉન્સિલના પદાધિકારીઓ બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતાં.

શહેરોનો સામાજિક – આર્થિક વિકાસ આત્મનિર્ભર ભારતની મજબૂત નિંવ બનશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ શહેરી કરણના પડકારને અવસરમાં પલટાવીને ગુજરાતમા મોર્ડન અર્બન ડેવલપમેન્ટનો પાયો શહેરી વિકાસ વર્ષથી નાખ્યો છે.વડાપ્રધાનના દિશાદર્શનમાં ગુજરાતે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાથી શહેરોના હોલિસ્ટિક ડેવલપમેન્ટ માટે પ્રૂડન્ટ ફાઈનાન્સિયલ મેનેજમેન્ટનું દેશને ઉદાહરણ પુરું પાડ્યું છે.

**સુરતમાં અખિલ ભારતીય મેયર પરિષદની ૧૬મી કાર્યકારિણી બેઠકનો પ્રારંભ:૧૬ રાજ્યોના મેયર સહભાગી થયા**

# ગુજરાતના ૪.૧૨ કરોડ લોકોને અકસ્માત વીમા યોજના હેઠળ "સુરક્ષા કવચ"

## પાંચ વર્ષમાં ૧૬ હજારની કરતા વધુ લાભાર્થીઓના પરિવારજનોને રૂ. ૨૯૩ કરોડનું વીમા વળતર ચુકવાયા

**અબતક, રાજકોટ**

જીવનની અનિશ્ચિતતાઓ સામે ગુજરાત સરકારે સંવેદનશીલતા સાથે સામૂહિક જૂથ અકસ્માત વીમા યોજના દ્વારા રાજ્યના લાખો પરિવારોને મજબૂત ઢાલ પૂરી પાડી છે. આ યોજના થકી રાજ્ય સરકારે સાબિત કર્યું છે કે, સંકટની ઘડીમાં નાગરિકો એકલા નથી, પરંતુ સરકાર તેમની પડખે ઊભી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશાનિર્દેશથી રાજ્ય સરકાર દ્વારા સામૂહિક જૂથ અકસ્માત વીમા યોજના હેઠળ સંકટની ઘડીમાં પરિવારો માટે ઝડપથી વીમા કવચની ચૂકવણી કરવામાં આવી રહી છે. હાલમાં રાજ્યના ૪.૧૨ કરોડથી વધુ નાગરીકોનો આ યોજનામાં સમાવેશ કરવામાં આવ્યો છે. છેલ્લા પાંચ વર્ષમાં ૧૬ હજાર કરતાં વધુ લાભાર્થીઓના અકસ્માત-મૃત્યુના કિસ્સામાં તેમના પરિવારજનોને અંદાજે રૂ. ૨૯૩ કરોડનું વીમા વળતર ચૂકવવામાં આવ્યું છે,

અગાઉ રાજ્ય સરકારના વિવિધ વિભાગ દ્વારા તેના હસ્તકના ખાતાના વડાઓ મારફતે જુદી જુદી અકસ્માત વીમા યોજનાઓ અમલમાં મુકવામાં આવી હતી. આ યોજનાઓનો લાભ લાભાર્થીઓને વ્યાપક રીતે મળી શકે તેમજ યોજના હેઠળના લાભ બેવડાય નહિ તે હેતુથી જુદી જુદી જૂથ અકસ્માત યોજનાઓની યુનિફોર્મ પેટર્ન નક્કી કરી રાજ્ય સરકારની વીમા નિયામકની કચેરી દ્વારા સંકલિત સામૂહિક જૂથ અકસ્માત વીમા યોજના અમલી બનાવાઈ હતી. આ યોજના હેઠળ પાત્રતા ધરાવતા લાભાર્થીને વીમા કવચ મળવાથી અકસ્માત-મૃત્યુ સામે તેમના પરિવારજનોને આર્થિક રક્ષણ મળી રહ્યું છે.

આ યોજના અંતર્ગત અમદાવાદ વિમાન દુર્ઘટનામાં મૃત્યુ પામેલા ૩૦થી વધુ મૃતકો સહિત ૪ મેડીકલના વિદ્યાર્થીઓના વારસદારોને ચુકવણું કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત વડોદરા ખાતે હરણી દુર્ઘટના વખતે મૃત્યુ પામેલ ૧૨ બાળકોના વારસદારોને પણ ત્વરિત ચુકવણું કરાયું હતું. તાજેતરના વર્ષોમાં મોરબી દુર્ઘટના, રાજકોટ ગેમિંગ ઝોન દુર્ઘટના, તક્ષશીલા દુર્ઘટના વખતે પણ મૃતકોના પરિવારોને આ યોજના હેઠળ વીમા કવચ રકમની ચૂકવણી કરવામાં આવી હતી.

નાણા મંત્રી કનુભાઈ દેસાઈ અને રાજ્ય મંત્રી કમલેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકાર દ્વારા આ યોજના અંતર્ગત વિવિધ કુદરતી હોનારતો અને અન્ય અકસ્માતોના કિસ્સામાં ઝડપી કાર્યવાહી કરીને દાવાઓનું સત્વરે નિરાકરણ લાવવામાં આવ્યું છે.

આ યોજના માત્ર આર્થિક સુરક્ષાની ખાતરી નથી, પણ સરકારની સામાજિક સુરક્ષા પ્રત્યેની પ્રતિબદ્ધતાનું સ્પષ્ટ ઉદાહરણ છે. રાજ્ય સરકારની સામુહિક જુથ અકસ્માત વીમા યોજના હેઠળ ૧૪ મહત્ત્વપૂર્ણ ક્ષેત્રોના લાખો લાભાર્થીઓ અને તેમના પરિવારોને અકસ્માત વીમા કવચ પૂરું પાડવામાં આવી રહ્યું છે. જેમાં ખેડૂત પરિવારો, અસંગઠીત શ્રમિકો, પ્રાથમિક-માધ્યમિક શાળા, કોલેજ અને આઈટીઆઈના વિદ્યાર્થીઓ, પોલીસ કર્મચારીઓ, જેલ ગાર્ડસ્, સફાઈ કામદારો, નિરાધાર વિધવાઓ, દિવ્યાંગો, હીરા ઉદ્યોગના કારીગરો તેમજ સાહસિક પ્રવૃત્તિમાં ભાગ લેતા યુવકોનો સમાવેશ થાય છે. આ ૧૪ ક્ષેત્રોમાં વિવિધ યોજનાઓ હેઠળ કુલ ૨ લાખથી ૧૫ લાખ સુધીનું વીમા કવચ મળે છે. આ વીમા કવચ સંકટની ઘડીમાં પરિવારો માટે મોટી રાહત સાબિત થઈ રહી છે. આમ, રાજ્ય સરકારે પારદર્શિતા અને ઝડપ સાથે નાગરિકોને સહાય આપીને સાબિત કર્યું છે કે જનતાનું હિત જ સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા છે.

# વલસાડમાં બ્રિજ ધરાશાયી થવાની ઘટનામાં કોન્ટ્રાક્ટરને નોટિસ

## ભવિષ્યમાં આવી કોઈ દુર્ઘટના ન બને તે માટે કડક તાકીદ

**અબતક, રાજકોટ**

વલસાડ ગુંદલાવ ખેરગામ રોડ પર હાઈલેવલ બ્રિજની કામગીરી દરમિયાન બ્રિજ ઉપર સ્ટેજીંગ નમી જવાનો બનાવ બનતા માર્ગ અને મકાન પેટા વિભાગ-વલસાડના નાયબ કાર્યપાલક ઈજનેરે ઈન્ફ્રા એન્જિનીયરીંગ પ્રા.લિ.ને ખુલાસો કરવા તાકીદ કરી હોવાનું કાર્યપાલક ઈજનેર વલસાડ દ્વારા જણાવાયું છે. આ બ્રિજમાં પીયર ક્રમાંક પી-૧ થી પી-૨ વચ્ચેની સુપરસ્ટ્રક્ચરની કામગીરીમાં ત્રણ ગર્ડર હતા, જેનું શટરીંગ થયું હતું. જેમાં સાઈટ ઈજનેર દ્વારા ગર્ડરની હોરીઝોન્ટલ લાઈનલેવલ માટે જરૂરી સૂચના આપવામાં આવી હતી, શ્રમિકો જેકની મદદથી ગર્ડરના સ્ટેજીંગને ઈજારદારના સાઈટ ઈજનેરના નિરીક્ષણ હેઠળ લાઈન લેવલ કરી રહ્યા હતા.

જરૂરિયાત કરતા જેક વધુ ઉંચુ થતા ગર્ડર સ્લીપ થયું. જેના કારણે શરતચુકથી સ્ટેજીંગ પડી ગયું હતું. જેમાં ઘટનાસ્થળે હાજર કામ કરી રહેલા ૫ શ્રમિકોને ઈજા પહોંચતા તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયા છે. આ બનાવમાં કોઈ જાનહાનિ થઈ નથી. ઈજારદાર દ્વારા પુલના બાંધકામનું તથા દરેક શ્રમિકોનું ઈન્સ્યોરન્સ લેવામાં આવ્યું છે, જે મુજબની કાર્યવાહી કરાશે. ઈજારદાર દ્વારા વધુ ઈજાગ્રસ્ત શ્રમિકને રૂ. બે લાખ તથા સામાન્ય ઈજાગ્રસ્ત શ્રમિકોને રૂ.એક લાખનું વળતર સ્વખર્ચે અપાયું છે.

આ બનાવ માનવચૂકના કારણે બન્યો છે, જે અંગે માર્ગ અને મકાન વિભાગ વલસાડ દ્વારા ઈજારદારનો ખુલાસો માંગવામાં આવ્યો છે. તેમજ ભવિષ્યમાં આવી ઘટના ન બને તે માટે તાકીદ કરવામાં આવી છે.

# ન હોય...સુગંધીત ટાયર માટે પણ ટ્રેડમાર્ક અપાયું

## જાપાની કંપનીએ તેના ગુલાબના સુગંધવાળા ટાયર માટે ભારતમાં ૨૦૨૩માં અરજી કરી, અનેક વિઘ્નો બાદ અંતે તેને ટ્રેડમાર્ક મેળવવામાં સફળતા મળી

**અબતક, નવી દિલ્હી**

ભારતમાં વેપાર ચિહ્નોના કાયદામાં નવો ઈતિહાસ રચાયો છે. જાપાનની સુમિતોમો રબર કંપનીને તેના 'ગુલાબની સુગંધવાળા ટાયર' માટે પહેલું ગંધ આધારિત ટ્રેડમાર્ક મળ્યું છે. આ કંપનીએ ૨૦૨૩માં અરજી કરી હતી અને હવે ભારતના વેપાર ચિહ્નો રજિસ્ટ્રીએ તેને મંજૂરી આપી છે. આ નિર્ણયથી ભારતીય કાયદો લોગો, રંગ કે અવાજ જેવા પરંપરાગત ચિહ્નોની બહાર જઈને ગંધને પણ કાનૂની રક્ષણ આપવાનું શરૂ કરી દીધું છે.

સામાન્ય રીતે ટ્રેડમાર્ક માટે કાયદો કહે છે કે તેને ચિત્રાત્મક રીતે દર્શાવવું જરૂરી છે. પહેલાં ઘણી વખત ગંધની અરજીઓ નકારી દેવામાં આવતી હતી કારણ કે ગંધને 'ડ્રો' કરવી મુશ્કેલ છે. પરંતુ આ કેસમાં વકીલ પ્રવીણ આનંદ અને ઈઆઈઆઈટી અલ્હાબાદના વૈજ્ઞાનિકો - પ્રોફે. પ્રીતિશ વરદવાજ, પ્રોફે. નીતેશ પુરોહિત અને ડો. સુનીત યાદવ - ની મદદથી નવી રીત અપનાવી. તેઓએ ટાયરની સુગંધને સાત માત્રાઓના વેક્ટરમાં દર્શાવી. આમાં સુગંધને સાત મુખ્ય પરિવારોમાં વહેંચી - ફૂલો જેવી, ફળો જેવી, લાકડી જેવી, મગફળી જેવી, તીખી, મીઠી અને ફુદીના જેવી. દરેકમાં તીવ્રતા માપીને એક ચિત્રાત્મક ચિહ્ન બનાવ્યું, જેમ કે સંગીતના નોટેશનમાં અવાજને લખવામાં આવે છે.રજિસ્ટ્રીએ કહ્યું કે આ રીત 'સ્પષ્ટ, ચોક્કસ અને વસ્તુનિષ્ઠ' છે. પેટન્ટ્સ, ડિઝાઈન્સ અને ટ્રેડમાર્ક્સના કંટ્રોલર જનરલ ડો. ઉન્નત પી. પાંડે હેમણું કહ્યું, "આ વિજ્ઞાન અને કાયદાનું મિશ્રણ છે, જે માત્ર વાતોને કરતાં વધુ વિશ્વસનીય નિર્ણયો લેવામાં મદદ કરશે."કાયદાનો મુખ્ય પરીક્ષણ છે કે ટ્રેડમાર્ક અનન્ય હોવું જોઈએ. કંપનીના વકીલ સ્વાતિ શર્માએ કહ્યું કે આ સુગંધ ટાયરના કાર્યગત ગુણો - જેમ કે પકડ, ટકાઉપણું કે સુરક્ષા - સાથે જોડાયેલી નથી, પરંતુ માત્ર સુશોભણ માટે છે. ટાયરને કેમિકલની ગંધ આવે તે સામાન્ય છે, પણ ગુલાબની સુગંધથી તે અનન્ય બને છે. આ કારણે તેને મંજૂરી મળી. પરંતુ નિષ્ણાતો કહે છે કે આથી ગંધ આધારિત ટ્રેડમાર્કોની હોડ નહીં થાય. સ્લોન કાનૂની સલાહકાર રીતુ રાઠી કહે છે, "આ રીત અપનાવવી મુશ્કેલ અને મોંઘી છે. તેમાં વિશેષ મશીનો, લેબ અને વારંવાર તપાસ જરૂરી છે." વધુમાં, કોર્ટમાં તુલના કરવી પણ મુશ્કેલ છે, કારણ કે ગંધને લોગો જેવી સરળતાથી તપાસી શકાતી નથી.

# ગુજરાતમાં શેવાળની ખેતીને પ્રોત્સાહન, સંશોધન માટે રૂ.૧૩ કરોડનું ભંડોળ ફાળવાયું

## ૨૦૨૩-૨૪માં ૧૪ ટન શેવાળનું ઉત્પાદન, ૪૩૦ કિલોમીટરનો દરિયાઈ પટ્ટો શેવાળની ખેતી માટેનું મુખ્ય કેન્દ્ર બન્યું છે

**અબતક,રાજકોટ**

વિશ્વમાં જ્યારે ટકાઉ અને પોષણથી ભરપૂર ખાદ્ય સ્રોતોની શોધ થઈ રહી છે, ત્યારે દરિયાની ઊંડાઈમાં રહેલું શેવાળ એક ક્રાંતિકારી વિકલ્પ તરીકે ઉભરી આવ્યું છે. શેવાળ એક પ્રકારની દરિયાઈ વનસ્પતિ , જે ફક્ત દરિયાઈ જીવસૃષ્ટિ માટે જ નહીં પરંતુ માનવના સ્વાસ્થ્ય અને અર્થતંત્ર માટે પણ એક અમૂલ્ય ભેટ છે.

ભારત પાસે ૭,૫૦૦ કિલોમીટરથી વધુ લાંબો દરિયાકિનારો છે, જે શેવાળની ખેતી માટે વિપુલ તકો પૂરી પાડે છે. સૌરાષ્ટ્ર અને કચ્છના દરિયાકિનારે ૨૦૨૩-૨૪માં ૧૪ ટન શેવાળનું ઉત્પાદન થયું છે. કચ્છના દરિયાકિનારાથી લઈને દેવભૂમિ દ્વારકાની નજીકના ઊંડા પાણીનો લગભગ ૪૩૦ કિલોમીટરનો દરિયાઈ પટ્ટો શેવાળની ખેતી માટેનું મુખ્ય કેન્દ્ર બની રહ્યો છે. આ ખેતી માછીમાર પરિવારોને આર્થિક રીતે સશક્ત બનાવી અને દેશની સમુદ્રી અર્થતંત્રને મજબૂત કરી રહી છે.

શેવાળનો ઉપયોગ ખોરાક અને દવાઓમાં થાય છે. તેમાં ઘણા પોષક તત્વો હોય છે. તેનાથી પાચનતંત્ર, હૃદય અને થાઈરોઈડની કાર્યક્ષમતા સુધરે, વજન નિયંત્રણમાં મદદરૂપ થાય છે. સોજા ઘટાડવા, કેન્સર સામે રક્ષણ અને બ્લડ સુગર નિયંત્રણ ઘટકો પૂરા પાડે છે.

શેવાળની ખેતીને પ્રોત્સાહન આપવા માટે સરકારે રૂ. ૨ કરોડ શેવાળના બીજ મળી રહે તે માટે સીવીડ બેંક યુનિટ્સ ફાળવશે. રૂ. ૫ કરોડ શેવાળ પર પ્રક્રિયા કરીને તેમાંથી મીઠું, કેરેજીનન ખેતીમાં વપરાતા પદાર્થો કાઢવા આપવામાં આવશે. રૂ. ૬ કરોડ ઓખા ખાતે કામધેનુ યુનિવર્સિટી હેઠળ શેવાળના સંશોધન અને ઉપયોગ માટે સેન્ટર ઓફ એક્સેલન્સ માટે ફાળવવામાં આવશે.

# ભૂતકાળના ઝરૂખાની ભવ્યતાના પ્રતીક "દરબારગઢ"ના ગૌરવને ઉજાગર કરતા પુરાતત્વવિદો

## હેરિટેજ કન્ઝર્વેશન વર્કશોપ અંતર્ગત દરબાર ગઢ ખાતે રિસ્ટોરેશનની લાઈમ લીપીંગ પ્રક્રિયાની હેન્ડ્સ ઓન પ્રેક્ટિસ કરતા છાત્રો



**અબતક, રાજકોટ**

પુરાતત્વ વિભાગ, રાજકોટ તેમજ રમત, ગમત, યુવા અને સાંસ્કૃતિક વિભાગ હેઠળ નિયામકની કચેરી પુરાતત્વ અને સંગ્રહાલય વિભાગ, ગાંધીનગર દ્વારા રાજકોટ ખાતે હેરિટેજ કન્ઝર્વેશન અને રીસ્ટોરેશન વિષયક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સેમિનાર બાદ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજકોટ પધારેલા આર્કિયોલોજીકલ સર્વે ઓફ ઈન્ડિયા તથા એમ.એસ. યુનિવર્સીટીના આર્કિયોલોજીસ્ટ, મ્યુઝિયમોલોજીસ્ટ, પ્રોફેસર તેમજ આર્કિટેક્ચર્સ અને છાત્રોએ રાજકોટ દરબાર ગઢની મુલાકાત લીધી હતી. દરબાર ગઢમાં હાલ પુનઃનિર્માણનું કાર્ય ચાલી રહ્યું હોઈ આર્કિયોલોજીના છાત્રોને સ્થળ પર હેન્ડ્સ ઓન પ્રેક્ટિસનો લાભ મળ્યો હતો. આર્કિયોલોજીસ્ટ અનુપમ શહાએ છાત્રોને લાઈમ વર્ક અને કલરની સમજૂતી આપી હતી. ખાસ કરીને ગઢની એસ્થેટિક વેલ્યુ અને ઓરિજિનીટી જળવાઈ રહે તે માટે જે પ્રકારે કામગીરી કરવામાં આવી રહી છે તે અંગે વિશેષ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

દરબાર ગઢ માત્ર એક ઈમારત નથી, પણ રાજકોટના રાજવી ઈતિહાસનો જીવંત દસ્તાવેજ છે. આ કન્ઝર્વેશન વર્કશોપ થકી અમે ભૂતકાળના આ ઝરૂખાને આવનારી પેઢી માટે સુરક્ષિત કરી રહ્યા છીએ. પુરાતત્વવિદોની મહેનતથી ગઢના ગૌરવની જ્યોત ફરી પ્રજ્વલિત થશે,"

રાજકોટના રાજવી માંધાતાસિંહજી જાડેજાએ સ્થળ પર તમામ લોકોનું સ્વાગત કર્યું હતું. તેઓએ રાજવી સ્થળના હેરિટેજ વેલ્યુઝ ધરાવતા દરબાર ગઢના તબક્કાવાર થનારા નિર્માણ અને તેમાં જુદી જુદી કામગીરી માટે કરવામાં આવેલ વિવિધ વિભાગોની માહિતી પુરી પાડી હતી.પુરાતત્વવિદ અને છાત્રોએ દરબાર ગઢની ઝીણવટભરી કારીગીરીને નિહાળી ખુશી વ્યકત કરી હતી,આ તકે રાજ્ય સરકારના આર્કિયોલોજી અને મ્યુઝિયમ વિભાગના ડાયરેક્ટર પંકજ શર્મા, સહાયક પુરાતત્વ નિયામક સિધ્ધા શાહ સહીત આર્કિયોલોજીકલ સર્વે ઓફ ઈન્ડિયા તથા એમ.એસ. યુનિવર્સીટીના પ્રાધ્યાપકો, કેપ્ટન જયદેવ જોશી સહીત આમંત્રિત મહેમાનો જોડાયા હતાં.

**માંધાતાસિંહજી જાડેજાએ રાજવી સ્થળના હેરિટેજ વેલ્યુઝ ધરાવતા દરબારગઢના તબક્કાવાર થનારા નિર્માણ અને તેમાં જુદી જુદી કામગીરી અંગે માહિતી આપી**

# સરકારી વાહનનો દૂરૂપયોગ બદલ શાસક નેતા લીલાબેન જાદવ સામે કોર્ટ કાર્યવાહીની ચીમકી

## લોક વિચાર મંચ દ્વારા મુખ્યમંત્રી સ્વાગત કાર્યક્રમમાં કરી ફરિયાદ

**અબતક, રાજકોટ**

સરકારી વાહનનો દૂરુપયોગ કરવા બદલ શાસક પક્ષના નેતા લીલાબેન જાદવ સામે કોર્ટ કાર્યવાહી કરવાની ચીમકી લોક સાંસદ મંચ દ્રારા ઉચ્ચારવામાં આવી છે. શાસક પક્ષના નેતા દ્વારા પ્રજાની ગાડીનો દુરુપયોગ બદલ કરવામાં આવેલી ફરિયાદ પોલીસે ફાઈલ કરી છે.જે

અરજી કચરાપેટીમાં પધરાવતા ડિસેમ્બર ૨૦૨૫ ના મુખ્યમંત્રી સ્વાગતમાં ફરિયાદ કરાય છે.

આ અંગે લોક સંસદ વિચાર મંચના મોભી પૂર્વ કોર્પોરેટર દિલીપભાઈ આસવાણી, ગજેન્દ્રસિંહ ઝાલા, એડવોકેટ ઈન્દુભા રાઓલ, પટેલ નાગજીભાઈ વિરાણીએ જણાવ્યું હતું કે, મહાપાલિકાના પદાધિકારીઓ અને અધિકારીઓને અપાયેલી મોટરકારની સુવિધા જન સેવાના બદલે પોતાના અંગત કામો માટે દોડતી હોય છે જે જગ જાહેર છે. શાસક પક્ષના નેતા અને વોર્ડ નં. ૧૧ ના કોર્પોરેટર લીલુબેન જાદવ દ્વારા પ્રજાના ખર્ચે અપાયેલી મોટરકારની સુવિધા નો દુરુપયોગ કર્યો હતો. મોટરકાર જન સેવાના બદલે અંગત કામો માટે વાપરી હોવાનું થોડા સમય પહેલા ફલિત થયું હતું. પ્રજાની મોટરકાર ગાંધીનગર જવાના બદલે અંબાજી, દ્વારકા, સોમનાથ અને ડાકોર સહિતના ધાર્મિક વિસ્તારોમાં ફરી હતી. અને આ વાહન પર લગાવાયેલ સાયરન પણ ગેરકાયદેસર છે. પ્રજાના ખર્ચે અપાયેલી મોટરકારની સુવિધા જો ખરેખર પોતાના અંગત અને સ્વહિત માટે વપરાય હોય તો ગુનો બનતો હોવાના પગલે તા. ૧૨/૦૯ થી રાજકોટ શહેરના પોલીસ કમિશનર અને રાજકોટ મહાનગરપાલિકાના કમિશનરને ઈન્વર્ડ નંબર ૪૨૩૦ થી લેખિતમાં ફરિયાદ કરી વાહનનો દુરુપયોગ કરવા બદલ ગુનો દાખલ કરવા લોક સંસદ વિચાર મંચ દ્વારા લેખિત ફરિયાદ કરવામાં આવી છે.

લોગબુકની નોંધ સાથે રહેલ ડ્રાઈવરનું નિવેદન લઈ લોગબુકમાં રહેલ કિલોમીટરના આધારે બજાર મુજબની ભાડાની રકમની રિકવરી કરવા અને તપાસના અંતે કારનો દુરુપયોગ થવાનું ફલિત થાય તો શાસક પક્ષના નેતા સામે ગુનો દાખલ કરવા લેખિત ફરિયાદ કરવામાં આવી છે.

પોલીસ કમિશનરને કરવામાં આવેલી ફરિયાદના અનુસંધાનમાં અરજદાર દિલીપભાઈ આસવાણીને એ ડિવિઝન પોલીસ સ્ટેશન હેઠળના એસ.ટી બસ સ્ટેશન પોલીસ ચોકીમાં પી.એસ.આઈ ડી.એસ મહંત દ્વારા તા. ૩૦/૦૯ ના રોજ નિવેદન માટે બોલાવવામાં આવેલ જે અરજીના અનુસંધાનમાં નિવેદન અપાયા બાદ અરજી ફાઈલ કરી દેવામાં આવી હતી. નિવેદન બાદ ગુનો દાખલ કરવાની ઉઘરાણી કરવામાં આવતા જવાબદાર પોલીસ અધિકારીએ જણાવ્યું કે આમાં અમારે કાંઈ લાગે વળગે નહીં. આ અંગે કરવામાં આવેલી લેખિત ફરિયાદ માં રાજકોટ મહાપાલિકા કમિશનર અને પોલીસ કમિશનર કચેરી તરફથી કોઈ જાતનો પ્રત્યુતર ન મળતા પોલીસ કમિશનરને તા. ૧૭/૧૦ ના પોલીસ કમિશનરને સ્મૃતિપત્ર દ્વારા પુનઃ આ બાબતે લેખિત અરજી કરવામાં આવી હતી. જે સંદર્ભે પોલીસ કમિશનર કચેરીના અરજી નંબર ૧૭૧૦૨૫/૦૦૦૮ તા. ૧૭/૧૦એ ડિવિઝન પોલીસ સ્ટેશનના પત્ર ક્રમાંક ૬૮૫/૨૦૨૫ તા.૧૮/૧૦થી લોક સંસદ વિચાર મંચના દિલીપભાઈ આસવાણીને અરજી નિકાલ કર્યા અંગેની જાણ લેખિતમાં કરવામાં આવી જેમાં એ ડિવિઝન પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સ્પેક્ટર એમ. એસ. પારગી એ એ ડિવિઝન પોલીસ સ્ટેશનના તા.૧૭/૧૧ ના જાવક નંબર ૮૨૨૫/૨૦૨૫ થી જણાવ્યું કે મહાપાલિકાના શાસક પક્ષના નેતા દ્વારા સરકારી ગાડીના દુરૂપયોગ બાબતોની હોય જે બાબત રાજકોટ મહાનગરપાલિકા હેઠળની હોય જેથી યોગ્ય પુરાવા સાથે મ્યુનિસિપલ કમિશનરને રજૂઆત કરશો અને આપની સદરહુ અરજી ફાઈલે કરવામાં આવે છે. અહીં સવાલ એ છે કે ગુનો દાખલ કરવાની જ્યારે વાત આવે અને એફઆઈઆર કરવાની બાબત પોલીસ તંત્ર દ્વારા જ કરવામાં આવતી હોય છે. ત્યારે ગુનો દાખલ કરવાની અને અરજીની તપાસ કરવાને બદલે અરજીનો ઉલાળીયો કરી દેવામાં આવ્યો છે. પોલીસ તંત્ર દ્વારા જજની ભૂમિકા ભજવી શાસક પક્ષના નેતાને ક્લીન ચીટ આપી દીધી હોય તેવું જણાય છે. પોલીસ જજની ભૂમિકા ભજવવાનું બંધ કરે યોગ્ય તપાસ કરે એવી અમારી માંગ રાજકોટની જનતા વતી છે. રાજકોટ મહાનગરપાલિકાના કમિશનર તરફથી અપાયેલી અરજી તુમારશાહીનો ભોગ બનતા અને મહાનગરપાલિકા દ્વારા કોઈપણ પ્રકારનો જવાબ ન મળતા અરજી કચરાપેટીમાં સ્વાહા કરવામાં આવી હોવાના પગલે ડિસેમ્બર ૨૦૨૫ ના મુખ્યમંત્રી સ્વાગત કાર્યક્રમમાં લોક સંસદ વિચાર મંચ દ્વારા આ પ્રશ્ન રજૂ કરી શાસક પક્ષના નેતા દ્વારા ગાડીનો દુરુપયોગ થયો હોય તો યોગ્ય તપાસ કરી ગુનો દાખલ કરવા જિલ્લા કલેકટર કચેરીમાં તારીખ ૧૦/૧૨ ના અરજી આપવામાં આવી છે. મુખ્યમંત્રી સ્વાગત કાર્યક્રમમાં પણ આ પ્રશ્ન અંગે કોઈ યોગ્ય નિરાકરણ નહીં આવે તો લીગલ અભિપ્રાય મેળવી કોર્ટ કાર્યવાહી કરવાની ફરજ પડશે.

"વસુધૈવ કુટુમ્બકમ"

# ભારતના ન્યુક્લિયર પાવરથી વિશ્વએ ડરવાની જરૂર નથી

## અણુબોમ્બ નહીં પરંતુ ઈંધણ શક્તિમાં આત્મનિર્ભર બનવાનો કોલ

**વિનાશ નહીં, વિકાસનો મંત્ર: અણુબોમ્બ કરતાં 'ઊર્જા આત્મનિર્ભરતા' પર ભારતનો ભાર**




**અબતક**

ભારતીય સંસ્કૃતિનો આદિકાળથી એક જ સુર રહ્યો છે - 'વસુધૈવ કુટુમ્બકમ', અર્થાત સમગ્ર વિશ્વ એક પરિવાર છે. જ્યારે કોઈ રાષ્ટ્ર આખી દુનિયાને પોતાના પરિવાર તરીકે જોતું હોય, ત્યારે તેની શક્તિ ક્યારેય વિનાશનું કારણ બની શકે નહીં. આજે જ્યારે ભારત ન્યુક્લિયર ટેકનોલોજી અને પરમાણુ ઊર્જાના ક્ષેત્રે હરણફાળ ભરી રહ્યું છે, ત્યારે વિશ્વના અમુક દેશોના મનમાં શંકા કે ડર હોઈ શકે છે. પરંતુ, ભારતે સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે અમારી પરમાણુ શક્તિ એ કોઈ દેશ પર પ્રભુત્વ જમાવવા કે યુદ્ધના મેદાનમાં 'અણુબોમ્બ' ફોડવા માટે નથી.

ભારતનો આધુનિક દ્રષ્ટિકોણ વિનાશક નહીં, પરંતુ વિકાસલક્ષી છે. આપણો ઉદ્દેશ્ય શસ્ત્રોની હોડમાં ઉતરવાનો નથી, પરંતુ વધતી જતી ઊર્જાની માંગને પહોંચી વળવા અને ક્લાઈમેટ ચેન્જ સામે લડવા માટે 'ગ્રીન એનર્જી' (સ્વચ્છ ઈંધણ) ઉત્પન્ન કરવાનો છે. ભારત આજે ઊર્જા ક્ષેત્રે 'આત્મનિર્ભર' બનવા તરફ પ્રયાણ કરી રહ્યું છે. આમ, ભારતનો ન્યુક્લિયર પ્રોગ્રામ એ વિશ્વ માટે ભયનું કારણ નહીં, પરંતુ માનવજાતના કલ્યાણ અને ઊર્જા સુરક્ષા માટેનું એક જવાબદાર પગલું છે.

વૈશ્વિક ફલક પર બદલાતા સમીકરણો અને અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના તાજેતરના નિવેદનોએ ભારત માટે એક જટિલ ધર્મસંકટ ઊભું કર્યું છે. ૧૯૯૮માં પોખરણના રણમાં અટલ બિહારી વાજપેયીના નેતૃત્વમાં થયેલા પરમાણુ ધડાકાના ૨૭ વર્ષ બાદ, ભારત આજે ફરી એક એવા વળાંક પર ઊભું છે જ્યાં તેને પોતાની 'વ્યૂહાત્મક સાર્વભૌમત્વ' અને 'આંતરરાષ્ટ્રીય મુત્સદ્દીગીરી' વચ્ચે પસંદગી કરવી પડે તેમ છે. જ્યારે વિશ્વની મહાસત્તાઓ પોતાના સુષુપ્ત પરમાણુ ભંડારોને ફરી તપાસી રહી છે, ત્યારે સવાલ એ છે કે શું ભારત ફરીથી અણુ પરીક્ષણ કરીને પોતાની તાકાત બતાવશે કે પછી સંયમ જાળવી રાખશે?

ટ્રમ્પનું નિવેદન અને વિશ્વમાં ખળભળાટ તાજેતરમાં ડોનાલ્ડ ટ્રમ્પે ચીની રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથેની મુલાકાત પહેલાં સોશિયલ મીડિયા પર એક વિવાદાસ્પદ જાહેરાત કરી હતી. તેમણે કહ્યું હતું કે, "અમેરિકા ફરીથી ન્યુક્લિયર ટેસ્ટિંગ શરૂ કરવા જઈ રહ્યું છે." આ નિવેદનને કારણે દુનિયાભરમાં દહેશત ફેલાઈ ગઈ હતી કે શું ૧૯૯૨ પછી અમેરિકા ફરી મોટા ધડાકા કરશે? જોકે, બાદમાં અમેરિકાના એનર્જી સેક્રેટરી ક્રિસ રાઈટે સ્પષ્ટતા કરી હતી કે આ કોઈ વિસ્ફોટક પરીક્ષણો નથી, પરંતુ 'સબ-ક્રિટિકલ' ટેસ્ટ છે, આ ટેસ્ટથી આકાશમાં કોઈ મશરૂમ જેવો ધુમાડો નહીં થાય કે કોઈ ઝેરી કિરણો (રેડિયેશન) હવામાં ફેલાશે નહીં. આ બધું સલામત રીતે લેબોરેટરી જેવી જગ્યામાં થશે.

ભારતે તેની પરમાણુ યાત્રા ૧૯૭૪માં 'સ્માઈલિંગ બુદ્ધ'થી શરૂ કરી હતી અને ૧૯૯૮માં પોખરણ-૨ દ્વારા પૂર્ણ કરી હતી. હવે ૨૭ વર્ષના લાંબા અંતરાલ બાદ, સંરક્ષણ નિષ્ણાતો માને છે કે ભારત માટે આ સમય ખૂબ જ મહત્વનો છે.વોશિંગ્ટનના નિષ્ણાત જોસેફ રોજર્સના મતે, અમેરિકા કે રશિયા કરતાં ભારત અને ચીન જેવા દેશો માટે અત્યારે ટેસ્ટિંગ કરવું વધુ ફાયદાકારક છે.

| દેશ | પરમાણું વોરહેડસની સંખ્યા (અંદાજે) |
|---|---|
| રશિયા | ૫૫૮૦ |
| યુનાઈટેડ સ્ટેટસ | ૫૨૪૪ |
| ચીન | ૫૦૦ |
| ફ્રાન્સ | ૨૯૦ |
| યુનાઈટેડ કિંગડમ | ૨૨૫ |
| પાકિસ્તાન | ૧૭૦ |
| ભારત | ૧૬૪ |
| ઈઝરાયેલ | ૯૦ |
| ઉત્તર કોરિયા | ૫૦ |

| દેશ | પ્રથમ પરીક્ષણની તારીખ | કુલ પરીક્ષણો (અંદાજે) |
|---|---|---|
| યુનાઈટેડ સ્ટેટ્સ | જુલાઈ, ૧૯૪૫ | ૧૦૫૪ |
| સોવિયેત યુનિયન (રશિયા) | ઓગસ્ટ, ૧૯૪૯ | ૭૧૫ |
| યુનાઈટેડ કિંગડમ | ઓકટોબર, ૧૯૫૨ | ૪૫ |
| ફ્રાન્સ | ફેબ્રુઆરી, ૧૯૬૦ | ૨૧૦ |
| ચીન | ઓકટોબર, ૧૯૬૪ | ૪૫ |
| ભારત | મે, ૧૯૭૪ | ૬ |
| પાકિસ્તાન | મે, ૧૯૯૮ | ૬ |
| ઉત્તર કોરિયા | ઓકટોબ, ૨૦૦૬ | ૬ |

### ભારતની પરમાણુ શક્તિની ઐતિહાસિક સફર

**પોખરણ-૧ (સ્માઈલિંગ બુદ્ધા)**

૧૯૭૪માં ભારતે તેનું પ્રથમ પરીક્ષણ કર્યું, જેને "સ્માઈલિંગ બુદ્ધા" નામ અપાયું હતું. ભારતે તેને "શાંતિપૂર્ણ પરમાણુ વિસ્ફોટ" (PNE) ગણાવ્યું હતું. આ ઈમ્પ્લોઝન-ટાઈપ ફિશન ડિવાઈસના પરીક્ષણથી વિશ્વ ચોંકી ગયું હતું અને તેના પરિણામે 'ન્યુક્લિયર સપ્લાયર્સ ગ્રુપ' (NSG) ની રચના થઈ હતી.

**પોખરણ-૨ની અદભૂત ગુપ્તતા**

૧૯૯૮માં "ઓપરેશન શક્તિ" દરમિયાન ભારતીય વૈજ્ઞાનિકો અને એન્જિનિયરોએ અત્યંત ગુપ્ત રીતે કામ કર્યું હતું. અમેરિકાના જાસૂસી ઉપગ્રહો (સેટેલાઈટ) ની નજરથી બચવા માટે તેઓ ઘણીવાર રાત્રે સેનાના ગણવેશ (આર્મી યુનિફોર્મ) પહેરીને કામ કરતા હતા.


**થર્મોન્યુક્લિયર શક્તિનું પ્રદર્શન**

૧૯૯૮ની પોખરણ-૨ શ્રેણી વૈજ્ઞાનિક રીતે ખૂબ મહત્વની હતી, કારણ કે તેમાં થર્મોન્યુક્લિયર ઉપકરણનો વિસ્ફોટ સામેલ હતો. આનાથી સાબિત થયું કે ભારત વધુ શક્તિશાળી ફ્યુઝન હથિયારો બનાવવા માટે સક્ષમ છે.

**આંતરરાષ્ટ્રીય પ્રતિક્રિયા**

પોખરણ-૨ પરીક્ષણો બાદ તરત જ અમેરિકા, જાપાન અને અન્ય દેશોએ ભારત પર આર્થિક પ્રતિબંધો લાદ્યા હતા, જોકે બાદમાં પરિસ્થિતિ બદલાતા આ પ્રતિબંધો ધીમે ધીમે હટાવી લેવામાં આવ્યા હતા.

### મુખ્ય પરમાણું પરીક્ષણ




**હિરોશિમા (૧૯૪૫):** ૧૫ કિલોટન. જાપાનના હિરોશિમા શહેર પર ફેંકાયેલો દુનિયાનો સૌપ્રથમ અણુબોમ્બ.
**નાગાસાકી (૧૯૪૫):** ૨૧ કિલોટન. હિરોશિમાના ત્રણ દિવસ બાદ જાપાનના નાગાસાકી પર ઝીંકાયેલો બીજો અને વધુ શક્તિશાળી બોમ્બ.
**લીરનોર (૧૯૭૦):** ૧ મેગાટન. ફ્રાન્સ દ્વારા કરવામાં આવેલું પરમાણુ પરીક્ષણ, જે હિરોશિમા કરતાં અનેકગણું મોટું હતું.
**કેસલ બ્રાવો (૧૯૫૪):** ૧૫ મેગાટન. અમેરિકા દ્વારા કરવામાં આવેલો સૌથી મોટો અને ભયાનક પરમાણુ ધડાકો.
**ત્સાર બોમ્બ (૧૯૬૧):** ૫૦ મેગાટન. રશિયા દ્વારા ફોડવામાં આવેલો આ બોમ્બ માનવ ઈતિહાસનો સૌથી મોટો અને શક્તિશાળી વિસ્ફોટ છે.
**૧ કિલોટન** એટલે ૧,૦૦૦ ટન દારૂગોળો.ઉદાહરણ તરીકે ટ્રકમાં ૧ ટન વિસ્ફોટક ભરેલો છે. આવા ૧,૦૦૦ ટ્રક એક જગ્યાએ ભેગા કરીને ફોડવામાં આવે, તો જે ધડાકો થાય તેને '૧ કિલોટન' કહેવાય. **૧ મેગાટન** = ૧,૦૦૦ કિલોટન. (એટલે કે ૧ કિલોટન કરતા ૧,૦૦૦ ગણો મોટો ધડાકો).

---

**આજે વિશ્વ ઉર્જા સંરક્ષણ દિવસ**

# "પીએમ સૂર્ય ઘર મફત વીજળી યોજના"ના અમલીકરણમાં દેશમાં ગુજરાતનો ડંકો

## રાજ્ય 'પીએમ સૂર્ય ઘર યોજના'ના લક્ષ્યાંકથી ૪૯% આગળ, ૧૦ લાખ સિસ્ટમ સ્થાપવાનું લક્ષ્ય : ઉર્જા મંત્રી ઋષિકેશ પટેલ

**અબતક, રાજકોટ**

દર વર્ષે તા. ૧૪ ડિસેમ્બરે ગુજરાત સહિત સમગ્ર વિશ્વમાં 'વિશ્વ ઊર્જા સંરક્ષણ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે. આ પ્રસંગે ગુજરાતમાં ઊર્જા સંરક્ષણ અને સૌર ઊર્જા ક્ષેત્રે થયેલી કામગીરી અંગે ઊર્જા મંત્રી ઋષિકેશ પટેલએ વિગતો આપતા જણાવ્યું હતું કે, સોલાર ઊર્જા ઉત્પન્ન કરવામાં ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ વીજળીના સતત વધી રહેલા વપરાશ અને ભવિષ્યની માંગને પહોંચી વળવા તૈયાર છે.

### ૨૦૨૭ સુધીમાં ૧૦ લાખ રૂફટોપ સોલાર સિસ્ટમ સ્થાપવા, રાજ્ય સરકાર કટિબદ્ધ

ગુજરાતે વડાપ્રધાન દ્વારા શરૂ કરાયેલી 'પીએમ સૂર્ય ઘર : મફત વીજળી યોજના'ના સફળ અમલીકરણ દ્વારા એક ક્રાંતિકારી પહેલ કરી છે. મંત્રી ઋષિકેશ પટેલએ જણાવ્યું કે આ યોજનાના અમલીકરણમાં સમગ્ર દેશના ૨૫ ટકાના યોગદાન સાથે ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે છે. આ સિદ્ધિ રાજ્યની સૌર ઊર્જા પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

વધુમાં મંત્રી ઋષિકેશ પટેલએ લક્ષ્યાંકો વિશે વાત કરતાં જણાવ્યું હતું કે, ગુજરાતે માર્ચ-૨૦૨૭ સુધીમાં 'પીએમ સૂર્ય ઘર મફત વીજળી યોજના' અંતર્ગત ૧૦ લાખ રહેણાંકીય રૂફટોપ સોલાર સિસ્ટમ્સ સ્થાપિત કરવાનું લક્ષ્ય નિર્ધારિત કર્યું છે. ગુજરાતે અત્યાર સુધીમાં આ યોજના હેઠળ કુલ ૧૮૮૬ મેગાવોટ સોલર ક્ષમતાની ૪.૯૬ લાખ રૂફટોપ સોલાર સિસ્ટમ્સ સ્થાપિત કરેલ છે, જે કુલ લક્ષ્યાંકના ૪૯ ટકાથી વધુ છે.



રાજ્યના યોજનાને વધુ વેગવંતી બનાવવા માટે રાજ્ય સરકારે લીધેલા પગલાં વિશે જણાવતા મંત્રી ઋષિકેશ પટેલએ કહ્યું કે, રાજ્ય સરકારે ૬ કિલોવોટ સુધીની સોલાર રૂફટોપ સિસ્ટમ માટે રેગ્યુલેટરી ચાર્જીસ (રૂ. ૨૯૫૦)ની સહાય અને નેટવર્ક સ્ટ્રેન્થનિંગ ચાર્જ માફ કર્યા છે. સાથે જ, ગ્રાહકોને વધુ સુવિધા મળે તે માટે નેટ મીટરિંગ એગ્રીમેન્ટ કરવાની જરૂરિયાતમાંથી પણ મુક્તિ આપવામાં આવી છે. આ પ્રોત્સાહક નીતિઓના કારણે વધુમાં વધુ નાગરિકો યોજનાનો લાભ લઈ રહ્યા છે.

વ્યાપક સૌર ઊર્જા ક્ષેત્રે ગુજરાતની સિદ્ધિ વિશે વાત કરતાં મંત્રી ઋષિકેશ પટેલએ ઉમેર્યું કે, આજે ગુજરાત સોલાર રૂફટોપ ક્ષેત્રે ૨૭%ના યોગદાન સાથે દેશમાં મોખરાનું સ્થાન ધરાવે છે. રહેણાંક અને બિન-રહેણાંક ક્ષેત્રને સંકલિત કરીને રાજ્યમાં કુલ ૬૩૧૫ મેગાવોટ સોલાર સિસ્ટમોનું સ્થાપન થયેલું છે. આ સિસ્ટમો દ્વારા દર વર્ષે ૯૩૮૬ મિલિયન યુનિટ વીજળી ઉત્પન્ન થશે, જેના પરિણામે વાર્ષિક ૬.૩૮ મિલિયન મેટ્રિક ટન કોલસાની બચત થશે અને ૮.૩૩ મિલિયન ટન સીઓર ઉત્સર્જનમાં ઘટાડો થશે.

રાજ્યની આ સિદ્ધિઓ (અનુ. આઠમા પાને)

---

**સલામતી સપ્તાહ ઉજવણી**

# પીજીવીસીએલની બેનરો અને સૂત્રો સાથે રેલી: લોકોને વીજ સલામતી અંગે સચેત કરાયા

## મુખ્ય ઈજનેર પી. જે. મહેતા, કાર્યકારી મુખ્ય ઈજનેર બી. ડી. પરમાર, અધિક્ષક ઈજનેર બી. સી. રાઠોડ તેમજ વરિષ્ઠ અધિકારીઓ રેલીમાં જોડાયા



**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરમાં 'સલામતી સપ્તાહ'ની ઉજવણી અંતર્ગત શહેર વર્તુળ કચેરી, રાજકોટ દ્વારા આજે વિશાળ વિજ સલામતી રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. વિજ સલામતી અંગે જનજાગૃતિ વધારવા અને અકસ્માતો અટકાવવા માટે યોજાયેલી આ રેલીમાં વિજ વિભાગના અધિકારીઓ તથા કર્મચારીઓ બહોળી સંખ્યામાં જોડાયા હતા.

રેલીનું પ્રસ્થાન શહેર વર્તુળ કચેરી કમ્પાઉન્ડ, નાના મવા રોડ, લક્ષ્મીનગર, રાજકોટ ખાતે સવારે ૯:૧૫ કલાકે કરવામાં આવ્યું હતું. મુખ્ય ઈજનેર (ટેક) પી. જે. મહેતા, કાર્યકારી મુખ્ય ઈજનેર (મટીરીયલ) બી. ડી. પરમાર, અધિક્ષક ઈજનેર (સિટી) બી. સી. રાઠોડ તેમજ અન્ય વરિષ્ઠ અધિકારીઓ દ્વારા રેલીને પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું.

રેલી શહેર વર્તુળ કચેરી - નાના મવા મેઈન રોડ - રાજનગર ચોક - પંડિત દીનદયાળ રોડ (પર્ણકુટીર સોસાયટી વાળો માર્ગ) માર્ગે પસાર થઈ ફરી શહેર વર્તુળ કચેરી ખાતે પૂર્ણ થઈ હતી. રેલી દરમિયાન વિજ સલામતી આપણી જવાબદારી, સાવચેતી રાખો - અકસ્માત ટાળો જેવા સંદેશાઓ સાથે બેનરો અને સૂત્રો દ્વારા નાગરિકોને વીજ સલામતી અંગે સચેત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે અધિકારીઓએ જણાવ્યું હતું કે, ખુલ્લી વાયર, બિનઅધિકૃત કનેક્શન, ભીંજાયેલા હાથથી વિજ ઉપકરણો વાપરવા જેવા જોખમો ટાળવા જરૂરી છે. નાગરિકો દ્વારા વીજ સલામતીના નિયમોનું પાલન કરવામાં આવે તો અનેક અકસ્માતો અટકાવી શકાય.

વિજ વિભાગ દ્વારા યોજાયેલી આ રેલી શહેરમાં વીજ સલામતી અંગે જાગૃતિ ફેલાવવાનો એક મહત્વપૂર્ણ પ્રયાસ બની, જેને શહેરના નાગરિકો તરફથી સકારાત્મક પ્રતિસાદ મળ્યો હતો.

સ્પોર્ટ્સ અબતક

# ફૂટબોલ લેજન્ડ મેસ્સીનું ૧૪ વર્ષ પછી ભારતમાં આગમનઃ ચાહકોમાં જબરો ઉત્સાહ

## ૪ શહેરો ફરીને તેંડુલકર અને પીએમ મોદીને મળશેઃ મેસ્સીના આગમનને લઈને કોલકાતામાં ચાહકોનો ઉત્સાહ ચરમસીમાએ પહોંચ્યો

### શાહરૂખ અને તેના દીકરા અબ્રાહમને મળ્યો મેસ્સી

આજે સવારે ૧૧ વાગ્યે કોલકાતામાં ૭૦ ફૂટ ઊંચા સ્ટેચ્યુનું વર્ચ્યુઅલ ઉદઘાટન કર્યું. આ દરમિયાન શાહરૂખ ખાન પણ સામેલ રહ્યો. મેસ્સી સંયુક્ત રાષ્ટ્રના ચાઈલ્ડ ઓર્ગેનાઈઝેશનનો બ્રાન્ડ એમ્બેસેડર છે, જેના હેઠળ તે ભારતમાં ગોટ ઈન્ડિયા ટૂર કરી રહ્યો છે.મેસ્સી ૧૫ ડિસેમ્બર સુધી ૩ દિવસમાં ૪ શહેરોનો પ્રવાસ કરશે. આમાં હૈદરાબાદ, મુંબઈ અને નવી દિલ્હી પણ સામેલ છે. તે કોલકાતામાં જ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી અને ઈન્ડિયન ક્રિકેટ ટીમના પૂર્વ કેપ્ટન સૌરવ ગાંગુલીને મળશે. આ દરમિયાન તેને મુંબઈમાં સચિન તેંડુલકરને પણ મળવાનું છે. ૧૫ ડિસેમ્બરના રોજ નરેન્દ્ર મોદી સાથે મુલાકાતની સાથે જ તેમનો પ્રવાસ સમાપ્ત થશે.



**અબતક, નવી દિલ્હી**

આર્જેન્ટિનાના સુપરસ્ટાર ફૂટબોલર લિયોનેલ મેસ્સી આજે કોલકાતા પહોંચ્યા હતા અને તેમની બહુપ્રતિક્ષિત 'ગ્રેટેસ્ટ ઓફ ઓલ ટાઈમ ઈન્ડિયા ટૂર ૨૦૨૫'ની શરૂઆત કરી હતી. ૧૪ વર્ષના લાંબા ગાળા બાદ ભારતમાં લિયોનેલ મેસ્સીના આગમનને લઈને કોલકાતામાં ચાહકોનો ઉત્સાહ ચરમસીમાએ પહોંચ્યો હતો.

લિયોનેલ મેસ્સી મિયામી અને દુબઈ થઈને મોડી રાત્રે કોલકાતા પહોંચ્યા હોવા છતાં, તેમની એક ઝલક મેળવવા માટે હજારો ચાહકો નેતાજી સુભાષ ચંદ્ર બોઝ આંતરરાષ્ટ્રીય એરપોર્ટની બહાર એકઠા થયા હતા.

મેસ્સીના ફેન્સનો ઉત્સાહ એટલો વધારે હતો કે પોલીસે ટર્મિનલની આસપાસ કડક સુરક્ષા વ્યવસ્થા જાળવી રાખવી પડી હતી. હજારો ફેન્સ લિયોનેલ મેસ્સીના નામના સૂત્રોચ્ચાર કરી રહ્યા હતા અને આર્જેન્ટિનાના ધ્વજ લહેરાવી રહ્યા હતા. કેટલાક ફેન્સ તો બેરિકેડ પર પણ ચઢી ગયા હતા.

ટૂરના આયોજક સતાદ્રુ દત્તાએ આ ક્ષણને આનંદની ગણાવતા કહ્યું કે, '૧૪ વર્ષ પછી મેસ્સીની ભારત મુલાકાત ખૂબ જ આનંદની ક્ષણ છે. ભારતમાં ફૂટબોલનું જોડાણ ફરી વધી રહ્યું છે.

કોલકાતામાં મેસ્સીનો દિવસ યુવા ભારતી સ્ટેડિયમ ખાતેની મુખ્ય ઈવેન્ટ્સ સાથે વ્યસ્ત રહેવાનો છે. સવારે ૯:૩૦થી ૧૦:૩૦ વાગ્યા સુધી પસંદગીના મહેમાનો માટે ખાનગી મુલાકાત અને શુભેચ્છા સમારંભ યોજાયો હતો. વર્ચ્યુઅલી તેમના નામ પરથી એક પ્રતિમાનું ઉદઘાટન કર્યું

(અનું.આઠમાં પાને)

### મેસ્સીનો ત્રણ દિવસનો કાર્યક્રમ

મેસ્સી ૧૫ ડિસેમ્બર સુધી ૩ દિવસમાં ૪ શહેરોની મુલાકાત લેશે. આમાં હૈદરાબાદ, મુંબઈ અને નવી દિલ્હીનો પણ સમાવેશ થાય છે. તેઓ કોલકાતામાં જ બોલિવૂડ અભિનેતા શાહરૂખ ખાન, બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી અને ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ કેપ્ટન સૌરવ ગાંગુલીને મળશે. આ દરમિયાન તેને મુંબઈમાં સચિન તેંડુલકરને પણ મળવાનું છે. ૧૫ ડિસેમ્બરે પીએમ નરેન્દ્ર મોદી સાથે મુલાકાત સાથે તેનો પ્રવાસ સમાપ્ત થશે.

### મેસી રમતો જોવા ન મળતાં ફેન્સ ગુસ્સે ભરાયા, સ્ટેડિયમમાં તોડફોડ મચાવી

જોકે કોલકાતા સ્ટેડિયમમાં ત્યારે ફેન્સ ગુસ્સે ભરાયા જ્યારે તેમને લિયોનલ મેસી રમતો જોવા ન મળ્યો. ગુસ્સે ભરાયેલા ચાહકોને તોડફોડ મચાવી દીધી હતી અને સ્ટેડિયમમાં ખુરશીઓ તોડી અને હુરિયો બોલાવ્યો હતો અને ઈવેન્ટ આયોજકો પર ચાહકોની ભાવનાઓ સાથે ખિલવાડ કરવાનો આરોપ મૂક્યો હતો.

# ટી-૨૦ વર્લ્ડકપની તમામ મેચો જીયોસ્ટાર પર જ નિહાળી શકાશે

## આઈસીસી અને જીઓસ્ટાર સંયુક્ત નિવેદનમાં સ્પષ્ટતા કરી છે કે, તેમના સંબંધો અકબંધ રહેશે અને બ્રોડકાસ્ટર તેની ડીલ પૂર્ણ કરશે

**અબતક, નવી દિલ્હી**

આઈસીસી ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ શરૂ થવામાં બે મહિનાથી પણ ઓછો સમય બાકી છે. આ પહેલાં ટુર્નામેન્ટના સૌથી મોટા બ્રોડકાસ્ટર,જીઓસ્ટાર અને આઈસીસી વચ્ચેના ભંગાણના સમાચારે ખળભળાટ મચાવી દીધો છે. એક રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો હતો કે, ભારતમાં ટુર્નામેન્ટનું પ્રસારણ કરનાર જીઓસ્ટાર, આઈસીસી સાથેના તેના પ્રસારણની ડીલ માંથી ખસી જવાની તૈયારી કરી રહ્યું છે. જોકે, આ તમામ અટકળો પર પૂર્ણવિરામ લાગ્યું છે.આઈસીસી અને જીઓસ્ટાર સંયુક્ત નિવેદનમાં સ્પષ્ટતા કરી છે કે, તેમના સંબંધો અકબંધ રહેશે અને બ્રોડકાસ્ટર તેની ડીલ પૂર્ણ કરશે.

ભારે નાણાકીય નુકસાનને પગલે જીઓસ્ટાર કંપનીએ સમય પહેલા જ કરાર માંથી છૂટા થવાનો નિર્ણય લીધો હતો. જીઓસ્ટારે ૨૦૨૪-૨૦૨૭ ચક્ર માટે ભારતમાં આઈસીસી ઈવેન્ટ્સના પ્રસારણ અધિકારો લગભગ રૂ.૨૭,૦૦૦ કરોડમાં હસ્તગત કર્યા હતા.

આઈસીસી અન. જીઓસ્ટારના ડીલની અટકળો વચ્ચે શુક્રવારે આઈસીસી અને જીઓસ્ટારે આ મામલે નિવેદન આપ્યું છે. જેમાં જણાવ્યું છે કે, જીઓસ્ટાર તેના કરારની જવાબદારીઓને સંપૂર્ણ રીતે પૂર્ણ કરવા માટે પ્રતિબદ્ધ છે. બંને સંગઠનો ભારતીય ચાહકોને આગામી આઈસીસી મેન્સ ટી૨૦ વર્લ્ડ કપ સહિત આઈસીસી ઈવેન્ટ્સનું અવિરત અને વિશ્વ કક્ષાનું કવરેજ પર ધ્યાન આપી રહ્યા છે.

બંનેએ નિવેદનમાં વધુ માહિતી આપતા જણાવ્યું કે ,જીઓસ્ટાર કરારમાંથી બહાર હોવાના તમામ દાવા ખોટા છે અને તે ભારતીય પ્રસારણકર્તા રહેશે.આઈસીસી અને જીઓસ્ટારે ભારતમાં આઈસીસી મીડિયા અધિકાર ડીલની સ્થિતિ અંગે તાજેતરના મીડિયા અહેવાલો જોયા છે. જેમાં બંને સંગઠનોના વલણ આ અહેવાલો સાથે સુસંગત નથી.આઈસીસી અને જીઓસ્ટાર વચ્ચેનો હાલનો કરાર સંપૂર્ણ રીતે અમલમાં છે અને જીઓસ્ટાર ભારતમાં આઈસીસીનો સત્તાવાર મીડિયા પાર્ટનર છે.

સાહેબ..હું બિહારથી આવું છું...

# ૧૪ સિક્સ, ૯૫ બોલમાં ૧૭૧ રનઃ૧૪ વર્ષનો સૂર્યવંશી યુએઈ પર ભારે પડ્યો

## ૪૩૪ રનના વિશાળ ટાર્ગેટને ચેઝ કરતી યુએઈની ટીમ ૫૦ ઓવર રમીને ૭ વિકેટે માત્ર ૧૯૯ રન જ બનાવી શકી



**અબતક, નવી દિલ્હી**

છેલ્લા કેટલાક મહિનાઓથી વૈભવ સૂર્યવંશીની અદ્ભુત બેટિંગ કુશળતા દુનિયા જોઈ રહી છે.આઈપીએલ થી લઈને અંડર-૧૯ અને ઈમર્જિંગ ટુર્નામેન્ટ સુધી, તેણે વિશ્વના વિવિધ ભાગોમાં પોતાની બેટિંગ કુશળતા દર્શાવી છે. પરંતુ ફક્ત તેની બેટિંગથી જ નહીં, વૈભવ પણ તેના શબ્દોથી દિલ જીતવાની ક્ષમતા ધરાવે છે. અંડર-૧૯ એશિયા કપની પહેલી જ મેચમાં ધમાકેદાર સદી ફટકાર્યા બાદ, વૈભવે પણ કંઈક આવું જ કર્યું, સ્લેજિંગ દ્વારા પોતાની બેદરકારી વ્યક્ત કરી.

દુબઈની આઈસીસી એકેડેમીમાં યુએઈ સામેની ટુર્નામેન્ટની પહેલી મેચમાં ભ વ

સૂર્યવંશીએ ધમાકેદાર સદી ફટકારી, ૧૭૧ રન બનાવ્યા. તેણે આ રન ફક્ત ૯૫ બોલમાં પૂરા કર્યા, જેમાં ૧૪ છગ્ગા અને ૯ ચોગ્ગા એટલે કે ૨૩ બાઉન્ડ્રીનો સમાવેશ થાય છે. તેણે ૫૬ બોલમાં પોતાની સદી પૂરી કરી, જે તેની ટૂંકી કારકિર્દીનો સૌથી વધુ સ્કોર છે. આ ઈનિંગના આધારે, ભારતીય ટીમ જીતી ગઈ અને વૈભવને પ્લેયર ઓફ ધ મેચ તરીકે પસંદ કરવામાં આવ્યો. મેચ પછી, જ્યારે વૈભવ પોતાનો એવોર્ડ લેવા ગયો, ત્યારે તેને એક ચોક્કસ પ્રશ્ન પૂછવામાં આવ્યો. જ્યારે વૈભવ બેટિંગ કરી રહ્યો હતો, ત્યારે યુએઈનો વિકેટકીપર

(અનું.આઠમાં પાને)

### ભારત અને પાકિસ્તાન અંડર-૧૯ એશિયા કપમાં કાલે ટકરાશે

અંડર-૧૯ એશિયા કપ શરૂ થઈ ગયો છે. ભારતની અંડર-૧૯ ટીમ યુએઈ ટીમને હરાવી ધમાકેદાર પ્રારંભ કર્યો છે.ભારતનો આગામી મુકાબલો કાલે પાકિસ્તાન સામે હશે.જે ભલે આ અંડર-૧૯ ટીમો હોય, પણ જ્યારે પણ ભારત અને પાકિસ્તાન સામસામે આવશે,ત્યારે ઉત્સાહ ચરમસીમાએ હોય છે.આ વખતે દુબઈમાં પણ કંઈક આવું જ થઈ શકે છે.યુએઈ અને પાકિસ્તાનનો સામનો કર્યા પછી,ભારતીય ટીમ ૧૬ ડિસેમ્બરે મલેશિયા સામે ટકરાશે.

# મુંબઈ સામેની મેચમાં સિરાઝે ત્રણ વિકેટ ઝડપી પસંદગીકારોને જવાબ આપ્યો

## સૈયદ મુસ્તાક અલી ટ્રોફીમાં સિરાઝે હૈદ્રાબાદ તરફથી રમતા દમદાર બોલીંગ સ્પેલ નાખી મુંબઈને કચડ્યું



**અબતક, મુંબઈ**

સૈયદ મુશ્તાક અલી ટ્રોફી ૨૦૨૫ના સુપર લીગ તબક્કામાં મહારાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન સ્ટેડિયમમાં રોમાંચક મેચ રમાઈ હતી. ડિફેન્ડિંગ ચેમ્પિયન મુંબઈને હૈદરાબાદે ૯ વિકેટથી હરાવીને મોટો ઉલટફેર કર્યો હતો. આ જીતમાં ભારતીય ઝડપી બોલર મોહમ્મદ સિરાજની મુખ્ય ભૂમિકા રહી, જેમણે તેમના ધારદાર બોલિંગથી મુંબઈની બેટિંગ લાઈનઅપને તહસનહસ કરી દીધી.

હાલમાં ભારતીય ટી૨૦ ટીમમાંથી બહાર રહેલા મોહમ્મદ સિરાજ આ પ્રદર્શનથી સિલેક્ટરોને પોતાની યાદ અપાવી હતી. તેમનું છેલ્લી ટી૨૦ ઈન્ટરનેશનલ જુલાઈ ૨૦૨૪માં શ્રીલંકા સામે હતું.શૈયાદ મુસ્તાક અલીમાં તેમને ફરીથી ટી૨૦ ટીમમાં પાછા ફરવાની આશા જગાવી છે. સ્ટાર-સ્ટડેડ મુંબઈ સામે આવી બોલિંગથી તેમણે પોતાની ફિટનેસ અને ફોર્મ સાબિત કરી છે.

આ જીતથી હૈદરાબાદ ગ્રુપ બીમાં ટોચ પર પહોંચી ગયું છે, જ્યારે મુંબઈને મોટો ઝટકો લાગ્યો છે.મોહમ્મદ સિરાજે ૩.૫

(અનું.આઠમાં પાને)

# અંદર હજી આગ છે...મુકાબલો કરવો છેઃ વિનેશ ફોગાટનો યુ-ટર્ન, સંન્યાસ પાછો લીધો



**અબતક, મુંબઈ**

ભૂતપૂર્વ ભારતીય રેસલર વિનેશ ફોગાટે કુસ્તીના મેટ પર ફરીથી વાપસી કરવાનો નિર્ણય કર્યો છે. તે ૨૦૨૮માં લોસ એન્જલસ ઓલિમ્પિકમાં ઉતરવા માગે છે.

તે ૨૦૨૪ પેરિસ ઓલિમ્પિકની ફાઈનલમાં પહોંચી હતી, પરંતુ ૫૦ કિલોગ્રામ કેટેગરીમાં ૧૦૦ ગ્રામ વજન વધારે હોવાને કારણે ફાઈનલમાંથી બહાર થઈ ગઈ હતી. ત્યારબાદ તેણે નિરાશ થઈને ઉતાવળે નિવૃત્તિની જાહેરાત કરી હતી. જોકે, હવે તેણે પોતાનો નિર્ણય પાછો ખેંચી લીધો છે.

વિનેશે પોતાના સોશિયલ મીડિયા પર આની જાણકારી આપી. તેણે લખ્યું, 'લોકો પૂછતા રહ્યા કે શું પેરિસ અંત હતો.વિનેશે કહ્યું કે

(અનું.આઠમાં પાને)

વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશીપ

# ન્યૂઝીલેન્ડે વેસ્ટ ઈન્ડિઝને હરાવતા ટીમ ઈન્ડિયા છઠ્ઠા ક્રમે ધકેલાયું!

## ઓસ્ટ્રેલિયા હજુ પણ ૧૦૦ ટકા પોઈન્ટ સાથે ટોપ પર જયારે સાઉથ આફ્રિકા ૭૫ ટકા પોઈન્ટ સાથે બીજા નંબર પર છેઃ શ્રીલંકા અને પાકિસ્તાન ચોથા અને પાંચમા નંબરે છે

**અબતક, નવી દિલ્હી**

વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપમાં ટીમ ઈન્ડિયાની સ્થિતિ વધુ ખરાબ થઈ ગઈ છે, એટલે સ્પષ્ટ શબ્દોમાં કહીએ તો ટીમ વધુ નીચે ચાલી ગઈ છે. ન્યૂઝીલેન્ડે વેસ્ટઈન્ડીઝને વેલિંગ્ટન ટેસ્ટમાં ૯ વિકેટથી હરાવ્યું અને આ સાથે જ તે ત્રીજા સ્થાન પર પહોંચી ગઈ. આ જીતની સીધી અસર ભારતની રેન્કિંગ પર પડી અને ટીમ ઈન્ડિયા જેના કારણે તે એક સ્થાન નીચે છઠ્ઠા સ્થાને પહોંચી ગયું.પહેલી ૨ ડબ્લ્યુટીસી સિઝનમાં રનર્સ-અપ રહેનાર ભારતીય ટીમ ગત મહિને સાઉથ આફ્રિકાથી ૦-૨ની હાર બાદ પહેલા જ પાંચમાં નંબરે ચાલી ગઈ હતી. પરંતુ હવે ન્યૂઝીલેન્ડની મોટી જીતે પોઈન્ટ ટેબલમાં ફેરફાર કરી દીધો છે.

ઓસ્ટ્રેલિયા હજુ પણ ૧૦૦ ટકા પોઈન્ટ સાથે ટોપ પર છે. સાઉથ આફ્રિકા ૭૫ ટકા પોઈન્ટ સાથે બીજા નંબર પર છે. શ્રીલંકા અને પાકિસ્તાન ચોથા અને પાંચમા નંબરે છે. ન્યૂઝીલેન્ડે અત્યાર સુધીમાં ૬૬.૬૭ ટકા પોઈન્ટ એકઠા કર્યા, જ્યારે ભારતના વિન-લોસ ટકા ૪૮.૧૫ છે.ભારતની સ્થિતિ વધુ ખરાબ થઈ શકે છે. જો ઈંગ્લેન્ડ એશેજમાં ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ વાપસી કરે છે તો ભારત સાતમાં નંબર પણ જઈ શકે છે. ઓસ્ટ્રેલિયા હાલ સીરિઝમાં ૨-૦થી આગળ છે. ભારતની આગામી ટેસ્ટ અસાઈનમેન્ટ આગામી વર્ષ ઓગસ્ટમાં શ્રીલંકા વિરુદ્ધ રમાશે.

ત્યારે ન્યૂઝીલેન્ડની જીતે તેમને ડબ્લ્યુટીસી ફાઈનલમાં બીજી વખત જગ્યા બનાવવાની આશા પણ મજબૂત કરી દીધી છે. ત્રીજા દિવસે જૈકબ ડફીએ ૫ વિકેટ ઝડપીને વેસ્ટઈન્ડીઝની બીજી ઈનિંગમાં માત્ર ૧૨૮ રન પર રોકી દીધું. માત્ર ૫૬ રનના નાના ટાર્ગેટને ન્યૂઝીલેન્ડે ડેવોન કોન્વે (૨૮*) અને કેન વિલિયમસન (૧૬*)ની મદદથી સરળતાથી હાંસલ કરી લીધો.આ જીતથી ન્યૂઝીલેન્ડને ૧૨ મહત્ત્વના ડબ્લ્યુટીસીના પોઈન્ટ મળ્યા અને તેઓ પાકિસ્તાન અને ભારતને પાછળ છોડતા ત્રીજા સ્થાન પર પહોંચી ગયું. બંને ટીમો વચ્ચે ત્રીજી ટેસ્ટ ૧૮ ડિસેમ્બરે માઉન્ટ માઉંગાનુઈમાં શરૂ થશે.

### પોઈન્ટ સિસ્ટમ કેવી રીતે કરે છે કામ?

વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ પોઈન્ટ સિસ્ટમમાં જીત પર ૧૨, ટાઈ પર ૬ અને ડ્રો પર ૪ પોઈન્ટ મળે છે. ટીમોની રેન્કિંગ કુલ પોઈન્ટ્સ નહીં, પરંતુ પોઈન્ટ્સ ટકાવારીના આધારે નક્કી થાય છે. ૨૦૨૭માં થનારી ફાઈનલમાં માત્ર ટોપ ૨ ટીમ પહોંચશે. જો કોઈ ટીમની ઓવર ગતિ ધીમી રહેશે તો તેના પોઈન્ટ ઓછા થઈ શકે છે.

# કોટડા સાંગાણીના સાંઢવાયા ગામે ગૌશાળામાં ૮૦ ગાયોના ટપોટપ મોત

## ફૂડ પોઈઝનિંગની આશંકા,મોતનું કારણ જાણવા પોસ્ટમોર્ટમ કરી સેમ્પલ અમદાવાદ મોકલાયા: ખોરાકના સેમ્પલ લેવામાં આવ્યા

## રાજકોટ, ગોંડલ, કોટડાસાંગાણી સહિતના પશુ ડોકટરો અસરગસ્ત પશુઓની સારવાર કરી રહ્યા: જીવદયા પ્રેમીમાં અરેરાટી

**અબતક કોટડા સાંગાણી**
**સલીમ પતાણી**

કોટડા સાંગાણી તાલુકાના સાંઢવાયા ગામે ગૌશાળામાં એક સાથે ૮૦થી વધુ પશુના મોત થતા ચકચાર મચી છે. જ્યારે ૧૦થી વધુ પશુઓની હાલ સારવાર ચાલી રહી છે. પશુઓના મોત ફૂડ પોઈઝનિંગના કારણે થયા હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે. ઘટનાની જાણ થતાં જ પશુપાલન વિભાગ પણ દોડતું થયું છે.પ્રાપ્ત માહિતી અનુસાર, કોટડાસાંગાણીના સાંઢવાયા ગામે છેલ્લા ૨૭ વર્ષથી રામગર બાપુ ગૌસેવા ટ્રસ્ટ નામની ગૌશાળામા ૪૦૦થી વધુ ગાયની સેવાઓ અને નિભાવ કરવામા આવે છે. વર્ષોથી ગૌસેવા સાથે સંકળાયેલ આ ટ્રસ્ટ માટે તા.૧૨ ડિસેમ્બર શુક્રવારના રોજ એક સાથે ૮૦થી પશુઓના ટપો ટપો મૃત્યુ થયા છે. જ્યારે અન્ય કેટલાક પશુઓમાં ફૂડ પોઈઝનિંગના લક્ષણો હોવાથી તેમની સારવાર કરવામાં આવી રહી છે. પશુઓના મોતથી પશુપાલન વિભાગ દોડતું થયું ઘટનાની જાણ થતા જ પશુપાલન વિભાગ પણ હરકતમાં આવ્યું છે. રાજકોટ, ગોંડલ, કોટડાસાંગાણી સહિતના પશુ ડોક્ટરો સાંઢવાયામાં ગૌશાળાએ પહોંચી અસરગ્રસ્ત પશુઓની સારવાર શરુ કરી છે. જો કે હજુ પણ



મૃત્યુઆંક વધવાની શંકા સેવાઈ રહી છે. હાલ તો ગાયના મોત પાછળનું સાચુ કારણ પોસ્ટમોર્ટમ કરવા સહિતની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. એટલું જ નહીં મહત્વના સેમ્પલ પણ લેવામાં આવ્યા છે. 'ફૂડ પોઈઝનિંગના લક્ષણો જોવા મળ્યા' ઘટના સ્થળે દોડી આવેલા પશુરોગ સંશોધન એકમ રાજકોટના આસિસ્ટન્ટ ડાયરેક્ટર ડો. સંજય ગોંડલિયાએ જણાવ્યું કે, ગૌશાળાએ પહોંચીને . જે પશુઓની તપાસ કરવામાં આવી તેમનામાં ફૂડ પોઈઝનિંગના લક્ષણો જાવા મળ્યા છે. ડોક્ટરોની ટીમ ગૌશાળા ખાતે હાજર છે, જે પશુઓમાં ફૂડ પોઈઝનિંગના લક્ષણો જોવા મળે તેમની સારવાર કરવામાં આવી છે. હાલની સ્થિતિ પ્રમાણે જે પશુના મૃત્યુ થયા છે, તેમના વધુ પરીક્ષણ માટે પશુના સેમ્પલ લઈ ટોક્સિકોલોજિક એનાલિસિસ માટે અમદાવાદ ખાતે મોકલવામાં આવ્યા છે. સાથે જ મૃત્યુનું સ્પષ્ટ કારણ જાણવા કાર્યવાહી કરવામાં આવી છે. ગોંડલ, કોટડાસાંગાણી અને રાજકોટની ટીમ પહોંચી રહી છે. હાલ ૮૦ પશુના મોત થયા છે. ગૌશાળામાં આશરે ૪૦૦ પશુઓ છે. જે પશુઓમાં લક્ષણો જોવા મળશે તેની સારવાર કરવામાં આવી રહી છે. ગૌ રોગના નિષ્ણાંત રમેશ રુપારેલિયાએ જણાવ્યું કે, પ્રાથમિક દ્રષ્ટિએ એવું જણાઈ આવે છે કે, પશુઓના પેટ ફૂલાયેલા છે અને મોઢામાંથી ફીણ નીકળ્યા છે. ત્યારે એવું માનવું છે કે પશુઓ બે વસ્તુ એક સાથે ખાધી છે, તે બે વસ્તુ એક સાથે ન ખાવી જોઈએ. ફૂડ પોઈઝનિંગ થયું હોય એવા પ્રાથમિક અણસાર લાગી રહ્યા છે. બાકી મૃત્યુનું સ્પષ્ટ કારણ તો FSL રિપોર્ટ બાદ ખબર પડશે.વહીવટી તંત્ર દ્વારા અન્ય પશુઓને ચેપ ન લાગે તે માટેના જરૂરી પગલાં લેવામાં આવી રહ્યા છે. સાથે જ પરિસ્થિતિ પર સતત દેખરેખ રાખવામાં આવી રહી છે. દુઃખદ ખટનાને પગલે સાંઢવાયા સમગ્ર ગ્રામજનો દ્વારા ગૌશાળા ખાતે સેવાઓ આપવામાં આવી રહી છે તેમજ ગ્રામજનો દ્વારા બપોરે જમ્યા પણ નથી.એક સાથે ૮૦થી વધુ પશુના મોતથી ગામમાં દુખની લાગણી ફેલાઈ છે.

## ગૌશાળાની દુઃખદ ઘટનાની તપાસના આદેશ આપતા પશુપાલન મંત્રી જીતુભાઈ વાઘાણી

### બાકીની ગાયોને સુરક્ષિત રાખવા ૧૬ ટીમો દ્વારા સારવાર

કોટડા સાંગાણી તાલુકાના સાંઢવાયા ગામે ગઈકાલે ગૌશાળામાં ખોરાક ખાધા બાદ એસી જેટલી ગાયોના મોતના મામલે રાજ્યના પશુપાલન મંત્રી જીતુભાઈ વાઘાણી દ્વારા તપાસના આદેશ આપવામાં આવ્યા છે.કોટડાસાંગાણીના સાંઢવાયાની ગૌશાળાની ઘટનાને પગલે રાજ્ય સરકાર હરકતમાં આવી છે. પશુપાલન મંત્રી જીતુભાઈ વાઘાણીએ સમગ્ર મામલાની ગંભીરતાથી નોંધ લીધી મંત્રી જીતુભાઈ વાઘાણીની સૂચનાથી પશુપાલન વિભાગની એક ઉચ્ચ-સ્તરીય ટીમ ઘટનાસ્થળે જવા રવાના તાત્કાલિક અસરથી સમગ્ર પરિસ્થિતિની દેખરેખ રાખવા અને ત્વરિત પગલાં લેવા મંત્રી જીતુભાઈ વાઘાણીની સૂચનાને પગલે ગાયોને અપાયેલા ઘાસચારા, પાણી અને અન્ય ખોરાકના સેમ્પલ



એકત્ર કરી મૃત્યુના સાચા કારણની પુષ્ટિ કરવા સેમ્પલ રાજકોટ ર્‌જ્જ્કમાં મોકલાયા છે. ગાયોને અપાયેલા દાણથી ફૂડ પોઈઝનિંગ થયું હોવાનું પ્રાથમિક અનુમાન મનાઈ રહ્યું છે.હાલમાં ગૌશાળાની બાકીની ગાયોને સુરક્ષિત રાખવા નિવારાત્મક પગલાં લેવાયા ૧૬ નિષ્ણાત પશુ ચિકિત્સક ટીમો દ્વારા રાઉન્ડ ધ ક્લોક સારવાર અપાઈ રહી છે

# રૈયા ગામે સરકારી જમીનમાં કબ્જો ધરાવનારની અપીલ કાઢી નાંખતી કોર્ટ

## જમીનમાં ગેરકાયદે કબ્જો ભુતકાળ થઈ જશે, એપીપી સમીર ખીરાની દલીલ

**અબતક, રાજકોટ**

રૈયા ગામની સરકારી જમીનના સર્વે નં.૩૧૮ પૈકીની જગ્યા પર ગેરકાયદે રીતે કબ્જો કરેલ કિશોરભાઈ લખમણભાઈ વાણીયા, ગોરધન મકનભાઈ નલીયાપરા, જીવણ લખમણભાઈ વાણીયા, મુકેશ રાજાભાઈ પરમાર, ધીરૂ કરશનભાઈ વાણીયા અને માવજી ગોબરભાઈ ચાવડા સિવિલ કોર્ટમાં દાવો દાખલ કરેલો જે દાવો કાઢી નાંખેલ. જેની સામે સેશન્સ કોર્ટમાં વાદીઓએ અપીલ ફાઈલ કરેલી કે તમામ વાદીઓ છેલ્લા ઘણા વર્ષોથી રૈયા સર્વે નં.૩૧૮ પૈકીની ૫૦૦ વાર જગ્યામાં કબ્જો ધરાવી ઈંટોના ભઠ્ઠાનો ધંધો કરે છે. રાજકોટ કલેકટરે તા.૦૯/૦૪/૨૦૨૩ના રોજ થયેલા ગેરકાયદે કબ્જો ખાલી કરવા હુકમ કરેલો જેની સામે વાદીએ અપીલ કરેલ છે.

સરકારી વકીલ સમીર એમ. ખીરાએ એવી દલીલ કરેલી કે, વાદીઓ ઈંટોના ભઠ્ઠા બનાવી સરકારી જમીન પર ગેરકાયદે વર્ષોથી દબાણ કરેલા છે, કરોડો રૂપિયાની કિંમતી જમીન વાદીઓ દ્વારા ગેરકાયદે દબાણ થયેલા છે. ગુજરાત સરકાર જમીન દબાણ માફીયાઓ માટે ચિંતિત છે, ભુમાફીયાઓ માટે કાયદાઓ ઘડેલ હોય, વાદીઓ દ્વારા કરેલો દાવો જળમુળથી કાઢી નાંખવો જોઈએ.

બન્ને પક્ષોની દલીલો ધ્યાને લઈ છેલ્લા ૩૦ વર્ષોથી વાદીઓ દ્વારા થયેલી સરકારી જમીન પરનો દબાણનો કેસનો દાવો સેશન્સ જજ સિંગએ સરકારી વકીલ સમીર ખીરાની દલીલો ધ્યાને લઈ કાઢી નાંખેલો. આ કામે સરકાર તરફે સરકારી વકીલ સમીર એમ. ખીરા રોકાયેલા હતા.

# અકસ્માતમાં મૃત્યુ પામેલા દંપતીના વારસોને વ્યાજ સહિત ૭૩ લાખનુ વળતર ચુકવવા હુકમ

## આટકોટ નજીક ટકે બાઈકને ઠોકરે લેતા પોલીસમેન અને તેના પત્નીનું મોત નીપજ્યું હતું

### વાહન ચાલકે અકસ્માત બનેલ નથી પરંતુ ઉલટ તપાસમાં અકસ્માત સમયે પોતે હાજર છે તેવું સ્વીકારેલ: એડવોકેટ અજય કે. જોષી



એડવોકેટ અજય જોષી

**અબતક, રાજકોટ**

રાજકોટગ્રામ્ય પોલીસ હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા છગનભાઈ સરીયા અને પત્નિ રંજનબેન સરીયા સહિત બને જી.જે.૦૩.એફ.સી.૧૯૦૫ નંબરના હોન્ડા સ્પ્લેન્ડર પર તા. ૩૦/૦૮/૨૦૧૮ ના રોજ નાની લાખાવડ થી રાજકોટ જતા હતા, ત્યારે આટકોટ નજીક પહોંચયા ત્યારે સામેથી આવતા જી.જે.૦૪. એકસ.૬૫૫૮ નંબરના ટેન્કરે બાઈકને હડફેટે લેતા ગંભીર ઈજા પહોંચી હતી જેમાં દંપતીનું મોત નીપજયુ હતું. આ બનાવ સબંધે આટકોટ પોલીસ સ્ટેશનમાં ટેન્કરના ચાલક વીરૂધ્ધ અકસ્માત ની કલમ હેઠળ ગુન્હો દાખલ કરવામા આવેલ હતો. ગુજરનાર દંપતી છગનભાઈ સરીયા તથા રંજનબેન સરીયાના વારસદારો ધ્વારા રાજકોટ મોટર એકસીડન્ટ કલેઈમ ટ્રીબ્યુનલમાં વળતર મેળવવા અંગે તા. ૨૮/૦૯/ ૨૦૧૮ ના રોજ કલેઈમ કેસ દાખલ કરવામા આવેલ. જે દાવામાં અરજદાર તરફે એડવોકેટ અજય કે. જોષી રોકાયેલ હતા.આ કામમાં અકસ્માત સર્જનાર ચાલકની ૯ માસ બાદ પોલીસ ધ્વારા અટકાયત કરવામાં આવેલ જેમાં વાહન ચાલકે અકસ્માત બનેલ નથી તેવી હકીકતો જણાવેલ પરંતુ એમ.એ.સી.ટી કેસમાં ટ્રીબ્યુનલમાં ઉલટ તપાસમાં વાહન ચાલકે અકસ્માત સમયે પોતે હાજર છે તેવું સ્વીકારેલ અને નજરે જોનાર સાહેદ ધ્વારા વાહનનું જે વર્ણન કરવામાં આવેલ, તે વાહન અકસ્માત સમયે પોતે ચલાવતા હતા, તેવું સ્વીકારેલ હતુ. ગુજરનાર દંપતીની આવક તથા ભવિષ્યની આવકના મુદાઓ પર દલીલ અને પુરાવાઓ રજુ કરવામા આવેલ અને પરંતુ અરજદારના એડવોકેટ અજય કે. જોષી ની દલીલો અને વીવીધ હાઈકોર્ટ તથા સુપ્રીમકોર્ટના ચુકાદાઓ રજુ રાખેલ તે ધ્યાને લઈને અકસ્માત નં. જી.જે.૦૪.એકસ.૬૫૫૮ નંબરના ટેન્કરના ચાલકની બેદરકારી ઠરાવી અને ગુજરનાર છગનભાઈ સરીયાના વારસદારોને વ્યાજ સહિત રકમ રૂા. ૫૮ લાખ અને રંજનબેન સરીયાના વારસદારોને વ્યાજ સહીત રૂા. ૧૫ લાખ ચુકવવા ટ્રીબ્યુનલ ધ્વારા હુકમ કરેલ છે. ઉપરોકત હુકમમાં બેદરકારી ટેન્કરના ચાલકની ગણીનેધ ન્યુ ઈન્ડીયા ઈન્સ્યો. કંપની સામે ઉપરોકત કેઈસ ના વળતર રૂપે કુલ રૂા. ૭૩ લાખ ચુકવવાહુકમ કરવામા આવેલ છે.આ કામમાં ગુજરનારના વારસદારો વતી એડવોકેટ અજય કે. જોષી, પ્રદિપ આર. પરમાર,વિશાલ એન. દક્ષીણી, અક્ષય સાંકળીયા, દુર્ગેશ જોષી, તથા મદદનીશ તરીકે રીધ્ધીબેન શ્રીમાળી રોકાયેલ હતા.

# તમારી એક દીકરીને તો અમે લઈ ગયા, શું બગાડી લીધું કહી પરિણીતાને પાડોશીએ ગાળો ભાંડી

## જિયાણા ગામનો બનાવ : ગાળાગાળી કરી જ્ઞાતિ પ્રત્યે અપમાનિત કરનાર અશોક ગોહેલ વિરૂદ્ધ એરપોર્ટ પોલીસ મથકમાં ગુનો

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરની ભાગોળે આવેલ જીયાણા ગામે રહેતી પરિણીતાને પાડોશમાં રહેતા શખસે જ્ઞાતિ અંગે અપમાનજનક શબ્દ કહી ગાળો આપી હતી જે અંગે પરિણીતાની ફરિયાદ પરથી એરપોર્ટ પોલીસે એટ્રોસિટી એકટ હેઠળ ગુનો નોંધ્યો છે. પાડોશી શખસનો પુત્રએ પરિણીતાની નણંદ સાથે પ્રેમલગ્ન કર્યા હોય તે બાબતે અગાઉ માથાકૂટ થઈ હતી.જેનો ખાર રાખી ગાળો આપી હતી.


બનાવની જાણવા મળતી વિગતો મુજબ, રાજકોટ તાલુકાના જીયાણા ગામે રહેતા કિરણબેન કિર્તીભાઈ રાઠોડ (ઉ.વ. ૨૯) દ્વારા એરપોર્ટ પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવેલી ફરિયાદમાં આરોપી તરીકે અશોક ગોહેલ (રહે. જીયાણા)નું નામ આપ્યું છે.

પરિણીતાએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેમના મોટા નણંદ સવિતાએ ગત તા. ૧૮/૧૧/ ૨૦૨૫ ના જીયાણામાં તેમના મકાનની સામે રહેતા જયેશ ગોહેલ સાથે પરિવારના સભ્યોની મરજી વિરુદ્ધ પ્રેમલગ્ન કર્યા હતા જે બાબતે જયેશના પિતા અશોકભાઈ સાથે અગાઉ માથાકૂટ થઈ હતી.

દરમિયાન ગઈ તા. ૨૯/૧૧ ના સવારના ૧૦:૩૦ વાગ્યા આસપાસ પરિણીતા ઘરના દરવાજા પાસે ઊભા હતા ત્યારે અશોકમાઈએ તેના ઘર પાસેથી જ્ઞાતિ અંગે અપમાનજનક શબ્દ બોલી કહ્યું હતું કે, તમારી એક દીકરી તો અમે લઈ ગયા તમે અમારું શું બગાડી લીધું, તમારે મારા વિરુદ્ધ ફરિયાદ કરવી હોય ત્યાં કરી આવજો. જેથી પરિણીતાએ તેમને વધુ બોલવાની ના પાડતા તે ઉશ્કેરાઈ ગયા હતા અને ગાળો બોલવા લાગ્યા હતા. બાદમાં આ બાબતે પરિણીતાના ઘરના સભ્યોને જાણ કરી હતી. જે તે સમયે ફરિયાદીના કૌટુંબિક મોટા બાપુ તથા કૌટુંબિક ભાઈનો અવસાન થયું હોય તેમની અંતિમ ક્રિયા અને સામાજિક રીત રિવાજના કાર્યમાં રોકાયેલા હોવાથી ફરિયાદ નોંધાવી ન હતી. બાદમાં આ અંગે પરિણીતાએ પાડોશી વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી વિરુદ્ધ એટ્રોસિટી એક હેઠળ ગુનો નોંધી જરૂરી કાર્યવાહી કરી હતી.

# મીરા ઉદ્યોગનગરના મકાનમાં ધોળા દિવસે દોઢ લાખની મતાની ચોરી

## શાકભાજીની ફેરી કરતો પરિવાર કામ અર્થે બહાર ગયો હોય બંધ મકાનમાં તસ્કરો ત્રાટક્યાં : સોના-ચાંદીના દાગીના, રોકડ ઉઠાવી ગયા



**અબતક, રાજકોટ**

મીરા ઉદ્યોગનગરમાં રહેતા અને શાકભાજીની લારી કાઢી પરિવારનું ગુજરાત ચલાવનાર પરિવારના બંધ મકાનને ધોળા દિવસે તસ્કરોએ નીશાન બનાવી અહીંથી રૂપિયા દોઢ લાખની મત્તા ચોરી કરી ગયા હતા. યુવાન તથા તેના ભાઈ શાકભાજીની ફેરી કરવા ગયા હતા તેમજ તેના માતા-પિતા હોસ્પિટલમાં હોય દરમિયાન ચોરીનો આ બનાવ બન્યો હતો. જે અંગે યુવાને થોરાળા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તકરોના સગડ મેળવવા તપાસ હાથ ધરી છે.

ચોરીના આ બનાવની જાણવા મળતી વિગતો મુજબ, મીરા ઉદ્યોગનગર શેરી નંબર પાંચ મેલડી માતાના મંદિર પાસે નદી કાંઠે રહેતા લલિત હરેશભાઈ મકવાણા (ઉ.વ. ૨૬) દ્વારા થોરાળા પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગઈ તારીખ ૨૦/ ૮ ના બુધવારના તે તેની પત્ની પૂજા તેનો ભાઈ વિશાલ, પરેશ શાકભાજીના વેપાર માટે હુડકો શાક માર્કેટ ખાતે સવારના ૯ :૦૦ વાગ્યા આસપાસ ગયા હતા. યુવાનની માતા ગીતાબેનને પાંચ મહિના પૂર્વે દશામાના વ્રત સમયે જમણી આંખમાં ફંગલ થઈ હોય જેથી તેઓ હોસ્પિટલમાં હતા અને તેના પિતા હરેશભાઈ અહીં તેમની દેખરેખમાં હતા. ઘરને તાળા મારી યુવાન તથા તેના ભાઈઓ શાકભાજીની ફેરી કરવા માટે ગયા હતા.

રાત્રિના નવ વાગ્યા આસપાસ ઘરે પરત આવતા ડેલીનું તાળું ખોલી ડેલી ખોલવા જતા ડેલી ખુલી ન હતી. બાદમાં યુવાનના ભાઈ પરેશે ડેલી ટપી અંદર જતા ડેલી અંદરથી બંધ હોવાનું માલુમ પડ્યું હતું. બાદમાં જોતા અંદરના રૂમમાં દરવાજા ખુલ્લા હતા સામાન પણ વેરવિખેર પડ્યો હતો. જેથી ચોરી થયાની શંકા ગઈ હતી.

ઘરમાં તપાસ કરતા ઘરમાંથી સોના-ચાંદીના દાગીના તથા રોકડ રકમ સહિત રૂ. ૧.૫૦ લાખની મત્તા તસ્કરો ચોરી કરી ગયાની જાણ થઈ હતી. જેથી આ મામલે કોઈ અજાણ્યા શખસો દરવાજાના તાળા તોડી નકુચા તોડી દોઢ લાખની મત્તા ચોરી કરી ગયા અંગે થોરાળા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી પીઆઈ એન.જી. વાઘેલાની રાહબરીમાં પી.એસ.આઈ. એમ.એસ. મહેશ્વરીએ તપાસ હાથ ધરી છે.

# માતા સાથે કેટરર્સમાં કામે ગયેલી કિશોરી ભેદી રીતે ગુમ

## સગીરાના ભાઈની ફરિયાદ પરથી પ્ર.નગર પોલીસે અપહરણનો ગુનો નોંધ્યો

**અબતક, રાજકોટ**

ખોખળદડ પાસે રહેતા યુવકે તેની સગીરવયની બહેન લાપતા થયા અંગે પ્ર.નગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. સગીરા માતા સાથે કેટરર્સનું કામ કરવા ગઈ હતી ત્યાં માતાને જાણ કર્યા વગર સગીરા જતી રહી હોવાથી માતાએ તેના દીકરાને ફોન મારફત જાણ કરી સગા સંબંધીના ઘરે તપાસ કરતા ત્યાં પણ સગીરાની કોઈ ભાળ ન મળતા અંતે ફરિયાદ નોંધાવતા પોલીસે અપહરણનો ગુનો નોંધી સગીરાના ભાળ મેળવવા તપાસ હાથ ધરી છે.

ખોખળદડ પુલ પાસે રહેતા યુવકે પ્ર.નગર પોલીસ સ્ટેશનમાં તેની ૧૬ વર્ષની બહેન ગુમ થયાની ફરિયાદ નોંધાવી જણાવ્યું હતું કે, તેની માતા અને પિતાના છુટાછેડા થઈ ગયા છે. યુવક અને તેની બહેન તેની માતા સાથે રહે છે. ૧૬ વર્ષની બહેન માતા સાથે ઝુલેલાલનગરમાં આયોજિત લગ્ન પ્રસંગમાં કેટરર્સનું કામ કરવા સાથે ગઈ હતી. ત્યાં સગીરા માતાને ક્યાંય જોવા ન મળતા માતાએ આસપાસ તપાસ કરવા છતાં સગીરા ન મળતા બપોરે ૧ વાગ્યા આસપાસ તેના દીકરાને ફોન કરી જણાવતા ત્યાં દીકરો પહોંચી ગયો હતો બાદમાં માતા અને યુવકે સગા સંબંધીના ઘરે તપાસ કરતા ત્યાંથી પણ કોઈ સમાચાર ન મળતા પ્ર.નગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

# ગ્લોબલ કેમિકલ કંપનીનો લોગો કોપી કરી વાવડીમાં કારખાનું ધમધમ્યુ: કોપીરાઈટનો ગુનો

## તાલુકા પોલીસ મથકમાં અમીન માર્ગ પર રહેતાં કારખાનાના માલિક અલ્પાબેન ચાંગેલા વિરુદ્ધ ગુનો દાખલ : રૂ.૨.૮૧ લાખનો મુદામાલ જપ્ત

**અબતક, રાજકોટ**

ગ્લોબલ કેમીકલ એન્ડ મીનરલ્સ કંપનીના લોગાની કોપીરાઈટ કરી વાવડીમાં કારખાનું ધમધમવા લાગતાં વડોદરા સ્થિત કંપનીના અધિકારીએ પોલીસને સાથે રાખી દરોડો પાડ્યો હતો. અમીન માર્ગ પર રહેતાં કારખાનાના માલિક અલ્પાબેન ચાંગેલા વિરુદ્ધ ગુનો દાખલ કરી રૂ.૨.૮૧ લાખનો મુદામાલ જપ્ત કરાયો હતો.

બનાવ અંગે અમદાવાદમાં મધુકુંજ સોસાયટી, જુના રેલ્વે ક્રોસીંગ પાસે, મણીનગરમાં રહેતાં વિશાલસિંહ હિરાસિંહ જાડેજા (ઉ.વ.૪૬) એ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે અલ્પાબેન પ્રકાશ ચાંગેલા (રહે. ગુજરાત હાઉસિંગ બોર્ડ શેરી નં.૬, અમીન માર્ગ) નું નામ આપતાં તાલુકા પોલીસે કોપીરાઈટ એકટ હેઠળ ગુનો નોંધી તપાસ આદરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓ ગ્લોબલ કેમીકલ એન્ડ મીનરલ્સ ઈન્ડસ્ટ્રીઝ કંપનીના ઓથોરાઈઝ પર્સન તરીકે કામગીરી કરે છે. જેમાં ગ્લોબલ કેમીકલ એન્ડ મીનરલ્સ ઈન્ડસ્ટ્રીઝના રાઈટસના હક્કોના રક્ષણ માટે ફરિયાદ કરવા માટેનું કામ હોય છે, તેઓની ઓફીસ વડોદરા મુકામે આવેલ છે.

તેઓની પાસે કંપની તરફથી મળેલ અધિકારના આધારે ગ્લોબલ કેમીકલ એન્ડ મીનરલ્સ ઈન્ડસ્ટ્રીઝ કંપનીના કોપીરાઈટ હક્કોના ભંગ કરતા શખ્સો વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવાના કંપની તરફથી આપવામાં આવેલ ઓથોરીટી દરમિયાન બાતમી મળેલ છે કે, વાવડી સર્વે નં.૧૪૯ પ્લોટ નંબર-૧૧ કીમીસા સ્ટીલની સામે વાવડી ઈન્ડસ્ટ્રીઝ એરીયા ખાતે આવેલ તીરૂપતિ બિલ્ડ કેમ દ્વારા રજીસ્ટર્ડ કરાવેલ કોપીરાઈટ (ગ્લોબલ કેમીકલ એન્ડ મીનરલ્સ) નો બિનઅધિકૃત રીતે નામ છાપેલા કલાકૃતીવાળા પ્લાસ્ટીકના બેગમાં ગ્લો બટેલ ટેકચર પેઈન્ટ્સ નામ વાળા પ્લાસ્ટીકના રેપરમાં ઉપરોકત ફેકટરી ખાતે બનાવવામાં આવતા ટેક્ષચર (પાવડર) નું વેચાણ કરી ગ્લોબલ કેમીકલ એન્ડ મીનરલ્સ કંપનીના કોપીરાઈટ હક્કોના ભંગ કરી ગેરકાયદેસર રીતે વેપાર ધંધો કરે છે.

જે બાતમીના આધારે તાલુકા પોલીસ સ્ટાફના હેડ કોન્સ્ટેબલ અજયભાઈ ભુંડીયા, મયુરસિંહ જાડેજા સહિતનો સ્ટાફ વાવડી સર્વે નંબર -૧૪૯ પ્લોટ નંબર-૧૧ કીમીસા સ્ટીલની સામે વાવડી ઈન્ડસ્ટ્રીઝ એરીયામાં આવેલ તીરૂપતિ બિલ્ડ કેમ નામના કારખાનામાં દરોડો પાડી તીરૂપતિ બિલ્ડકેમમાં એક ગ્લોબલ કેમીકલ એન્ડ મીનરલ્સ કંપનીના આર્ટીકલ વર્ક જેવું આબેહુબ જેવા પૈકીંગ કરેલ પ્લાસ્ટીકની બેગ વજન ૨૫ કિ.ગ્રા. વાળી ભરેલ પડેલ જોવામાં આવે હતી.

આ કારખાનામાં અંદર બાજુએ આવેલ ઓફીસમાંથી એક વ્યક્તિ મળી આવેલ જેનું નામ પૂછતા પોતાનું નામ પ્રકાશ ઈશ્વર ચાંગેલા (ઉ.વ.૫૩) હોવાનુ જણાવેલ અને કારખાનાના માલીક વિશે પૂછતાં પોતાના પત્નિ અલ્પાબેન ચાંગેલા માલીક હોવાનું જણાવેલ હતું. કંપનીના કોપીરાઈટ રજીસ્ટ્રેશન અંગે પુછતા હાલ નહિ હોવાનુ જણાવેલ તેમજ ત્યાં પડેલ પ્લાસ્ટીકના બાચકા ઉપર જોતા ગ્લોબલ ટેકચર પેઈન્ટ્સ એકસટીરિયર એન્ડ ઈન્ટિરિયર કંપનીના પેકીંગ બેગને મળતુ હતું.

જેથી આર્ટીસ્ટીક વર્કને લગત આબેહુબ કલાકૃતી કરી પોતાના ગ્લોબટેક્ષ ઈન્ટિરિયરના નામે પ્લાસ્ટીકની કોથળીઓ ઉપર છાપેલ મળી આવેલ હોય જે બાબતે કોપીરાઈટના હકકો મેળવેલ છે કે કેમ ? તે બાબતે પૂછપરછ કરતાં પોતાની પાસે નહી હોવાનું જણાવે છે. જેથી કારખાનામાં કલાકૃતી જેવા પ્લાસ્ટીકની બેગો તેમજ ટેક્ષચર ભરેલ પ્લાસ્ટીકના ૨૫ કી.ગ્રામ ના કુલ નં.૧૩૯ કુલ રૂ.૨,૧૨,૬૭૦ અને ખાલી બેગ નં. ૭૬૦૦ રૂ.૬૮,૪૦૦ મળી તમામ રૂ.૨.૮૧ લાખનો મુદામાલ કબ્જે કરી ફેકટરીના માલીક અલ્પાબેન ચાંગેલા વિરુદ્ધ તાલુકા પોલીસે ગુનો નોંધ્યો હતો.

# સુરતમાં બન્યું રાજયનું પ્રથમ એલિવેટેડ માર્કેટીંગ યાર્ડ

## ૨૦૦ કરોડ ખર્ચ બનેલા માર્કેટીંગ યાર્ડનું મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે લોકાર્પણ: ટ્રક પહેલા માળે શાકભાજીનો માલ ઠાલવી બારોબાર નીકળી શકે તેવી વ્યવસ્થા

**અબતક, રાજકોટ**

અત્યાર સુધી હિરા અને ટેકસટાઈલની નગરી તરીકે ઓળખ ધરાવતા સુરતની ઓળખમાં હવે વધુ એક સિધ્ધિનો ઉમેરો થયો છે. રાજયમાં સૌ પ્રથમ સુરતમાં ૨૦૦ કરોડના ખર્ચે બનેલા એલીવેટેડ માર્કેટીંગ યાર્ડનું આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા લોકાર્પણ કરવામાં આવ્યું છે. પ્રથમ માળ સુધી ટ્રક જઈ શકશે જયાં માલ ઠાલવીને બારોબાર નીકળી જાય તેવી વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે.



સુરતમાં રાજ્યનું સૌથી પહેલું એલિવેટેડ માર્કેટ યાર્ડ ૨૦૦ કરોડના ખર્ચે બનાવાયું છે જયાં ટ્રકો પહેલા માળે શાકભાજી ઠાલવી બારોબાર નીકળી જશે

રાજ્યમાં બે વર્ષથી આવકની દ્રષ્ટિએ પ્રથમ અને ૩૭૦૦ કરોડનું ટન ઓવર ધરાવતી સુરત એપીએમસીએ ૨૦૦ કરોડના ખર્ચે બનાવેલા રાજ્યના પ્રથમ એલિવેટેડ માર્કેટ યાર્ડનું મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, કેન્દ્રીય મંત્રી સીઆર.પાટીલ અને ઉપમુખ્ય મંત્રી હર્ષ સંઘવીના હસ્તે ઉદ્દઘાટન કર્યું હતુ.

અહીં ટ્રકો પહેલા માળે શાકભાજીનો માલ ઠાલવી બારોબાર નીકળી જશે. એપીએમસીના ચેરમેન સંદીપ દેસાઈએ કહ્યું કે, માર્કેટ યાર્ડ નાનું પડી રહ્યું હોવાથી એલિવેટેડ યાર્ડ બનાવાયું છે. અહીં રોજના ૧૫ હજાર લોકોની અવરજવર રહે છે.

મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, આંધ્રપ્રદેશ, રાજસ્થાન, યૂપી, પંજાબમાંથી પણ શાકભાજી વેચાણ માટે આવે છે તેમજ દિલ્હી, જયપુર, મુંબઈ, અમદાવાદમાં શાકભાજી વેચાણ માટે જાય છે.

સુરતમાં ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિએ રાજ્યની સૌથી મોટી અને અત્યાધુનિક 'એલિવેટેડ માર્કેટ' તૈયાર કરીને

(અનુ. આઠમા પાને)

### બગડેલા શાકભાજી અને કચરામાંથી સીએનજી ગેસ બને છે

પર્યાવરણ જાળવણીમાં પણ આ માર્કેટ પાછળ નથી. શાકભાજી માર્કેટમાં પુષ્કળ પ્રમાણમાં કચરો નીકળવો સ્વાભાવિક છે પરંતુ, અહીં વેસ્ટેજ શાકભાજીનો નિકાલ કરવા માટે બાયોગેસ પ્લાન્ટ સ્થાપવામાં આવ્યો છે. બગડી ગયેલા શાકભાજી અને કચરાને આ પ્લાન્ટમાં નાખીને તેમાંથી સીએનજી ગેસ બનાવવામાં આવે છે, જે ગ્રીન એનર્જી તરફનું એક મજબૂત પગલું છે. એલિવેટેડ માર્કેટ દેશભરમાં એક મોડલ સમાન બની રહી છે.

# વિરમગામમાં રોંગ સાઈડમાં બેફામ દોડતા ટ્રકે બાઈકને ફંગોળતા બે યુવકના મોત

## લખતરના ભાસ્કરપરા ગામના બે યુવાનને વિઠ્ઠલાપરાથી રામછાપરી પાસે મોડી રાત્રે અકસ્માત નડ્યો

**અબતક, રાજકોટ**

વિરમગામ-સુરેન્દ્રનગર હાઈવે પર શુક્રવારે મોડી રાત્રે ગંભીર માર્ગ અકસ્માતમાં બે યુવાનોના કમકમાટીભર્યા મોત નિપજ્યા છે. રામછાપરી અને વિઠલાપરા ગામ વચ્ચે પૂરપાટ ઝડપે અને રોંગ સાઈડમાં આવતી આઈસર ટ્રકે બાઈકને અડફેટે લેતા આ દુર્ઘટના સર્જાઈ હતી. અકસ્માત બાદ ટ્રક ચાલક વાહન મૂકીને ફરાર થઈ ગયો હતો.

મળતી માહિતી મુજબ, સુરેન્દ્રનગર જિલ્લાના લખતર તાલુકાના ભાસ્કરપરા ગામના ૧૭ વર્ષીય મહેશ (માયાભાઈ) લોરીયા અને ૩૦ વર્ષીય કિશનભાઈ રેથલીયા છે. બંને મૃતકો કોળી પટેલ સમાજના હતા. બે યુવાનોના અકાળે અવસાનથી સમગ્ર પંથકમાં શોકની લાગણી પ્રસરી ગઈ છે.બે યુવાનો બાઈક પર સવાર થઈને વિઠલાપરાથી રામછાપરી તરફ જઈ રહ્યા હતા. આ દરમિયાન મોડી રાત્રે હાઈવે પર રોંગ સાઈડમાંથી પૂરપાટ ઝડપે ધસી આવેલી એક આઈસર ટ્રકના ચાલકે બાઈકને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માત એટલો ગંભીર હતો કે ટ્રકના તોતિંગ ટાયર બાઈક સવાર યુવાનો પર ફરી વળ્યા હતા. જેના પરિણામે બંને યુવાનોને કોઈ પણ પ્રકારની તબીબી સારવાર મળે તે પહેલા જ ઘટનાસ્થળે તેમના મોત નિપજ્યા હતા. ઘટનાની જાણ થતાં જ લોકોના ટોળેટોળા ઘટનાસ્થળે ઉમટી પડ્યા હતા. અકસ્માત સર્જનાર ટ્રક ચાલક અકસ્માત બાદ ટ્રક ઘટનાસ્થળે જ રેઢી મૂકીને ફરાર થઈ ગયો હતો. આ અંગેની જાણ વિરમગામ રૂરલ પોલીસને કરવામાં આવતા પોલીસ કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે બંને યુવાનોના મૃતદેહોને કબ્જે લઈ પોસ્ટમોર્ટમ માટે સરકારી હોસ્પિટલ ખસેડ્યા હતા. પોસ્ટ મોર્ટમ બાદ મૃતદેહો પરિજનોને સોંપવામાં આવશે. હાલમાં વિરમગામ રૂરલ પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી ફરાર ટ્રક ચાલકને ઝડપી પાડવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# દાદાના પ્રેમથી પૌત્રને વંચિત રાખી શકાય નહીં: મળવાનો અધિકાર આપતી કોર્ટ

## અમદાવાદનો બનાવ: કોરોના મહામારીમાં પતિના મોત બાદ વિધવા બાળક સાથે માવતરે રહેવા જતી રહી'તી

**અબતક, રાજકોટ**

મે, ૨૦૨૧ માં કોવિડ-૧૯ મહામારીની બીજી લહેર દરમિયાન પુત્રના મૃત્યુ પછી અમદાવાદની સિવિલ કોર્ટે શુક્રવારે એક વૃધ્ધ દંપતીને તેમના સાત વર્ષના પૌત્ર સાથે મુલાકાતનો અધિકાર આપ્યો હતો. વૃધ્ધ દંપતીએ ૨૦૨૩માં વાલી અધિનિયમની જોગવાઈઓ હેઠળ અરજી દાખલ કરી હતી. જેમાં બીજા લગ્ન કર્યા પછી તેની માતા પાસેથી તેમના પૌત્રની કસ્ટડી માંગવામાં આવી હતી.

કોવિડને કારણે બાળકના પિતાના મૃત્યુ પછી તેની વિધવા માતા તેના પિયારે રહેવા જતી રહી હતી. ત્યારથી બાળક તેની કસ્ટડીમાં છે. બાદમાં માતાએ દાદા-દાદીની અરજીનો વિરોધ કર્યો હતો અને તેના કુદરતી વાલી તરીકે તેના બાળકની કસ્ટડી પરના તેના અધિકારનો દાવો કર્યો હતો. બંને પક્ષોને સાંભળ્યા પછી ન્યાયાધીશ પવનકુમાર એન નવીને ચુકાદો આપ્યો હતો કે, સગીરનું કલ્યાણ તેની માતાની કસ્ટડીમાં રહેવાથી શ્રેષ્ઠ રીતે થશે. જોકે, અરજીને આંશિક રીતે મંજૂરી આપતાં, ન્યાયાધીશે જણાવ્યું હતું કે, દાદા-પૌત્ર તરીકેના સંબંધનો દોર તોડી શકાય નહીં અને તેથી હાલના અરજદારો સાથે મુલાકાતનો અધિકાર હોવો જરૂરી છે. જેથી સંબંધની સુમેળ જાળવી શકાય. જો હાલના અરજદારોને મુલાકાતનો અધિકાર આપવામાં આવે તો તે કોઈપણ પક્ષ માટે નુકસાનકારક રહેશે નહીં તેવું કોર્ટે નોંધ્યું હતું. કોર્ટે એવું પણ નોંધ્યું હતું કે, જ્યારે સગીર બાળકને હાલના અરજદારોના બધા વારસાના અધિકારો હોય છે, ત્યારે સગીરના કલ્યાણમાં રહેશે કે તેના દાદા-દાદી તેની મુલાકાત લે જેથી બંને પક્ષો વચ્ચેનો સંબંધ અકબંધ રહે.

કોર્ટે દાદા-દાદીને સગીર પુખ્ત વયના થાય ત્યાં સુધી મહિનામાં બે વાર તેની માતાની સંમતિથી પરસ્પર સંમતિ મુજબ સગીરની મુલાકાત લેવાની પરવાનગી આપી છે.

### દાદા-દાદીથી મળવા પણ દેતી ન હતી: સમગ્ર મામલો કોર્ટ સુધી પહોંચતા પૌત્રને મળવાની મંજૂરી અપાઈ

શિયાળો જાણે રમતે ચડયો

# ઠંડીમાં આંશિક ઘટાડો: નલિયાનું તાપમાન સિંગલ ડિજિટમાં

## નલિયા ૯.૮ ડિગ્રી સાથે રાજયનું સૌથી વધુ શહેર: ગીરનાર પર્વત પર પારો ૭ ડિગ્રી

**અબતક, રાજકોટ**

શિયાળો જાણે રમતે ચડયો હોય તેવું લાગી રહ્યું છે. ઠંડીમાં સતત વધારો ઘટાડો નોંધાય રહ્યો છે. આજે રાજયભરમાં લઘુતમ તાપમાનનો પારો ઉંચકાયો હતો જો કે નલીયાનું તાપમાન આજે પણ સિંગલ ડિજિટમાં રહેવા પામ્યું હતું. ગીરનાર પર્વત પર તાપમાન ૭ ડિગ્રી આસપાસ રહેવા પામ્યું હતું.

હવામાન વિભાગના સુત્રોના જણાવ્યાનુસાર આજે અમદાવાદનું લઘુતમ તાપમાન ૧૪ ડિગ્રી, અમરેલીનું લઘુતમ તાપમાન ૧૨.૨ ડિગ્રી, બરોડાનું ૧૨.૨ ડિગ્રી, ભાવનગરનું લઘુતમ ૧૪.૮ ડિગ્રી, ભુજનું લઘુતમ તાપમાન ૧૪.૪ ડિગ્રી, દમણનું લઘુતમ તાપમાન ૧૫ ડિગ્રી, ડિસાનું લઘુતમ તાપમાન ૧૩.૩ ડિગ્રી, દિવનું લઘુતમ તાપમાન ૧૩.૩ ડિગ્રી, દ્વારકાનું લઘુતમ તાપમાન ૧૭.૬ ડિગ્રી, કંડલાનું લઘુતમ તાપમાન ૧૫.૩ ડિગ્રી, નલીયાનું લઘુતમ તાપમાન ૯.૮ ડિગ્રી નોંધાયું હતું. નલીયામાં આજે એક જ દિવસમાં લઘુતમ તાપમાનમાં એક ડિગ્રીનો વધારો નોંધાયો હતો.

ઓખાનું તાપમાન ૨૧.૬ ડિગ્રી, પોરબંદરનું તાપમાન ૧૩.૪ ડિગ્રી, રાજકોટનું તાપમાન ૧૨.૮ ડિગ્રી, સુરતનું તાપમાન ૧૩.૮ ડિગ્રી અને વેરાવળનું ૧૭.૩ ડિગ્રી, નોંધાયું હતું. જુનાગઢના લઘુતમ તાપમાનમાં પણ વધારો નોંધાયો છે. આજે જુનાગઢનું તાપમાન ૧૨ ડિગ્રી નોંધાયું હતું. વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૮૩ ટકા અને પવનની સરેરાશ ઝડપ ૨.૨ કી.મી. રહેવા પામી હતી. ગીરનાર પર્વત પર લઘુતમ તાપમાન ૭ ડિગ્રી રહ્યું હતું. શિયાળો આ વર્ષ જાણે રમતે ચડયો હોય તેવું લાગી રહ્યું છે. તાપમાનનો પારો સતત ઉતાર ચડાવ કરી રહ્યો છે. દિવાળીનો તહેવાર વિવ્યાના બે મહિના પછી પણ ઠંડી હજી જમાવટ કરતી નથી. હજી એકાદ સપ્તાહ સુધી કડકડતી ઠંડીના અણસાર દેખાતા નથી. સવારે અને રાત્રિના સમયે ઠંડીનો અનુભવ થાય છે જયારે બપોરે ઉનાળા જેવી ગરમી પડે છે.

# રાજકોટમાં યોજાનારી વી.જી.આર.સી.ના પ્રમોશન માટે દિલ્હીમાં સંવાદ: ઉદ્યોગપતિઓને આમંત્રણ

## ફિશરીઝ, પોર્ટ, ધોલેરા એસ.આઈ.આર., ટૂરિઝમ જેવા ક્ષેત્રોમાં સહયોગ માટેની તકો પર અર્થપૂર્ણ સંવાદનું પ્લેટફોર્મ

**અબતક, રાજકોટ**

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણા અને માર્ગદર્શનમાં ૨૦૦૩થી શરૂ થયેલી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટથી ગુજરાત ગ્લોબલ ઈન્ડસ્ટ્રીયલ મેપ પર અગ્રેસર બન્યું છે. એટલું જ નહીં, વિશ્વભરના ઉદ્યોગ-રોકાણકારો માટે ગેટ-વે ટુ ધી ફ્યુચરની વિશેષ ઓળખ ગુજરાતે ઊભી કરી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાનના દિશા દર્શનમાં મળેલી આ સફળતાને પગલે રાજ્યના વિવિધ પ્રદેશોની આગવી વિશેષતાઓ, ક્ષમતાઓ અને આર્થિક વિકાસ સંભાવનાઓને ઉજાગર કરવા વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સના આયોજનનો નવતર અભિગમ અપનાવ્યો છે.

રિજનલ બેલેન્સ્ડ ડેવલપમેન્ટ અને ઈન્કલુઝિવ ગ્રોથ માટેની દિશા દર્શક આ વી.જી.આર.સી.ની ચાર એડિશન રાજ્યમાં યોજવાના આયોજન રૂપે આગામી ૧૦ થી ૧૨ જાન્યુઆરી ૨૦૨૬ દરમિયાન સૌરાષ્ટ્ર-કચ્છ પ્રદેશની વી.જી.આર.સી. રાજકોટમાં યોજાવાની છે.

આ વી.જી.આર.સી.માં દેશ-વિદેશના રોકાણકારોને આકર્ષિત કરવા માટે તેમની સમક્ષ વી.જી.આર.સી.ની વિશેષતાઓની પ્રસ્તુતિ અને વિકાસ સંભાવના ધરાવતા સેક્ટર્સ અંગે ચર્ચા મંથન માટે રાજ્ય સરકાર દ્વારા નવી દિલ્હીમાં ચર્ચા સંવાદ સત્રનું શુક્રવાર આયોજન કરવામાં આવ્યું હતું

''પ્રાદેશિક આકાંક્ષાઓ, વૈશ્વિક મહત્વાકાંક્ષાઓ'' સાથે અનુરૂપ અને ઈન્કલુઝિવ, ઈનોવેટિવ અને સસ્ટેનેબલ ઈકોનોમીઝ માટે ગુજરાતની વિશેષતાઓ આ સંવાદ સત્રમાં પ્રસ્તુત કરવામાં આવી હતી.

ખાસ કરીને ફિશરીઝ, પોર્ટ્સ, ધોલેરા એસ.અઈ.આર.

(અનુ. આઠમા પાને)

# મતદાર યાદીમાં નામ ન હોય તો ફોર્મ નં.૬ અને ૮ ભરી મતાધિકાર મેળવી શકાશે

## ફોર્મ નં.૬ ભરી મતદાર યાદીમાં નામ સામેલ કરી શકાશે જયારે ફોર્મ નં.૮ ભરી મતદારો વિગતોમાં સુધારો કરી શકશે

**અબતક, રાજકોટ**

જે વ્યકિતના નામ એસઆઈઆરની કામગીરી દરમિયાન કોઈ કારણોસર નીકળી ગયા છે. તેવા મતદારોએ ચિંતા કરવાની આવશ્યકતા નથી. હાલ ચૂંટણી પંચ દ્વારા વેબસાઈટ પર ગેરહાજર, સ્થળાંતરીત કે મૃતક મતદારોના નામો મૂકવામાં આવ્યા છે. હવે મતદારો ફોર્મ નં.૬ કે ફોર્મ નં.૮ ભરીને મતાધિકાર મેળવી શકશે.

મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ અંતર્ગત ગુજરાતના તમામ ૧૮૨ વિધાનસભા મતવિસ્તારમાં ગણતરીના તબક્કાની ૧૦૦ ટકા કામગીરી પૂર્ણ થઈ ચુકી છે. આ તબક્કાના છેલ્લા દિવસોમાં વિધાનસભા બેઠક દીઠ દરેક મતદાન મથકના બૂથ લેવલ ઓફિસર દ્વારા સ્થાનિક આગેવાનો અને માન્ય રાજકીય પક્ષના બૂથ લેવલ એજન્ટ સાથે મિટિંગ કરીને તૈયાર કરાયેલી ગેરહાજર/સ્થળાંતરિત/મૃતક મતદારોની યાદી તૈયાર કરવામાં આવી છે. આ યાદી કલેક્ટર અને જિલ્લા ચૂંટણી અધિકારીઓ તથા મુખ્ય નિર્વાચન અધિકારીની વેબસાઈટ પર પણ પ્રદર્શિત કરવામાં આવી છે.

જે પણ મતદારોના નામ તેમના ભાગમાં, આ એએસડી યાદીમાં સામેલ હોય તેઓ તેમનું નામ હાલ જ્યાં રહેતા હોય તે વિધાનસભામાં દાખલ કરાવવા માટે ફોર્મ નં ૬ ભરીને તેમના ભાગના બીએલઓને આપી શકે છે. જે મતદારનું નામ ગેરહાજર/સ્થળાંતરિત મતદારોની યાદીમાં નથી પરંતુ તેઓનું તેમના જૂના સરનામેથી કાયમી સ્થળાંતરિત થયું હોય અથવા મતદારયાદીમાં નોંધાયેલી વિગતોમાં ફેરફાર કરાવવાનો હોય તેવા મતદારો ફોર્મ નં ૮ ભરીને તેમના વિસ્તારના બીએલઓને આપી શકે છે.





ખેડૂતો ને આ પ્રયોગમાં ૨૦/- રૂપિયાનું નુકશાન થશે તો ૧ કરોડ રૂપિયાનું ઈનામ જાહેર કરવામાં આવ્યું છે.

રાજકોટના ગૌભક્ત **ભરત પરસાણા** છેલ્લા ઘણા વર્ષોથી પોતાના બિઝનેસ છોડીને ગામડે ગામડે ખેડૂતોને ગૌ-ધન આધારિત ખેતીની યોગ્ય સમજણ આપીને ખેતીમાં કાયાપલટ કરાવી નાખી સામાન્ય રીતે ખેતીમાં કોઈપણ ઉત્પાદન લેવા માટે જમીનની અંદરના ભાગમાં ફળદ્રુપતા ખૂબ જરૂરીછે. પણ આપણે લોકો રાસાયણિક ખાતર અને પેસ્ટીસાઈડ દવા નાખીને ખેતીને એટલે કે ધરતીને બંજર બનાવી નાખી છે તો આવા સમયે ખેડૂત પુત્ર અને ગૌ-ભક્ત **ભરત પરસાણા** દ્વારા ગૌ-ધન આધારિત ખેતી ની પદ્ધતિ શીખવાડી અને અનેક ખેડૂતોને પ્રાકૃતિક ખેતી તરફ વાળ્યા છે જેનાથી ખેડૂતના ઉત્પાદનમાં ખૂબ સારો વધારો થયો છે. તેનાથી પર્યાવરણ સાથે સમગ્ર જીવ-જંતુ, પશુ-પક્ષી અને માનવ જાતના આરોગ્ય માં ખુબ ફાયદો થઈ રહ્યો છે. સાથે સાથે ખેડૂતો સાથે માનવ સમાજ અને દેશની આર્થિક સમૃદ્ધી માં વધારો થઈ રહ્યો છે.

- **દેશી ગાય નું દૂધ ૨૫૦ મિલી, ૨૫૦ મિલી ગૌમૂત્ર ની સાથે ૨૫૦ મિલી ગોબરનું પાણી અને ગોળ ૧૦૦ ગ્રામ અને સાથે બે મુઠી ગાયના છાણાંની રાખ મિશ્રણ કરીને ૧૫ લિટરના પંપમાં ફ્લાવરિંગ સમયે ૧૦ થી ૧૫ દિવસના અંતરે ૩ વાર છંટકાવ કરવાથી બહુ સારું પરિણામ મળે છે.**
- મગફળી અને ચણા જયારે ફ્લાવરિંગ અવસ્થામાં હોય ત્યારે પહેલો છંટકાવ ૩૫ દિવસે, બીજો ૪૫ દિવસે અને ત્રીજો ૫૫ દિવસે કરવો. • કપાસ ૪૫ દિવસનો થાય ત્યારે દર ૧૫ દિવસે છંટકાવ કરવો. • શાકભાજી માં દર ૧૫ દિવસે છંટકાવ કરવો. • આંબા, દાડમ, જામફળ, ચીકુ કે કોઈપણ ફૂલ-ઝાડમાં ફાલ બેસે ત્યારે દર ૧૫ દિવસે ત્રણ - ચાર વાર છંટકાવ કરવો.
- **જીવામૃત બનાવવાની રીત:** ૨૦૦ લિટરના બેરલમાં ૨૦ કિલો ગોબર, ૫ થી ૧૦ લીટર ગૌમૂત્ર, ૨ કિલો ગોળ, બે લિટર તાજી છાશ અને ૧ કિલો શેઢાપાળાની અથવા વડલા-પીપળા નીચેની માટી આ બધું મીક્સ કરી ૩ થી ૪ દિવસ રાખી દિવસમાં બે ટાઈમ હલાવવું. ત્યાર બાદ ડ્રીપમાં અથવા ધોરીયામાં પાણી દ્વારા આપી દેવું.
- **ઘનજીવામૃત બનાવવાની રીત:** ૧૦૦ કિલો ગોબર, ૫-૧૦ લીટર ગૌમૂત્ર, ૨ કિલો ગોળની રબડી, ૨ લિટર તાજી છાશ, ૧ કિલો શેઢાપાળાની માટી આ બધુ મિક્સ કરી છાયામાં સૂકવી દેવું, ત્યાર પછી સુકાય જાય એટલે વીઘે ૨ થી ૩ થેલી ચાસમાં નાખવું.
- ગાય આધારિત ખેતી શક્ય ન હોય તો એક વીઘે ૧ થેલી એરંડીનો ખોળ, ૧ થેલી લીંબોળીનો ખોળ, ૧ કિલો ચૂનો ચાસમાં નાખી ને પછી વાવેતર કરવું. લીંબોળીનો ખોળ, લીંબોળી કશ, એરંડીનો ખોળ, મરઘાની ચરક, મચ્છીનો ખોળ, કરંજનો ખોળ, મહુડાનો ખોળ, તમ્બાકુનો દર, કાજુના છીલકા. એક વીઘા જમીનમાં ચાસમાં નાખવું.
- **રોગ જીવાત માટે**
  ૧ કિલો ગાંગડા હિંગ ને ૫ લીટર પાણી માં ૨૪ કલાક પલાળી રાખવી આ મિશ્રણ માંથી ૧૦૦ મિલી પાણી, ૨૫૦ મિલી દૂધ, 100 ગ્રામ ગોળ સાથે નું મિશ્રણ ૧૫ લીટર ના પંપમાં નાખીને છાંટવું. જો ઈયળનો ઉપદ્રવ હોય તો 10,000 PPM નીમ તેલ 40 થી 60 મિલી 15 લીટર ના પંપમાં નાખીને (લીંબોળીનું તેલ) નો છંટકાવ કરવો.
- **CVR TECHNIQUE** પ્રાકૃતિક ખેતી માટે ખુબજ ઉપયોગી નીવડી છે.
- સામાન્ય રીતે ખેતરના શેઢા ઉપરથી અથવા ખેતરમાં ૨ ફુટ ઊંડેથી માટી ખોદીને તેમાંથી બે તગારા માટી (૧૦કિલો) લેવી. તેમાં ૫૦૦ મિલી. એરંડીયું મિશ્રણ કરી ૨૦૦ લીટરના પાણી ના બેરલ માં નાખી હલાવીને મિક્ષ કરવી આ મીશ્રણને ૨૪ કલાક પછી પાતળા કપડા કે ગરણા થી ગાળી તેમાં ૫૦૦મિલિ તાજી છાસ નાખી તે ૧૫ લી. ના પંપમાં નાખી કોઈપણ પાકમાં છંટકાવ કરવો. આ માટી તેલના હીસાબે પાંદડામા ચોટી જશે અને જીવાત તેને ખોરાક તરીક ઉપયોગ કરવા જતા માટી પચાવી ન શકે તેથી થીપ્સ અને ઈયળ સાફ થઈ જશે.
- **CVR TECHNIQUE** ના સંશોધક હૈદરાબાદના ચિંતાલા વેંકટ રેડ્ડી તેમને પદ્મશ્રી એવોર્ડ મળ્યો છે. અમેરિકાના ભૂતપૂર્વ પ્રેસિડેન્ટ બિલ ક્લિન્ટન અને ભૂતપૂર્વ પ્રેસિડેન્ટ જ્યોર્જ બુસ આ પ્રયોગને તેમના ફાર્મ પર ગયા હતા આ બાબતની મોટા ભાગની માહિતી તેમની Youtube ચેનલ પર ઉપલબ્ધ છે.
- **આંબામાં મધ્યા, કે જીવાત માટે અક્ષિર ઈલાજ**
  ૮૦ ગ્રામ રાયડો પાણીમાં પાલાળી બીજા દીવસે મીક્ષરમાં ક્રસ કરવા સાથે ૨૫૦ ગ્રામ ડુંગળી નાખી ને ક્રસ કરવું તેમાં ૨૫૦ મિલી ગૌમુત્ર, ૨૫૦ ગ્રામ ગોબરનું પાણી કરીને ૧૦૦ ગ્રામ ગોળ આ બધુ મિશ્રણ કરીને ૧૫ લિ ના પંપ માં નાખીને છટકાવ કરવો.
- **દૂધ- ગોળ કેસુડાના પ્રયોગથી ફ્લાવરીંગ ખરતા અટકાવવા ઉતમ**
  ૨૫૦ મિલી દૂધ, ૧૦૦ ગ્રામ ગોળ, કેસુડાના પાણી સાથે મીક્ષ કરી કોઈપણ પાક માં ફૂલ આવ્યા હોઈ તેના ઉપર છાંટવાથી ફૂલ ખરતા રોકવાનું કામ કરશે કારણકે કેસુડાં માં ઘણા બધા વિટામીન અને કેલ્શિયમ હોય છે.



ઉપયોગ કરીને પ્રમાણિત કરનાર
ગૌ ભક્ત - ભરત પરસાણા રાજકોટ, ગુજરાત
મો. ૯૭૨૬૩ ૯૯૬૯૯
ઈન્ડિયન કાઉન્સિલ ઓફ એગ્રીકલ્ચર રિસર્ચ (ICAR) કૃષિ જાગરણ મહિન્દ્રા ટ્રેક્ટર ભારત સરકાર દ્વારા સ્માર્ટ ફાર્મર સ્પીકર એવોર્ડ 2 ડિસેમ્બર 2024 ના રોજ એનાયત કરવામાં આવ્યો હતો.

